વિ. સંવત ૨૦૮૧, અષાઢ વદ - ૦૬

WEDNESDAY
16 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 224

CMD : Sanjay Shah


### નાસા અને સ્પેસએક્સનું સંયુક્ત મિશન એક્સિઓમ સફળ : શુભાંશુ શુક્લા સહિત તમામ અવકાશયાત્રીઓ ડ્રેગન કેપ્સ્યૂલમાંથી બહાર આવ્યા

# અવકાશમાંથી ભારતીય હીરો શુભાંશુ શુક્લાનું આગમન

### અવકાશયાત્રીઓ લગભગ ૨૩ કલાકની મુસાફરી પછી પૃથ્વી પર પહોંચ્યા : શુભાંશુ શુક્લાએ સ્પેસમાં ૨૦ અને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ૧૮ દિવસ વિતાવ્યા

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા, એક્સિઓમ-૪ મિશન હેઠળ અવકાશમાં ૧૮ દિવસ વિતાવ્યા બાદ, અન્ય ચાર અવકાશયાત્રીઓ સાથે આજે સફળતાપૂર્વક પૃથ્વી પર પાછા ફર્યા છે. નાસા અને સ્પેસએક્સના આ સંયુક્ત મિશનમાં ભારત, અમેરિકા, પોલેન્ડ અને હંગેરી એમ ચાર દેશોના અવકાશયાત્રીઓ સામેલ હતા. જેમાં કમાન્ડર પેગી વ્હિટસન (અમેરિકા), પોલેન્ડના સ્લેવોઝ ઉજનાન્સ્કી-વિસ્નીવસ્કી અને હંગેરીના ટિબોર કાપુનો સમાવેશ થાય છે.

શુભાંશુ શુક્લા અને તેમના સહ-અવકાશયાત્રીઓ ૨૫ જૂને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન ૯ રોકેટ પર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ) માટે રવાના થયા હતા. પૃથ્વી પરથી ૨૮ કલાકની મુસાફરી પછી તેઓ આઈએસએસ પહોંચ્યા અને ત્યાં ૧૮ દિવસ વિતાવ્યા હતા. ૧૪ જુલાઈના રોજ સાંજે ૪:૪૫ વાગ્યે તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી પૃથ્વી માટે રવાના થયા હતા, અને લગભગ ૨૩ કલાકની મુસાફરી બાદ, આજે એટલે કે ૧૫ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યે કેલિફોર્નિયાના દરિયાકાંઠે તેમનું ડ્રેગન અવકાશયાન સફળતાપૂર્વક સ્પ્લેશડાઉન થયું હતું.

શુભાંશુ ભારતીય વાયુસેનામાં સ્ક્વોડ્રન કમાન્ડર છે અને તેમને ૨૦૦૦ કલાકથી વધુ ઉડાનનો અનુભવ છે. તેમના આ મિશન પછી, ભારત ભવિષ્યમાં એક વાણિજ્યિક અવકાશ મથક સ્થાપિત કરી શકે છે, અને અવકાશમાં નવી તકનીકોનું પરીક્ષણ તથા વિકાસ પણ કરી શકાય છે. આ મિશન ૨૦૨૭ માં ભારતના માનવ અવકાશયાન લોન્ચ કરવામાં પણ મદદરૂપ થશે. શુભાંશુ શુક્લાનું આ મિશન ખૂબ જ ખાસ છે કારણ કે તેઓ ૧૯૮૪ પછી અવકાશમાં જનાર ભારતના બીજા અવકાશયાત્રી છે. ૪૧ વર્ષ પહેલાં, રાકેશ શર્માએ ૧૯૮૪ માં સોવિયેત યુનિયનના અવકાશયાનથી અવકાશમાં મુસાફરી કરી હતી. આ મિશનને સફળ બનાવવા માટે ૬૦ થી વધુ વૈજ્ઞાનિક અભ્યાસ અને ૨૦થી વધુ આઉટરીચ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. શુભાંશુએ તેમની અવકાશ યાત્રા દરમિયાન ૬૦ થી વધુ પ્રયોગોમાં ભાગ લીધો છે, જેમાં ભારતના ૭ પ્રયોગોનો સમાવેશ થાય છે. તેમણે અવકાશમાં મેથી અને મગના બીજ પણ ઉગાડ્યા છે, જેની તસવીરો તાજેતરમાં જાહેર કરવામાં આવી હતી.



## અવકાશ યાત્રા અને પરત ફરવાનો ઘટનાક્રમ

શુભાંશુ શુક્લા અને તેમના સાથી અવકાશયાત્રીઓ સોમવારે સાંજે લગભગ ૪.૪૫ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી અનડોક થયા હતા. ત્યારબાદ, ૨૨.૫ કલાકની લાંબી મુસાફરી પછી, તેમનું અવકાશયાન ૨૭,૦૦૦ કિમી/કલાકની ઝડપે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું, જ્યાં ઘર્ષણના કારણે તાપમાન ૧,૯૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. આજે બપોરે ૩ વાગ્યે, અવકાશયાનનું પ્રશાંત મહાસાગરમાં સફળ સ્પ્લેશડાઉન થતાં જ સમગ્ર દેશમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો.

### ગગનયાનની દિશામાં વધુ એક સીમાચિહ્ન : મોદી

શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની મુલાકાત લેનારા ભારતના પ્રથમ અવકાશયાત્રી બન્યા છે. આ સિદ્ધિ તેમના સમર્પણ, હિંમત અને અગ્રણી ભાવનાનું પ્રતીક છે અને તેણે લાખો ભારતીય સપનાઓને પ્રેરણા આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શુભાંશુ શુક્લાનું સ્વાગત કરતા કહ્યું કે, આપણા પોતાના માનવ અવકાશ ઉડાન મિશન ગગનયાનની દિશામાં આ વધુ એક સીમાચિહ્નરૂપ છે. વર્ષ ૨૦૨૭માં ઈસરો દ્વારા પ્રથમ માનવ મિશન ગગનયાન લોન્ચ કરવાની યોજના છે, અને શુભાંશુનું આ મિશન ઈસરો માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારતે આ મિશન પર શુભાંશુ શુક્લાને મોકલવા માટે રૂ. ૫૫૦ કરોડ ખર્ચ્યા છે.

### શુભાંશુનું સફળ લેન્ડિંગ થતાં માતા રડી પડ્યા



એક્સિઓમ-૪ મિશનના ડ્રેગન અવકાશયાનને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પરથી સફળતાપૂર્વક અનડોક કર્યા બાદ, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના માતા-પિતાએ સોમવારે જણાવ્યું હતું કે, તેઓ તેના સલામત ઉતરાણ માટે પ્રાર્થના કરી હતી. જે પ્રાર્થના સફળ રહી છે. શુભાંશુના પિતાએ જણાવ્યું હતું કે, અમને ખૂબ આનંદ છે કે અનડોકિંગ સુરક્ષિત રીતે થયું. ઉલ્લેખનીય છે કે, શુભાંશુના પૃથ્વી પર પરત આવતા જ તેની માતા અને પિતાની આંખોમાં હરખના આંસુ આવી ગયા હતા. શુભાંશુ શુક્લાના સુરક્ષિત ઉતરાણથી તેમના માતા-પિતા, શંભુ દયાળ શુક્લા અને આશા શુક્લા, અત્યંત ભાવુક અને ગર્વિત થયા હતા. શુભાંશુની બહેન શુચી મિશ્રાએ પણ આને સમગ્ર દેશ માટે ખૂબ ગર્વની ક્ષણ ગણાવી અને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો.

### અવકાશ યાત્રીઓને ૭ દિવસ આઈસોલેશન સેન્ટરમાં રહેશે

શુભાંશુ શુક્લા અને અન્ય ક્રૂ સભ્યોને પૃથ્વી પર સુરક્ષિત ઉતરાણ કર્યા પછી તાત્કાલિક ઘરે જવા દેવામાં આવશે નહીં. તેમને સાત દિવસ માટે નાસાના આઈસોલેશન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. અવકાશ યાત્રામાંથી પાછા ફર્યા પછી આઈસોલેશન જરૂરી છે, કારણ કે શૂન્ય ગુરુત્વાકર્ષણમાં ૧૮ દિવસ વિતાવ્યા પછી અવકાશયાત્રીઓના શરીરમાં ઘણા આંતરિક ફેરફારો થાય છે.

### આઈસોલેશન દરમિયાન શું ધ્યાને લેવામાં આવે છે?

- શારીરિક અનુકૂલન: પૃથ્વીના ગુરુત્વાકર્ષણ વાતાવરણમાં સમાયોજિત થવા માટે તેમને સમય લાગે છે. તેઓ શરૂઆતમાં પોતાના પગ પર ઊભા પણ રહી શકતા નથી અથવા ચાલવાનું ભૂલી જાય છે.
- રોગપ્રતિકારક શક્તિ: તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. સ્નાયુઓ નબળા પડે છે, હાડકાની ઘનતા ઓછી થાય છે, અને બ્લડ પ્રેશર તથા હૃદયના ધબકારા પણ પ્રભાવિત થાય છે.
- તબીબી દેખરેખ: આઈસોલેશન સેન્ટરમાં તબીબી, વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પરીક્ષણો કરવામાં આવે છે. અવકાશમાં રહેવાને કારણે તેમના શરીર પર શું અસર થઈ છે અને કોઈ અજાણ્યા બેક્ટેરિયા કે વાયરસના ચેપનું જોખમ છે કે કેમ તે પણ તપાસવામાં આવે છે.

### શુભાંશુનું મિશન ગગનયાન માટે ઉપયોગી નીવડશે

ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ તેમની ૧૮ દિવસની અવકાશ યાત્રા દરમિયાન ૭૬ લાખ માઈલનો પ્રવાસ કર્યો, આઈએસએસમાં ૪૩૩ કલાક વિતાવ્યા અને પૃથ્વીના ૨૮૮ ચક્કર લગાવ્યા. તેમણે એક્ઝીઓમ-૪ મિશન હેઠળ ભારતીય શૈક્ષણિક સંસ્થાઓના ૭ પ્રયોગો અને નાસાના ૫ પ્રયોગોમાં ભાગ લીધો. આમાં સૂક્ષ્મ શેવાળ પરના પ્રયોગોનો સમાવેશ થાય છે, જેના પરિણામો ભવિષ્યમાં મોટા અવકાશ મિશન માટે ખોરાક, ઓક્સિજન અને બાયોફ્યુઅલનો સ્રોત બની શકે છે. શુભાંશુ શુક્લાએ અવકાશમાં કરેલા પ્રયોગો ભારતના ગગનયાન મિશનમાં અત્યંત ઉપયોગી થશે, કારણ કે નાસાના ડ્રેગન અવકાશયાન ૫૮૦ પાઉન્ડથી વધુ વૈજ્ઞાનિક સાધનો અને પ્રયોગોનો ડેટા લઈને પરત ફર્યું છે.



### ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ અવકાશમાં અનેક પ્રયોગો કર્યા

ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ આઈએસએસ પર ૧૮ દિવસ દરમિયાન ૬૦ થી વધુ પ્રયોગો કર્યા હતા, જેમાંથી સાત પ્રયોગો ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) ના હતા. તેઓ ૨૬૩ કિલો વૈજ્ઞાનિક સાધનો સાથે પૃથ્વી પર પાછા ફર્યા છે, જે ભવિષ્યના અવકાશ કાર્યક્રમોને મોટી મદદ કરી શકે છે. તેમના પ્રયોગોમાં અવકાશમાં મેથી અને મગના બીજ ઉગાડવાનો પણ સમાવેશ થાય છે.

### અવકાશયાનને પાણીમાં જ કેમ ઉતારાય છે?



**અવકાશયાનને પાણીમાં ઉતારવાને 'સ્પ્લેશડાઉન' ટેકનોલોજી કહેવાય છે, જેને અવકાશ એજન્સીઓ સુરક્ષિત અને સરળ પદ્ધતિ માને છે.**

- કુદરતી ગાદી: પાણી કુદરતી ગાદી જેવું કામ કરે છે, જે જમીન કરતાં નરમ ઉતરાણ પૂરું પાડે છે અને અવકાશયાનને નુકસાન થતું અટકાવે છે.
- ઓછું જોખમ: જો ઉતરાણ નિર્ધારિત ક્ષેત્રથી થોડા કિલોમીટર દૂર થાય તો પણ સમુદ્રમાં કોઈ ખાસ ભય નથી, જ્યારે જમીન પર ઉતરાણ કરતી વખતે જોખમ વધુ રહે છે.
- સરળ ડિઝાઈન: ભારે અને જટિલ લેન્ડિંગ ગિયરની જરૂરિયાતને દૂર કરે છે, જેનાથી અવકાશયાન હળવું બને છે અને પુનઃપ્રવેશ દરમિયાન માળખાકીય નુકસાનની શક્યતા ઓછી થાય છે. તાજેતરમાં સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર જેવા અવકાશયાત્રીઓ પણ આ જ રીતે પૃથ્વી પર પાછા ફર્યા છે.
- રાત્રે સ્પ્લેશડાઉન શા માટે? જોકે સ્પ્લેશડાઉન ગમે ત્યારે થઈ શકે છે, તે મોટાભાગે રાત્રે થાય છે કારણ કે રાત્રે તાપમાન અને હવામાન પરિસ્થિતિઓ વધુ અનુકૂળ હોય છે.
- શાંત વાતાવરણ: રાત્રે વાતાવરણ પ્રમાણમાં શાંત હોય છે. સૂર્યપ્રકાશની ગેરહાજરીને કારણે, વાતાવરણીય અસ્થિરતા પણ ઓછી થાય છે, જેના કારણે અવકાશયાનનો ફરીથી પ્રવેશ વધુ નિયંત્રિત અને સલામત બને છે.
- સ્થિરતા: સમુદ્રની સપાટી પર પવન પણ ઓછા હોય છે, જેના કારણે સ્પ્લેશડાઉન વધુ સ્થિર અને સચોટ બને છે.

**ફ્રન્ટ પેજ સ્ટોરી**

### યુલિયા સ્વિરિડેન્કો યુક્રેનના નવા PM બન્યા

યુક્રેન : રશિયા સાથેના યુદ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ મહત્વનો નિર્ણય લીધો. ઝેલેન્સકીએ દેશના નવા વડા પ્રધાન તરીકે યુલિયા સ્વિરિડેન્કોની નિમણૂક કરી. અગાઉ યુલિયા સ્વિરિડેન્કો ડેપ્યુટી સીએમ હતા અને એક અર્થશાસ્ત્રી પણ છે. તેમની સફળ કામગીરીને લઈને ઝેલેન્સકીએ યુલિયાને દેશની કમાન સોંપવાનો નિર્ણય કર્યો. યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ અત્યારે વધુ ભયંકર બન્યું છે. રશિયા દ્વારા સતત ડ્રોન હુમલાના કારણે અત્યારે યુક્રેન બેકફૂટ પર છે. ત્યારે અમેરિકાનું સમર્થન મેળવવા યુક્રેન દ્વારા પ્રયાસ થઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ સહયોગ આપવાની વાત કરે છે પરંતુ વાસ્તવિક રીતે કોઈ નક્કર કામ થતું નથી. આવી સ્થિતિમાં યુક્રેનમાં સત્તામાં મોટો ઉલટફેર અનેક બાબતો સૂચવે છે. ઝેલેન્સકી દ્વારા યુલિયા સ્વિરીડેન્કોને યુક્રેનના રાષ્ટ્રપતિ બનાવી ડોનાલ્ડ ટ્રમ્પને સાધવાના પ્રયાસ કરવામાં આવ્યા હોવાનું રાજનીતિક વિશ્લેષકોનું અનુમાન છે.

### આધાર OTP વગર તત્કાલ ટિકિટ બુક નહીં થાય

નવીદિલ્હી : ભારતીય રેલવેના તત્કાલ ટિકિટ સાથે જોડાયેલ નિયમમાં એક મોટો ફેરફાર કરાયો છે. ૧ જુલાઈથી રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગના આધાર કાર્ડ ઓથેંટિકેશનને જરુરી કરાયું હતુ.હવે આઈઆરસીટીસીની વેબસાઈટ અને એપ દ્વારા તત્કાલ ટિકિટ બુકિંગ માટે આધાર ઓટીપી જરુરી થવા જઈ રહ્યું છે.

તત્કાલ ટિકિટ બુક કરવાનો સમય શરૂ થતાં જ બધી ટિકિટો વેચાઈ જતી હતી. આ ઘટના દલાલો અને નકલી એજન્ટો દ્વારા ખોટા માધ્યમથી ટિકિટ બુક કરાવવાને કારણે બની હતી. આ કારણે, સામાન્ય મુસાફરો માટે તત્કાલ ટિકિટ બુક કરાવવી લગભગ અશક્ય બની ગઈ હતી. આ સમસ્યાના ઉકેલ માટે નવા નિયમો લાવવામાં આવ્યા છે. ટિકિટ બુક કરાવતી વખતે આધારનો ઉપયોગ કરીને, ટિકિટ કોણ બુક કરાવી રહ્યું છે. તે જાણી શકાશે અને ટિકિટ ફક્ત તે વ્યક્તિને જ આપવામાં આવશે જેનો આધાર તેના આઈઆરસીટીસી એકાઉન્ટ સાથે લિંક થયેલ છે.

### એડમિશન કમિટી માને છેકે, નબળા વિદ્યાર્થી સારો ડોક્ટર ન બને

## ધો.૧૨ સાયન્સમાં નાપાસ બાદ પૂરકમાં પાસ વિદ્યાર્થીઓને મેડિકલમાં નો-એન્ટ્રી

### પૂરક પરીક્ષામાં પાસ થનારને પ્રવેશ રજિસ્ટ્રેશન ન કરવા સૂચના

સુરત, તા.૧૫

રાજ્યની મેડિકલ અને પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ માટેની સરકાર નિયુક્ત કમિટીએ એવો ફતવો જારી કર્યો છે કે ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓ કોઈપણ બોર્ડની ફેબ્રુઆરી-માર્ચમાં લેવાયેલી મુખ્ય પરીક્ષામાં નાપાસ થયા હોય અને એ પછી જૂનમાં લેવાયેલી પૂરક પરીક્ષામાં ભલે પાસ થઈ ગયા હોય પરંતુ, તેવા તમામ વિદ્યાર્થીઓને મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદિક કે હોમિયોપેથી, આ ચાર અભ્યાસક્રમો પૈકી ક્યાંય પણ પ્રવેશ નહીં મળે. આવા વિદ્યાર્થીઓને પ્રવેશનું રજિસ્ટ્રેશન પણ નહીં કરવા માટે સૂચના આપવામાં આવી છે. એડમિશન કમિટીનાં આ ફતવાથી પૂરક પરીક્ષામાં પાસ થયેલા અને નીટમાં સારો સ્કોર ધરાવતા અગર તો મેનેજમેન્ટ ક્વોટાની સીટ પર વધુ ફી ચૂકવીને તબીબ બનવા માંગતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ડઘાઈ ગયા છે.

રાજ્યમાં મેડિકલ-પેરામેડિકલમાં એડમિશનની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. એડમિશન કમિટીએ એવી સૂચના જાહેર કરી છે કે માર્ચ-૨૦૨૫માં લેવાયેલી ૧૨માં ધોરણની મુખ્ય પરીક્ષામાં નાપાસ થયેલા અને પછી જુન-જુલાઈ ૨૦૨૫માં લેવાયેલી પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ નિયમો અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે એમબીબીએસ, બીડીએસ, બીએએમએસ કે બીએચએમએસ કોર્સિસમાં પ્રવેશ માટે પાત્ર નથી. આવા વિદ્યાર્થીઓને જાણ કરવામાં આવે છે, કે તેઓ આ કોર્સિસમાં પ્રવેશ માટે પીન ખરીદવી નહીં અને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવું નહીં.

### નો બેકબેન્ચર : તમિલનાડુના વિદ્યાર્થીઓ હવે વર્ગમાં 'U'આકારમાં બેસશે

તમિલનાડુ ,તા.૧૫

તમિલનાડુની બધી સરકારી શાળાઓમાં પરંપરાગત બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી, વિદ્યાર્થીઓ બધા વર્ગોમાં એક બીજાની પાછળ એમ એક લાઈનમાં બેસતા હતા, પરંતુ હવે બેઠક વ્યવસ્થા બદલાઈ ગઈ છે. તમિલનાડુના વિદ્યાર્થીઓ હવે વર્ગમાં યુ આકારમાં એટલે કે તમિલમાં 'આકારમાં બેસશે. તમિલનાડુ સરકાર દ્વારા આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓ દરેક પ્રવૃત્તિમાં ભાગ લે, દરેક વિદ્યાર્થીને આગળની હરોળનો અનુભવ આપવાનો છે. હાલ આ વ્યવસ્થા પાયલટ ધોરણે લાગુ કરવામાં આવશે અને તેની સફળતાના આધારે તેનો વિસ્તાર કરવામાં આવશે. દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વર્ગના કદ પર આધારિત રહેશે.

### ઈન્દ્રુનાગમાં છ મહિનામાં બીજી વાર પેરાગ્લાઈડિંગ દુર્ઘટના

## હિમાચલમાં પેરાગ્લાઈડર ક્રેશ થતાં અમદાવાદના પર્યટકનું દર્દનાક મોત

### સતિષના પરિવારજનોને પોલીસ દ્વારા દુર્ઘટનાની જાણ કરાઇ

હિમાચલ પ્રદેશ,તા.૧૫

હિમાચલ પ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળ ધર્મશાલામાં સોમવારે સાંજે એક દર્દનાક દુર્ઘટના ઘટી હતી. પેરાગ્લાઈડર ક્રેશ થતાં ગુજરાતના અમદાવાદના ૨૫ વર્ષના પર્યટકનું મોત નીપજ્યું હતું. ધર્મશાલાના ઈન્દ્રુનાગ વિસ્તારમાં આ દુર્ઘટના ઘટી હતી. ઘટનાનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે.

કાંગરાના એએસપી હિતેશ લખનપાલે જણાવ્યું હતું કે, આ દુર્ઘટના ટેકઓફ દરમિયાન બની હતી, જ્યારે ગ્લાઈટર હવામાં ઉડી શક્યુ ન હતું. થોડી જ દૂર જતાં તે પર્યટકને લઈને જમીન પર પડ્યું હતું. પર્યટક સતિષ રાજેશભાઈ અને પાયલટ સુરજ ઘાયલ થયા હતાં.

સતિષને માથા, મોઢા અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજા થઈ હતી. તેને ધર્મશાલાના ઝોનલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર બાદ ટાંડા મેડિકલ કોલેજ રેફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યું હતું. જ્યારે પાયલટ સુરજની કાંગડાના બાલાજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સતિષના પરિવારજનોને દુર્ઘટનાની જાણ કરી દેવામાં આવી હોવાનું પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે. પોસ્ટમોર્ટમ બાદ શબ પરિવારજનોને સોંપવામાં આવશે.

ઈન્દ્રુનાગમાં છેલ્લા છ મહિનામાં બીજી વાર પેરાગ્લાઈડિંગ દુર્ઘટના બની છે. જાન્યુઆરીમાં પેરાગ્લાઈડર ક્રેશ થતાં ૧૯ વર્ષીય ભાવસાર ખુશીનું મોત થયુ હતું. તે પણ અમદાવાદની જ રહેવાસી હતી. ટેકઓફ વખતે ખુશીનું પેરાગ્લાઈડર ક્રેશ થયુ હતું.

## ફ્રેન્ચ રાષ્ટ્રપતિની પત્નીએ જેન્ડર બદલ્યા પછી લગ્ન કર્યાનો દાવો

પેરિસ, તા.૧૫

ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની પત્ની બ્રિજિટ મેક્રોને બે મહિલા યુટ્યૂબર્સ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ મહિલાઓએ એક સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે બ્રિજિટ મેક્રોન એક મહિલા નથી પણ એક પુરુષ છે. તેઓએ કહ્યું કે બ્રિજિટનું સાચું નામ જીન-મિશેલ ટ્રોગ્નેક્સ હતું. જોકે, આ નામ બ્રિજિટના ભાઈનું છે. જીન-મિશેલ અને બ્રિજિટ ખૂબ સમાન દેખાય છે. આ પછી, ફર્સ્ટ લેડીએ તેમની વિરુદ્ધ પેરિસની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૩માં બંને મહિલાઓને દોષિત ઠેરવી અને બ્રિજિટ મેક્રોનને વળતર તરીકે ૭ લાખ રૂપિયા અને તેના ભાઈને ૫ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો. જોકે, પેરિસની એક અપીલ કોર્ટે ૧૦ જુલાઈના રોજ આ નિર્ણયને ઉલટાવી દીધો હતો. આ પછી, બ્રિજિટ મેક્રોન અને તેના ભાઈએ હવે આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. આ કિસ્સો ડિસેમ્બર ૨૦૨૧નો છે, જ્યારે અમાન્ડાઈન રોય નામની એક મહિલા યુટ્યૂબરે પત્રકાર નતાશા રેનો ઈન્ટરવ્યૂ લીધો હતો. ૪ કલાકના આ ઈન્ટરવ્યૂમાં નતાશાએ દાવો કર્યો હતો કે બ્રિજિટ મેક્રોન એક પુરુષ છે. નતાશા રેએ એવો પણ દાવો કર્યો હતો કે તેણે આ માહિતી માટે ૩ વર્ષ સુધી સંશોધન કર્યું હતું.

### સેકન્ડરી ટેરિફ : રશિયા પાસેથી ઓઈલ ખરીદતા દેશો પર પ્રતિબંધ

## ટ્રમ્પની રશિયાને ધમકી : ૫૦ દિવસમાં સમજૂતી કરો, નહીંતર 100 % ટેરિફ

### પુતિને ઓબામા, બાઈડનને મૂર્ખ બનાવ્યા, મને નહીં બનાવી શકે : ટ્રમ્પ

વોશિંગ્ટન ડીસી, તા.૧૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે રશિયા પર યુક્રેન સાથેના યુદ્ધનો અંત લાવવા દબાણ કરવા માટે ભારે ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ટ્રમ્પે કહ્યું- હું ઘણી બાબતો માટે વેપારનો ઉપયોગ કરું છું, પરંતુ યુદ્ધ સમાપ્ત કરવા માટે આ ખૂબ જરૂરી છે. ટ્રમ્પે કહ્યું કે જો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૫૦ દિવસની અંદર યુક્રેન સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર નહીં કરે તો તેમના પર ૧૦૦ ટકા ટેરિફ લદાશે. આ 'સેકન્ડરી ટેરિફ' હશે, જેનો અર્થ એ છે કે રશિયા પાસેથી ઓઈલ ખરીદતા દેશો, જેમ કે ભારત અને ચીન પર પણ પ્રતિબંધ મૂકાશે.

ટ્રમ્પે વ્હાઈટ હાઉસના ઓવલ ઓફિસમાં નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટ સાથે મુલાકાત કરી હતી. દરમિયાન ટ્રમ્પે યુક્રેનને વધુ શસ્ત્રો આપવાની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે રશિયાના હુમલાઓથી બચવા માટે યુક્રેનને શસ્ત્રોની જરૂર છે. તેમની યોજના હેઠળ, યુરોપિયન દેશો અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદશે અને યુક્રેનને આપશે.

ઓવલ ઓફિસમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ટ્રમ્પે વારંવાર પુતિન પ્રત્યે પોતાની નિરાશા વ્યક્ત કરી. ટ્રમ્પે કહ્યું, 'મારી પુતિન સાથે હંમેશા સારી વાતચીત થાય છે. હું ઘરે જાઉં છું, ફર્સ્ટ લેડીને કહું છું કે મેં આજે પુતિન સાથે વાત કરી, અમારી ખૂબ સારી વાતચીત થઈ. ટ્રમ્પે વધુમાં કહ્યું, 'પુતિને ક્લિન્ટન, બુશ, ઓબામા, બાઈડનને મૂર્ખ બનાવ્યા. મને મૂર્ખ બનાવી શકશે નહીં.

### હૈદરાબાદના નામપલ્લીની ચોંકાવનારી ઘટના

## ઘરમાં ગયેલો બોલ લેવા જતાં બાળકોને માનવ કંકાલ મળ્યું

### ઘરમાં પડેલા ફોનમાં ૮૪ મિસ્ડ કોલ્સ હતા!

હૈદરાબાદ, તા.૧૫

હૈદરાબાદના નામપલ્લીમાં વર્ષોથી બંધ પડેલા એક ઘરનું તાળું ખોલવામાં આવતાં હોબાળો મચી ગયો હતો. આ ઘરમાંથી એક માનવ હાડપિંજર મળી આવ્યું હતું. પોલીસને આ હાડપિંજર પાસે એક નોકિયા મોબાઈલ ફોન પડેલો મળ્યો હતો, જેમાં ૨૦૧૫માં ૮૪ મિસ્ડ કોલ હતો!

આ મામલો હબીબનગર પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. પોલીસે જણાવ્યું કે સોમવાર, ૧૫ જુલાઈની સવારે નજીકમાં રમતા એક બાળકનો બોલ આ ઘરમાં ગયા હતો. જ્યારે બાળક બોલ શોધવા માટે ઘરમાં પ્રવેશ્યો, ત્યારે તેને તીવ્ર દુર્ગંધ આવી હતી. તેણે આસપાસના લોકોને આ અંગે જાણ કરી. ત્યારબાદ મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. હબીબનગર પોલીસ સ્ટેશનની ટીમ બપોરે ૧૨ વાગ્યે ઘરમાં પહોંચી. જ્યારે ઘરનો દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે બધા ચોંકી ગયા. પોલીસે જણાવ્યું કે હાડપિંજર એટલું જૂનું હતું કે તે ફક્ત એક સ્પર્શથી જ તૂટી રહ્યું હતું. દરમિયાન રેકોર્ડ કરાયેલ વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં ફ્રિજની સામે ફ્લોર પર એક હાડપિંજર પડેલું દેખાય છે.

વ્યાજખોર બેખૌફ: પોલીસ ફરી એક્શનમાં આવી, શહેરના મકરપુરા અને કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરો સામે ફરિયાદો નોંધાઈ

# વ્યાજખોરોથી બચાવવા વૃદ્ધ માતાએ પુત્રને ઘરમાં પૂરી દીધો

## શહેરમાં હજુ પણ બંધ બારણે કેટલાય વ્યાજખોરોનું નાના વેપારીઓ પાસેથી ધાકધમકીથી પૈસા પડાવવાનું બેરોકટોક નેટવર્ક

વડોદરા,તા.૧૫

શહેર પોલીસ છાશવારે વ્યાજખોરોનો આતંક ડામવા માટે લોક દરબારો યોજી રહી છે અને તેના કારણે થોડાક સમય અગાઉ વ્યાજખોરો સામે ઉપરાછાપરી ફરિયાદો પણ નોંધાઈ હતી પરંતું પોલીસના પ્રયાસો વચ્ચે કડવી વાસ્તવિકતા એ છે કે શહેરમાંથી વ્યાજખોરીનું દૂષણ હજુ સુધી દૂર થયું નથી, એટલું જ નહી હવે તો પરિસ્થિતી એ હદે બગડી છે કે વ્યાજે નાણાં લઈને ફસાયેલા ગરીબ અને લાચાર લોકોને વ્યાજખોરોના આંતકથી બચાવવા માટે તેઓના પરિવારજનો દ્વારા મકાનમાં પુરી રાખવાની ફરજ પડી રહ્યા હોવાના ચોંકાવનારા કિસ્સાઓ પણ હવે સપાટી પર આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે વેપાર ધંધામાં હરિફાઈનો સામનો કરી રહ્યા નાના નાના વેપારીઓ અને લારી ગલ્લાધારકોને જ્યાં સુધી તાત્કાલિક રોકડ નાણાંની જરૂર પડશે ત્યાં સુધી તેઓની ગરજનો ગેરલાભ ઉઠાવતા વ્યાજખોરો તેમનું લોહી ચુસતા જ રહેશે. શહેરમાં હજુ પણ બંધ બારણે હજીય કેટલાય વ્યાજખોરો નાના વેપારીઓ પાસેથી ધાકધમકીથી પૈસા પડાવવાનું નેટવર્ક ચલાવી રહ્યા છે જેનો પુરાવો તાજેતરમાં વ્યાજખોરો સામે નોંધાયેલી ફરિયાદોના પગલે સપાટી પર આવ્યો છે. શહેરમાં નોંધાયેલી બે ફરિયાદોમાં સૌથી ગંભીર બાબત એ છે કે એક કેસમાં માથાભારે વ્યાજખોરે વ્યાજે આપેલા માત્ર ૪૦ હજારની સામે ૧.૧૮ લાખ ચુકવી દીધા બાદ પણ વ્યાજખોરો વધુ નાણાં પડાવવા માટે સિક્યુરીટી પેટે લીધેલા ચેકમાં ૧.૯૫ લાખની રકમ ભરી તે ચેક બેંકમાં બાઉન્સ કરાવીને કોર્ટ ફરિયાદ કરી હતી જ્યારે આ જ રીતે વ્યાજખોરે ૧૮ લાખની સામે ૨૬.૫૩ લાખ પડાવ્યા બાદ ૮.૫૦ લાખનો ચેક રિર્ટન કરાવી વકીલ મારફત નોટીસ ફટકારી હતી.

### ડાલ્સન ફાઈનાન્સના મનોજ સજનાની સામે પોલીસ ફરિયાદ

શહેરના માણેજા વિસ્તારમાં આવેલી કૈલાશ ધામ સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા રાજેશ મગનભાઈ સોલંકીએ મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ ૨૦૧૯માં મને પૈસાની જરૂર પડી હતી. જેથી મેં મકરપુરા રોડ પર આવેલી રામબાગ સોસાયટીમાં રહેતા મનોજ સજનાનીનો સંપર્ક કર્યો હતો. તેઓ ડાલ્સન ફાઈનાન્સના નામથી ધીરધારનો ધંધો કરતા હતા. જે તે સમયે તેમણે મને ત્રણ મહિના માટે વ્યાજ કાપીને રૂપિયા ૩૯,૪૦૦ રોકડા આપ્યા હતા. વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૫ દરમિયાન મેં એમને વ્યાજ પેટે રૂપિયા ૧.૧૮ લાખ ચુકવી દીધા છે. તેમ છતાંય તેમણે મારી ઉપર ૧.૯૫ લાખની ચેક રિટર્નની ફરિયાદ કરી છે. મકરપુરા પોલીસે ઉપરોક્ત ફરિયાદને આધારે ડાલ્સન ફાઈનાન્સના માલિક મનોજ સજનાની સામે ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ અંતર્ગત ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### વ્યાજખોરોનો આતંકનો સૌથી વધુ ભોગ કોર્પો.ના સફાઈ સેવકો

વ્યાજખોરોના આતંકનો સૌથી વધુ ભોગ કોર્પોરેશનના સફાઈ સેવકો બની રહ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે પણ કોર્પોરેશનના સફાઈ સેવકોને વ્યાજે નાણા આપનારા લોકોની સંખ્યા પણ ખુબ મોટી છે. આવા જ એક વ્યાજખોરના ચુંગાલમાં ફસાઈ ગયેલા એક સફાઈ સેવકની હાલત એટલી કફોડી બની છે કે, એને વ્યાજખોરના માણસોથી બચાવવા માટે એની માતા એને ઘરમાં પુરી રાખે છે. વ્યાજખોર અને એના માણસો કોઈપણ સમયે એના ઘરે આવે છે અને એને ધાકધમકી આપીને માનસિક ત્રાસ આપે છે. એવી વ્યથા વ્યક્ત કરતો વૃધ્ધ માતાનો વીડિયો સોશ્યલ મિડિયામાં વાયરલ થતાં માંજલપુર પોલીસ એક્શનમાં આવી હતી અને વૃધ્ધ માતાને મળીને સમગ્ર વિગતો જાણ્યા બાદ માંજલપુર પોલીસે આજે તરસાલી સોમનાથનગરમાં રહેતા શારદાબેન કૃષ્ણકુમાર દાવા અને તેના પુત્ર નરેન્દ્ર વિરુધ્ધ ગુનો નોંધ્યો હતો.

### મહિને ૧૨ ટકા વ્યાજ લઈને પણ ચેક રિટર્નની નોટિસ ફટકારી

શહેરના ડભોઈ રોડ પર આવેલા જલારામ નગરમાં રહેતા પ્રકાશ ઈશ્વરભાઈ પરમારે કપૂરાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ ૨૦૨૨માં તેણે એક મિત્રના માધ્યમથી ચિરાગ ચંદ્રકાંત રાવલ (રહે. પીડબ્લ્યુડી કંપાઉન્ડ, ડભોઈ રોડ) પાસેથી રૂપિયા ૫૦,૦૦૦ મહિને ૧૨ ટકા વ્યાજે લીધા હતા. ત્યારપછી તેણે એક વર્ષ દરમિયાન ચિરાગ રાવલ પાસેથી બીજા ૧૮,૦૩,૭૦૦ રૂપિયા માસિક ૧૨ ટકાના વ્યાજે લીધા હતા. જેના વ્યાજ સાથે તેણે કુલ રૂપિયા ૨૬,૫૩,૨૯૩ ચુકવી દીધા હોવા છતાંય ચિરાગ રાવલે તેના ચેકમાં ૮.૫૦ લાખ રૂપિયાની રકમ ભરીને તેને રિટર્ન કરાવી દીધો હતો અને તેને વકીલ મારફતે નોટિસ આપી હતી. ઉપરોક્ત બનાવ અંગે કપૂરાઈ પોલીસે ચિરાગ ચંદ્રકાંત રાવલ સામે ગુનો દાખલ કરી તેની તપાસ શરૂ કરી છે.

શહેરના છેવાડે હાઈવે પર દેણા ચોકડી પાસે ગત રાત્રે ખાનગી કાર લઈન તોડ કરવા નીકળેલાં

# ટ્રાફિક ASI અને ખાનગી ચેનલના પત્રકાર સામે લૂંટનો ગુનો

## અછોડો લૂંટીને ભાગી રહેલો પત્રકાર અને ફરિયાદ નોંધાવવા આવેલા એએસઆઈની ધરપકડ કરાઈ

વડોદરા, તા. ૧૫

શહેરના છેવાડે હાઈવે પર દેણા ચોકડી પાસે ગત રાત્રે ખાનગી કાર લઈને મોડી રાત સુધી ખુલ્લા રહેતા લારી-ગલ્લાવાળા પાસે તોડ કરવા માટે નીકળેલા ટ્રાફિક પોલીસના એએસઆઈ અને ખાનગી ચેનલના પત્રકાર સામે ગલ્લા પર હાજર યુવકે અછોડાની લુંટ કરીને માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. ફરિયાદના પગલે હરણી પોલીસે ખાનગી ચેનલના પત્રકાર અને ફરિયાદ નોંધાવવા આવેલા ટ્રાફિક એએસઆઈની ધરપકડ કરી હતી.

શહેર નજીક કોટાલી ગામમાં રહેતાં અને ડ્રાઈવીંગનો વ્યવસાય કરતાં દિપક હેમંતભાઈ વાળંદે હરણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે હું ૧૪મી તારીખના રાત્રે મારી અલ્ટો કારમાં વિરોદથી મારી ઘરે પરત જતી વખતે આશરે સાડા અગિયારવાગે મે ગોલ્ડનચોકડીથી દેણા ચોકડી બ્રિજ ઉતરતાં પેટ્રોલપંપ પાસેના ગલ્લા પર પડીકી લેવા માટે કાર ઉભી રાખી હતી. આ વખતે ત્યાં આવેલી વેગનઆર કારનંબર જીજે-૦૯-ડીબી-૩૮૪૭ નંબરની કારમાંથી ઉતરેલા ખાનગી ચેનલના પત્રકાર કુલદિપસિંહ દિપસિંહ સોલંકીએ (મારુતીનંદન સોસાયટી, જીપીએસ સ્કુલની બાજુમાં આજવારોડ) ગલ્લાવાળા પુજાબેન પાસે પૈસાની માગણી કરી હતી અને ગલ્લાવાળા બેને પૈસા આપવાની ના પાડતા તેણે મોબાઈલમાં વીડિયો બનાવવાનું શરુ કર્યું હતું. મે તેને વીડિયો ઉતારવાની ના પાડતા તેણે હું મિડિયામાં છું તેમ કહી તેનું આઈકાર્ડ બતાવી તારાથી થાય તે કરી લેજે તેમ જણાવ્યું હતું જેથી મે તેને જણાવ્યું હતું કે હું પણ કોટાલી ગામનો જ છું.

કુલદિપે મને અપશબ્દો બોલતા જ કારમાં બેઠેલા વડોદરા શહેર ટ્રાફિક શાખાના એએસઆઈ વિજય માનસીંગભાઈ પરમાર (રાંધલધામ સોસાયટી, ન્યુ સમારોડ) મારી તરફ દોડી આવ્યા હતા અને બંનેએ મારી પર હુમલો કરી ઝપાઝપી કરી હતી. આ દરમિયાન કુલદીપે મારા ગળામાં પહેરેલો અછોડો ખેંચીને તોડી લઈ કારમાં બેસીને ભાગવાની કોશિષ કરતાં મે તેઓને રોકવા લાકડાનો ફટકો લઈ ગાડીના કાચ તોડી નાખ્યા હતા. કાર ચાલુ નહી થતાં વિજય પરમાર કાર છોડીને ગોલ્ડનચોકડી તરફ ભાગી ગયો હતો જ્યારે મારો અછોડો તોડીને ભાગી રહેલા કુલદિપને મે પકડીને મારા ભાઈ અને પોલીસને જાણ કરી હતી જેને પગલે હરણી પોલીસ અમને પોલીસ મથકમાં લાવી હતી.

આ ફરિયાદના પગલે પોલીસે ટ્રાફિક એસએસઆઈ વિજય પરમાર અને કુલદીપ સોલંકી સામે લુંટ અને હુમલાનો ગુનો નોંધી આ બંનેની ધરપકડ કરી હતી.

### ટ્રાફિક એએસઆઈને માર મારીને કારની તોડફોડ

આ બનાવની સામાપક્ષે ટ્રાફિક એએસઆઈ વિજયસિંહ પરમારે પણ કોટાલીમાં રહેતા દિપક વાળંદ સહિત ચાર સામે ફરિયાદ નોંધાવી હતી કે ગત રાત્રે હું મારા પિતાની કાર લઈને મારા મિડિયાકર્મી મિત્ર કુલદીપ સાથે અમારા કામઅર્થે ગોલ્ડનચોકડી પાસે જતા હતા તે સમયે દેણાચોકડી પાસે ગલ્લા પર કાર ઉભી રખાવીને કુલદીપ પડીકી લેવા માટે ગયો હતો. કુલદીપે ગલ્લા પર બેઠેલી વ્યકિતનો મોબાઈલ ઉતારવાના મુદ્દે તેઓની વચ્ચે બોલાચાલી થતાં હું પણ કારમાંથી ઉતરીને ત્યા જતાં ગલ્લા પર હાજર ઈસમોએ અમને અપશબ્દો કહ્યા હતાં. અમે અપશબ્દો બોલવાની ના પાડતા બંને ઈસમોએ ફોન કરીને તેઓના વધુ બે સાગરીતોને ગલ્લા પર બોલાવ્યા હતા. આ ચારેય વ્યકિતઓએ અમારી પર હુમલો કરીને લાકડીના ફટકા માર્યા હતા જેથી વધુ મારથી બચવા માટે હું ત્યાંથી ભાગી ગયો હતો જયારે ચારેય જણાએ મારી વેગનાર કારના ચારેય દરવાજાના કાચ તોડી નાખી નુકશાન પહોંચ્યું હતું જેથી હું પોલીસ મથકમાં ફરિયાદ કરવા માટે આવતાં કુલદીપ સાથે ઝઘડો કરનાર યુવકનું નામ દિપક વાળંદ હોવાની જાણ થઈ હતી. આ ફરિયાદના પગલે પોલીસે દિપક વાળંદ સહિત ચાર સામે હુમલો અને કારની તોડફોડ કરી નુકશાન કર્યાનો ગુનો નોંધી દિપક વાળંદની ધરપકડ કરી હતી.

રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ૬ની પાછળ મોડી રાત્રે

# ખુદાબક્ષ મુસાફરોને ધમકી આપીને કારસવાર ટોળકી લૂંટ કરી પલાયન

વડોદરા, તા. ૧૫

વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ-૬ની પાછળ મોડી રાત્રે વગર ટિકીટે શહેરમાં કામધંધાની શોધમાં આવેલા રાજસ્થાનના ત્રણ યુવકોને ધાકધમકી આપીને તેઓની પાસેથી ચાંદીનો અછોડો અને મોબાઈલ ફોન સહિતની મત્તાની લુંટ કરીને ફરાર થયેલી ઈકો કારસવાર ટોળકીને સયાજીગંજ પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડી લુંટનો તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

રાજસ્થાનના દૌસા જિલ્લાના વતની કમલસીંગ ભંવરસીંગ ચારણ ફેબ્રીકેશનનો વ્યવસાય કરે છે. છેલ્લા ત્રણ માસથી તે વાપીમાં કામ કરતા હતા અને કામ પુરુ થયા બાદ તે ગઈ કાલે કામધંધાની શોધમાં તેના બે અન્ય કારીગર સાથે વાપીથી જયપુર સુપરફાસ્ટ ટ્રેનમાં વગર ટિકીટે જનરલ ડબ્બામાં બેસીને રાત્રે એક વાગે વડોદરા ઉતર્યા હતા. રાત્રે દોઢેક વાગે તેઓ પ્લેટફોર્મ-૬ની પાછળ અંધારામાં લઘુશંકા કરવા માટે જતાં ગરનાળા તરફથી સફેદ રંગની ઈકો કારનો ચાલક તેઓની એકદમ નજીક કાર લઈ ગયો હતો અને ચાલુ ગાડીએ અંદર બેઠેલા સાગરીતે કાચની બોટલ રોડ પર ફેંકી કમલસીંગ અને તેના બે મિત્રોને ગભરાવ્યા હતા.

કાર ઉભી રહેતા તેમાંથી ત્રણ લુંટારાઓ ત્રણેય યુવકો પાસે ધસી ગયા હતા અન જે પૈકીના એક કમલસીંગના ગળામાં પહેરેલી પાંચ હજારની કિંમતના ચાર તોલાની ચાંદીની ચેન તોડી લીધી હતી અને તેના ખિસ્સામાંથી પાકીટ જેમાં ત્રણ હજાર રોકડા હતા તે અને ત્રણેય યુવકોના મોબાઈલ ફોન તેમજ તાનસેન બીડીનું પેકેટ સુધ્ધા લુંટીને ચારેય જણા કારમાં અરુણોદય સર્કલ તરફ ફરાર થયા હતા.

નાગરવાડામાં ફરી કોમીવૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ

# નાગરવાડાના વધુ એક દલિત યુવકને વિધર્મી ત્રિપુટીએ માર મારતા ઉશ્કેરાટ

## તને બહુ પોલીસ ફરિયાદ કરવાનો શોખ છે તેમ કહી હુમલો કરનારા સામે ફરિયાદ

વડોદરા, તા. ૧૫

નાગરવાડામાં નવીધરતી સ્થિત વાલ્મિકીવાસમાં રહેતાં ૪૩ વર્ષીય નરેશભાઈ ભોગીલાલ સોલંકીએ કારેલીબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે ' હું પરિવાર સાથે રહુ છું અને ડ્રાઈવીંગનો વ્યવસાય કરું છું. ગત ૧૩મી તારીખના બપોરે હું ઘરે જતી વખતે નાગરવાડા માળી મોહલ્લાની સામે શારદા મંદિર સ્કુલની પાછળ બરફ લેવા માટે ઉભો હતો તે સમયે નાગરવાડમાં રહેતા કાદર પઠાણ, જાવેદ અરબ અને અન્ય એક યુવક મારી તરફ ધસી આવ્યા હતા. આ ત્રણેયના હાથમાં લોખંડના સળિયા હતા અને તેઓએ તને બહુ પોલીસ ફરિયાદ કરવાનો શોખ છે તેમ કહી મને અપશબ્દો કહ્યા હતા. તેઓએ મારા માથામાં લોખંડનો સળિયો ફટકારવાનો પ્રયાસ કર્યો હતો પરંતું મે વચ્ચે હાથ લાવતા તેઓએ મને જમણા હાથે અને પેટના ભાગે સળિયા માર્યા હતા. આ હુમલાથી બચવા માટે હું ભાગીને પોલીસ સ્ટેશનમાં આવ્યો હતો અને મને હાથ અને શરીરે ઈજા હોઈ મને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે મોકલાયો હતો.

સારવાર પુરી થતાં હું ઘરે પરત ગયો હતો અને આ ત્રિપુટી મારી સાથે બોલાચાલી કરી ફરી ઝઘડો કરશે તેવી મને પાકી શંકા હોઈ હું આજે પોલીસ ફરિયાદ કરવા માટે આવ્યો છું. આ ફરિયાદના પગલે કારેલીબાગ પોલીસે ત્રણેય હુમલાખોરો સામે ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે થોડાક સમય અગાઉ જ નાગરવાડી વિસ્તારમાં ભાજપાના પુર્વ કોર્પોરેટરના યુવાન પુત્ર તપન પરમારની ગત નવેમ્બર માસમાં નાગરવાડાના કુખ્યાત બાબર પઠાણ સહિતની ટોળકીએ ક્રુર હત્યા કરી હતી જેને પગલે નાગરવાડા વિસ્તારમાં ભારે કોમી તંગદીલી છવાઈ હતી. હાલમાં પરિસ્થિતી થાળે પડી છે અને આગામી દિવસોમાં હિન્દુઓના તહેવારોનો પ્રારંભ થવાનો છે તે અગાઉ આ રીતે હુમલો કરી નાગરવાડામાં ફરી કોમી વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ કરનાર ત્રિપુટીની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

પાદરાની કંપનીઓ દ્વારા નિર્ણય લેવાયો


# ૫૩ કંપનીઓના ચાર હજાર જેટલા કામદારોને સમય અને શિફ્ટમાં રાહત

વડોદરા, તા. ૧૫

મુજપુર – ગંભીરા પૂલ તૂટી પડવાના કારણે કામદારોને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાને લઈ રાજ્ય સરકારના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને શ્રમ વિભાગ દ્વારા કરાયેલા ઈન્ટરવેન્શનને પગલે રોજગારદાતા કંપનીઓ દ્વારા રાહત કારક પગલાં લેવામાં આવી રહ્યા છે. કેટલીક કંપનીઓ દ્વારા પોતાની ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ શરૂ કરશે તો કેટલીક તેમના કામદારોના વાહન ભથ્થામાં વૃદ્ધિ કરવા સહમત થઈ છે. મહિ નદીના વડોદરા તરફના કિનારા બાજુએ પાદરા તાલુકામાં વિવિધ પ્રકારના ૫૩ જેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત છે. જેના દ્વારા મુખ્યત્વે રસાયણો, દવાઓ, મિકેનિકલ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ કંપનીઓમાં આણંદ તરફથી આવતા કામદારોની સંખ્યા ચાર હજાર જેટલી છે. પૂલ તૂટી પડવાની ઘટના બાદ કામદારોને પડી રહેલી પરિવહનની મુશ્કેલીઓને ધ્યાને લઈ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા શ્રમ ખાતા દ્વારા સંબંધિત કંપનીઓ સાથે ઈન્ટરવેન્શન કરવામાં આવ્યું હતું. જેના થકી કામદારો માટે રાહત રૂપ નિર્ણયો કંપનીઓ દ્વારા લેવામાં આવ્યા છે. ઘણી કંપનીઓ દ્વારા તેમના કોન્ટ્રાક્ટરોને ખાનગી વાહનોની વ્યવસ્થા કરવા માટેની સૂચના આપવામાં આવી છે. મહત્તમ કંપનીઓ દ્વારા તેમના કામદારો માટે પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી છે. રૂટ બદલાતા નોકરીના સમયમાં છૂટછાટ આપવામાં આવી છે. તદઉપરાંત કેટલીક કંપનીઓ દ્વારા તેમના કામદારો માટે હાજરીમાં પણ રાહત આપવામાં આવી છે. જેમ કે, માસના ૨૫ દિવસને બદલે ૨૨ દિવસ કરવામાં આવ્યા છે. વધુમાં કંપનીઓ દ્વારા આણંદ રૂટથી આવતા કામદારોને જનરલ શિફ્ટ આપવાનું નિયત કરવામાં આવ્યું છે.

રાજસ્થાનથી આવેલો દારૂ વડોદરા પાસે ઉતારવાનો હતો

# કપુરાઈ ચોકડી પાસે બંધ બોડીની ટ્રકમાંથી ૪૧ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



વડોદરા તા.૧૫

કપુરાઈ ચોકડી પાસે બંધ બોડીની ટ્રકમાંથી રૂ.૪૧ લાખનો વિદેશી દારુનો જથ્થો જિલ્લા એલસીબીએ પકડયો હતો,એક આરોપી સાથે કુલ રૂ.૫૦.૯૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.રાજસ્થાનથી આવેલો દારુવડોદરા પાસે ઉતારવાનો હતો એવું પોલીસ તપાસમાં સપાટી પર આવ્યું છે.

જિલ્લા એલસીબી પીઆઈ કે.આર.સિસોદીયાએ જણાવ્યું હતું કે પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા અર્થે તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો ઉપર વોચ રાખી અસરકારક કામગીરી કરી કેસો શોધી કાઢવા જરૂરી સુચના મળી હતી ત્યારે બાદ કે.આર.સિસોદીયા, પો. ઈન્સ. એલ.સી.બી. નાઓને ચોકકસ બાતમી હકિકત મળેલ કે, એક બંધબોડીની ટાટા ટ્રકમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરેલ છે અને ટ્રકના ડ્રાઈવરે ટ્રક કપુરાઈ ચોકડી નજીક આવેલ શ્રધ્ધા હોટલના પાસે આવેલા પાર્કીંગમાં ચા-નાસ્તો કરવા માટે ઉભી રાખેલી છે.બાતમીના પગલે એસ.જે.રાઠવા, પો.સ.ઈ. એલ.સી.બી. તથા ટીમના સભ્યોએ કપુરાઈ ચોકડી નજીક આવેલ શ્રધ્ધા હોટલના પાર્કીંગ ખાતે જઈ તપાસ કરતા પાર્કિંગમાં બાતમી હકિકત વાળી ટ્રક ઉભેલ મળી આવી હતી. જે ટ્રકમાં તપાસ કરતા એક શખ્સ હાજર મળી આવતા જેનું નામ ઠામ પુછતા મોહસીનખાન ઈલીયાસખાન પઠાન મેવાતી રહે. સાલાહેરી છોટા સાહેબ મહોલ્લા તા.જી.નુહુ હરીયાણા નું હોવાનું જણાવ્યું હતું. જેને બંધબોડી ટ્રકમાં ભરેલ માલ બાબતે પુછતા ગલ્લા-તલ્લા કરવા લાગેલ જેથી બંધબોડી ટ્રકના પાછળના ભાગે દરવાજે શીલ મારેલ હોય જે ખોલી અંદર તપાસ કરતા જુદા જુદા માર્કાની ભારતીય બનાવટનો વિદેશીદારૂની પેટીઓ મળી આવી હતી.

કયાંથી સોનું લાવ્યા, કોને આપવાનું હતું, બીજા કયા આરોપી છે તે અંગે તપાસ થશે

# દુબઈથી દાણચોરી કરીને લાવેલા રૂા.૧.૮૧ કરોડનું સોનુ અને ઈ સિગારેટ સાથે ૩ ઝડપાયા





વડોદરા તા.૧૫

વડોદરાના કલાલી-બીલરોડ પર આવેલ ઓરોવિલા-૨ ખાતે રહેતો અશોક રમણભાઈ પ્રજાપતિ અલગ-અલગ વ્યક્તિઓને દુબઈ મોકલી કસ્ટમ એક્સાઈઝની ડયૂટી ના ભરવી પડે તે માટે લગેજ બેગમાં ચોરીથી સોનું સંતાડી ભારતમાં ઘૂસાડી સોનાની હેરાફેરી કરાવે છે અને અશોકે મોકલેલા બે શખ્સો દુબઈથી સોનું લાવીને અમદાવાદ એરપોર્ટથી ખાનગી વાહનમાં બેસી અમદાવાદ-એક્સપ્રેસ હાઈવે પરથી આવીને સાવલી તરફના કટ પાસે ઉતરવાના છે જ્યાં અશોક બંનેને લેવા માટે આવવાનો છે તેવી માહિતી મળતા ખાનગી વાહન આવતા તેમાંથી બે શખ્સો ઉતર્યા હતા અને બાદમાં એક શખ્સ બાઈક લઈને આવી ઊભો રહેતા પોલીસે ત્રણેને ઘેરી લીધા હતાં. ત્રણેના નામ પૂછતા અશોક પ્રજાપતિ, વિપુલ પટેલ અને હરિશચન્દ્ર સોલંકી જાણવા મળ્યું હતું. વિપુલ અને હરિશચન્દ્ર પાસેથી બે ટ્રોલીબેગ અને બે બેગપેક મળ્યા હતાં.પોલીસે તેમની પાસેનો સામાન ચેક કરતાં બેગોમાંથી પ્રતિબંધિત ઈ સિગારેટ અને દારૂની બોટલો તેમજ કુલ છ કાળા રંગના પગમાં પહેરવાના મોજા મળ્યા હતાં. આ મોજામાં અંદરની સાઈડ સિલાઈ કરી સેલોપેટમાં સંતાડી રાખેલ વસ્તુઓ મળી હતી. સેલોટેપ કાઢીને જોતા પ્લાસ્ટિકની થેલીમાં રાખેલ પાવડર સ્વરૂપમાં પીળી ધાતું એટલે કે ગોલ્ડ પાવડર મળ્યો હતો. પોલીસે ૧ કિલો અને ૮૦૦ ગ્રામ રૂા.૧.૮૧ કરોડ કિંમતનું સોનું તેમજ રૂા.૧.૫૧ લાખ કિંમતની ઈ સિગારેટ અને દારૂની બોટલો કબજે કરી હતી. સોનાની દાણચોરીના આરોપીઓમાં - અશોક રમણભાઈ પ્રજાપતિ, વિપુલ દશરથભાઈ પટેલ,હરિશચન્દ્ર અરવિંદ સોલંકી (રહે.સરોજનગર, અલવાનાકા, માંજલપુર),ફરાર સુબુરઆલમ ગૌરઆલમ રાજપુત (રહે.રખિયાલ, અમદાવાદ)નો સમાવેશ થાય છે.

ગંભીરા બ્રિજની ઘટના બાદ ટ્રાફિક રણોલી બ્રિજ પણ ડાયવર્ટ કરાયો

# રણોલી રેલવે ઓવરબ્રિજ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

## પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી વૈકલ્પિક રૂટ જાહેર કરાયો

વડોદરા, તા.૧૫

ગંભીરા બ્રિજ પર તાજેતરમાં બનેલા અકસ્માત બાદ ટ્રાફિકને રણોલી બ્રિજ પર ડાયવર્ટ કરવામાં આવતા, રણોલી રેલવે ઓવરબ્રિજ પર વાહનોની વધુ પડતી અવર-જવરને કારણે નુકસાન થવાની અને જાનહાનિ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વડોદરા શહેરના પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા આજરોજ જાહેરનામું બહાર પાડીને રણોલી બ્રિજ પર તમામ પ્રકારના ભારદારી વાહનોની અવર-જવર પર પ્રતિબંધ જાહેર કરાયો છે. આ પ્રતિબંધ બ્રિજનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર તેમજ ગાંધીનગરના નાયબ કાર્યપાલક ઈજનેર, આલેખન અને સીએએસએડી કન્સલ્ટન્ટ દ્વારા રણોલી બ્રિજની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાનની સ્થિતિ જોતા બ્રિજ પર વધુ પડતા ટ્રાફિકને કારણે નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરાઈ હતી. જેના પગલે લોક હિત અને શહેરીજનોને અગવડતા ન પડે તે હેતુથી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે.નેશનલ હાઈવે નંબર ૪૮ પર રણોલી ચોકડીથી રણોલી બ્રિજ ઉપર થઈને પેટ્રોફિલ્સ ચોકડી, જીઆઈપીસીએલ કંપની, રિલાયન્સ કંપની, કરચીયા ગામ, નંદેસરી જીઆઈડીસી તરફ જતા ભારદારી વાહનો હવે નેશનલ હાઈવે તરફથી પદમલા બ્રિજ નીચેથી રણોલી રેલવે સ્ટેશન ફાટક થઈ, રણોલી બ્રિજ નીચે થઈને જે-તે તરફ અવર-જવર કરી શકશે.

### પ્રથમપુરાના પરેશ રબારીને સાવલી પોલીસે માર માર્યો હોવાનો આરોપ

વડોદરા તા.૧૫.

પ્રથમપુરા ગામે બે જુથો વચ્ચે મારામારી થતાં દોડધામ મચી ગઈ હતી,આ બનાવમાં પોલીસે દરમિયાનગીરી કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો હતો પણ બંને જુથો વચ્ચે સમાધાન થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ ન હતી.જેથી સાવલી પોલીસે અટકાયતી પગલાં લેવાનો નિર્ણય કર્યો હતો જે સંબંધમાં આજે સાવલી પોલીસ મથકમાં બંને જુથના શખ્સોને બોલાવવામાં આવ્યા હતા..પરેશ રબારીએ એવો આરોપ મુકયો હતો કે પોલીસે તેને માર માર્યો છે આ અંગે વીડીયો પણ વાયરલ થયો હતો.જો કે સાવલી પોલીસે જણાવ્યું હતું કે,અટકાયતી પગલાં વેળા સમય તો લાગેને એટલે તે કાર્યવાહીમાં દખલ દેવા લાગ્યો હતો એટલે તેને કડક શબ્દોમાં સમજાવ્યો હતો એટલે તે આરોપ મુકી રહ્યો છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57

All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.

For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

ગંભીરાની દુર્ઘટના સરકારની નજર સામે હોવાથી વડોદરા અને આણંદને જોડતો બ્રિજના નિર્માણમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ કર્યો

# ગોત્રી-સેવાસી-સિંઘરોટ રોડનું ૯૬% કામ પૂર્ણ

## ચોમાસામાં બ્રિજ પરના ૭.૪ કિલોમીટર પૈકી ૫.૯૫ કિલોમીટર રસ્તાને નુકસાન થતું હતું, નવી મજબૂતી અને ટકાઉપણું સુનિશ્ચિત કરશે

વડોદરા, તા.૧૫

વડોદરા અને આણંદ જિલ્લાને જોડતો, રાજ્ય ધોરીમાર્ગ કક્ષાનો અત્યંત મહત્વપૂર્ણ ગોત્રી-સેવાસી-સિંઘરોટ રોડ હવે મજબૂત અને આધુનિક બનવાના આરે છે. આ રોડ પર ૫.૯૫ કિલોમીટર લાંબા પટ્ટા પર આધુનિક વ્હાઈટ ટોપિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સી.સી. રોડ બનાવવાનું કામ ૯૬ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે, જે તેની મજબૂતી અને ટકાઉપણું સુનિશ્ચિત કરશે.



કુલ ૭.૪ કિલોમીટર લંબાઈના આ રસ્તા પૈકી ૫.૯૫ કિલોમીટર લંબાઈમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાને કારણે ડામર સપાટીને ખૂબ જ નુકસાન થતું હતું. ચોમાસામાં પાણી ભરાવાથી વારંવાર સપાટીને નુકસાન ન થાય અને રાહદારીઓને પડતી અગવડતા દૂર કરવા માટે સરકારે આ લંબાઈમાં વ્હાઈટ ટોપિંગ ટેકનોલોજીથી કોંક્રીટ રોડ બનાવવાનું નક્કી કર્યું હતું.

જે અંતર્ગત, ૧.૯૫ કિ.મી. માં ૧૪ મીટર અને ૪ કિ.મી. લંબાઈમાં ૧૦ મીટર પહોળાઈમાં વ્હાઈટ ટોપિંગની કામગીરી ચાલી રહી છે. હાલમાં ૯૬ ટકા કામગીરી પૂર્ણ થઈ ગયેલી છે અને બાકીની કામગીરી ૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થનાર છે.

વ્હાઈટ ટોપિંગ ટેકનોલોજીના ફાયદા: આ રોડ વ્હાઈટ ટોપિંગ બનવાના કારણે ચોમાસાની ઋતુ દરમિયાન લોકોને પસાર થવા માટે સરળતા રહેશે. વ્હાઈટ ટોપિંગ ટેકનોલોજી રસ્તાની સપાટીને વધુ ટકાઉ બનાવે છે, જેના પરિણામે લાંબા સમય સુધી તેની જાળવણીનો ખર્ચ ઓછો આવે છે અને વાહનચાલકોને સુગમ મુસાફરીનો અનુભવ મળશે.

આ માર્ગ વડોદરા અને આણંદ જિલ્લા વચ્ચેની કનેક્ટિવિટી સહિત આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે અને સ્થાનિક નાગરિકો માટે અવરજવરને વધુ સરળ બનાવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી બંને જિલ્લાના લોકો માટે પરિવહનનો સમય ઘટશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળશે.

ગંભીરા બ્રિજની ઘટના બાદ તંત્ર સફાળું જાગ્યું, કાર્યવાહી કરાઈ

## ધનતેજ-તુલસીપુરા-ચાંપાનેર રોડ ભારે વાહનો માટે બંધ

વડોદરા, તા.૧૫

વડોદરા જિલ્લાના પાદરાના મુજપુર બ્રિજ ધરાશાઈ થયા બાદ તંત્ર સફાળું જાગ્યું છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવલી તાલુકાના ધનતેજ-તુલસીપુરા-ચાંપાનેર રોડ પર ચેનેજ ૦/૮૦ થી ૧/૦૦ પરના બ્રિજના રિપેરિંગ કામને કારણે ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ આજથી એટલે કે ૧૫ જુલાઈ ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરાના બી. એસ. પટેલ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ નિર્ણય કાર્યપાલક ઈજનેર, પંચાયત (મા. મ) વિભાગ, સાવલી અને મામલતદારશ્રી, સાવલીના ૧૩ જુલાઈ ૨૦૨૫ ના બ્રિજ વેરિફિકેશન દરમિયાનના અહેવાલ અને અન્ય સંબંધિત પત્રોના આધારે લેવામાં આવ્યો છે. બ્રિજ સર્વે ટીમે ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. ભારે વાહનો માટે વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ્સ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં કંબોલા-નેવારીયા-પલાસા-રતનપુર-ધનતેજ રોડ તેમજ ચાંપાનેર-મોટી ભાડોલ-વસનપુરા-મેવલી-સાંઢાસાલ રોડનો સમાવેશ થાય છે. આ હુકમનો અમલ કરાવવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય) દ્વારા નિયત રૂટ પર જરૂરી પોલીસ ગાર્ડ મૂકી ટ્રાફિક ડાયવર્ઝન અંગે પ્રબંધ કરવાનો રહેશે.

**વહીવટી તંત્ર દ્વારા ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ડાયવર્ઝન જાહેર**

આ જાહેરનામાની જાહેરાત સંબંધિત સ્થળોએ નકલો ચોંટાડીને તેમજ સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રકાશિત કરીને કરવામાં આવશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી લઈને હેડ કોન્સ્ટેબલ સુધીના તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

વડોદરા શહેરમાં સરવેમાં મળેલા ખાડાઓ પૈકી ૯૯ ટકા ખાડાઓ પૂરાયા

## પાલિકાનો દાવો, ચારેય ઝોન મળીને હવે માત્ર ૩૨ ખાડાઓ પૂરવાના બાકી

### આ વર્ષે ચોમાસા દરમિયાન પડેલા ખાડાને પૂરવાની સઘન કામગીરી

વડોદરા, તા. ૧૫

વડોદરા શહેરમાં વાહન વ્યવહારને વધુ સુદ્રઢ બનાવવાના અભિગમ સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં ખાડાઓ પૂરીને માર્ગોને દુરસ્ત કરવાની કામગીરી ચાલી રહી છે. યુદ્ધના ધોરણે ચાલતી કામગીરીના કારણે વડોદરા શહેરમાં હવે માત્ર ૩૨ ખાડાઓનું રિપેરીંગ બાકી છે, જે કામગીરી ત્વરિત કરવામાં આવશે.

આ વર્ષે ચોમાસું શરૂ થવાની સાથે જ વડોદરા મહાનગરપાલિકા દ્વારા ચારેય ઝોનમાં તમામ વોર્ડ વાર અને સ્થળ પ્રમાણે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ



કામગીરી સતત ચાલુ રહે છે, જેથી વાહનચાલકો અને રાહદારીઓને સુગમ માર્ગ માળખાકીય સુવિધા મળે. સર્વે દરમિયાન મળેલા ખાડાઓ પૈકી ૯૯ ટકા ખાડાઓને પૂરી દેવામાં આવ્યા છે. વડોદરા શહેરમાં વિવિધ રસ્તાઓ અને સ્થળો પર પડેલા ખાડાઓ માટે હોટ મિક્સ, વેટ મિક્સ અને કોલ્ડ મિક્સ ડામરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ બંને સામગ્રી ખાસ કરીને ખાડાઓ ભરવા માટે કે તાત્કાલિક સમારકામ માટે ઉપયોગી છે.ચોમાસા દરમિયાન ભારે/અતિભારે વરસાદ, ભારે વાહનોની અવરજવર, રોડનો સતત ઉપયોગ જેવા અનેક પરિબળોના કારણે માર્ગો ક્ષતિગ્રસ્ત થાય છે, જેના કારણે માર્ગ દુરસ્તીકરણની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા વોર્ડ વાર વિવિધ ટીમો ખાડાઓના સર્વેની કામગીરી પણ નિરંતર ચાલતી રહે છે, જેથી વડોદરાના શહેરીજનોને સુરક્ષિત અને આરામદાયક મુસાફરી સાથે અનેક રીતે સુખાકારી અને સગવડ મળે.

## આજથી પશ્ચિમ ઝોનમાં વેરાના બીલો આપવાની શરૂઆત

વડોદરા, તા. ૧૫

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હવે વેરા વસુલાત માટેના બીલો આપવાની શરૂઆત કરી દેવામાં આવશે. એડવાન્સ વેરાની સ્કીમ ગત મહિને પૂર્ણ થયા બાદ હવે વિવિધ ઝોનમાં વેરા બીલો આપવાની શરૂઆત કરી દેવામાં આવશે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ ના મિલકત વેરાના બિલો આપવાની શરૂઆત તા.૧૬ જુલાઈથી કરવામાં આવશે. બિલો આપવાની શરૂઆત કરતાં પહેલાં પશ્ચિમ, ઉત્તર, પૂર્વ ઝોનના આકારણી રજીસ્ટર પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે. દક્ષિણના આકારણી રજીસ્ટર તા.૧૭ જુલાઈ પ્રસિદ્ધ કરાશે. રજીસ્ટર પ્રસિદ્ધ થાય એટલે ૧૫ દિવસમાં કોઈને પોતાના બિલ સંદર્ભે વાંધો હોય તો તે કોર્પોરેશનમાં લેખિતમાં રજૂ કરી શકે છે. તારીખ ૧૬ થી પશ્ચિમ ઝોનના મિલકત વેરાના બિલ અપાશે.

## કોર્પોરેશન દ્વારા ગણેશજીની ખંડિત મૂર્તિઓને કચરાપેટીમાં નખાતા આક્રોશ




વડોદરા શહેરમાં કેટલાક મૂર્તિકારો દ્વારા ગણેશજીની ખંડિત મૂર્તિઓ લાવવામાં આવી હતી જેને ઓપ આપતા પહેલા આ મૂર્તિઓને કચરાપેટીમાં નાખી દેવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સામાજિક કાર્યકરે આવા એક ડંપરને ઝડપી પાડ્યું હતું. તેઓએ પાલિકા સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ ઘટનાથી લોકોની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચી છે. આ મૂર્તિઓનો નિકાલ કેવી રીતે કરવો તે ન સમજ પડતી હોય તો અમને પૂછો. આગામી સમયમાં ગણેશ મહોત્સવ શરુ થશે. આ મહોત્સવ પૂર્વે કેટલાક મૂર્તિકારો દ્વારા ખંડિત થયેલી ગણેશજીની મૂર્તિઓ જ્યાં ને ત્યાં મૂકી દેવામાં આવી હતી. આ મૂર્તિઓનો નિકાલ કરવા માટે કોર્પોરેશન દ્વારા ૩ જેટલા ડંપર ભરીને મૂર્તીઓનો નિકાલ કચરાપેટીમાં કરવામાં આવતો હોવાની જાણ સામાજિક કાર્યકરને થતા તેઓ સ્થળ ઉપર પહોંચી ગયા હતા જો કે ૩ પૈકી બે ડંપર ત્યાંથી નાસી છૂટ્યા હતા. જ્યારે એક ડંપરનો ચાલક પકડાઈ ગયો હતો જેની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે કોર્પોરેશન દ્વારા અહીં ઠાલવવા માટે જાણ કરવામાં આવી છે.આ અંગે સામાજિક કાર્યકરે જણાવ્યું હતું કે, જો કોર્પોરેશનને ખબર ન પડતી હોય તો અમારી સલાહ લે. આવી ઘટનાઓથી અમારી આસ્થાને ઠેસ પહોંચી છે. ગણેશજીની મૂર્તિઓનું યોગ્ય રીતે વિસર્જન થવું જોઈએ. આ રીતે કચરામાં નાખી દેવી એ યોગ્ય નથી.

હૈદરાબાદ ક્રિકેટ સંઘના હોદ્દેદારોની ધરપકડ બાદ

## બીસીએમાં હોદો મેળવવા માટેના દાવેદારોમાં ગભરાટ

વડોદરા,તા.૧૫

નકલી દસ્તાવેજોના કેસમાં હૈદરાબાદ ક્રિકેટ એસોસીયેશનના પ્રમુખ અને સીઈઓ સહિતના અધિકારીઓની ધરપકડ થતાં બીસીએમાં આગામી હોદેદારોની ચૂંટણીના દાવેદારોમાં ઘટાડો થઇ ગયો હોવાનું જાણવા મળે છે,હૈદરાબાદની ઘટના બાદ કેટલાક તો હવે પ્રમુખ બનવા પણ તૈયાર નથી એવું સપાટી પર આવ્યું છે.

બીસીએના સૂત્રોએ જણાવ્યું હતું કે,હૈદરાબાદ ક્રિકેટ એસોસીયેશનના હોદેદારોનો બનાવ નજર સામે હોવાથી બીસીએમાં હોદો મેળવવા માંગતા દાવેદારોમાં ગભરાટ વ્યાપ્યો છે.જો કે હેવીવેઈટ દાવેદારોમાં કોઇ ગભરાટ નથી એમ જાણવા મળે છે.

હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ એ જગન મોહન રાવ અને પાંચ અન્ય અધિકારીઓની તેલંગાણા પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી. હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જગન મોહન રાવની દ્વારા નકલી દસ્તાવેજોના કેસમાં ધરપકડ કરાઈ હતી. એવું બહાર આવ્યું કે તેમની અને અન્ય બે લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે, ગોલીપુરા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખના નકલી સહી અને દસ્તાવેજો દ્વારા નકલી દસ્તાવેજો બનાવવાના કેસમાં કરાઈ હતી. અગાઉ એવું કહેવામાં આવ્યું હતું કે IPL ૨૦૨૫ દરમિયાન સનરાઈઝર્સ હૈદરાબાદ ફ્રેન્ચાઈઝી દ્વારા લગાવવામાં આવેલા આરોપોના સંદર્ભમાં પૂછપરછ માટે આ લોકોની ધરપકડ કરાઈ હતી. પરંતુ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે પોલીસે નકલી દસ્તાવેજો અને સહીઓના કેસમાં આ કાર્યવાહી કરી હતી. અધિકારીઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલી તપાસ અને પુરાવાઓના આધારે, એવું બહાર આવ્યું છે.

સયાજી હોસ્પિટલમાં રાજ્યના આરોગ્ય સચિવની મુલાકાત બાદ

## સયાજી હોસ્પિટલમાં ઈમર્જન્સી દર્દીઓ માટે નવા ટ્રાન્ઝિસ્ટ વોર્ડની તૈયારીઓ શરૂ

વડોદરા, તા. ૧૫

મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી સયાજી હોસ્પિટલમાં તાજેતરમાં જ આરોગ્ય સચિવ એ એસએસજી હોસ્પિટલના ડેવલોપમેન્ટ અંગેની મુલાકાત લીધા બાદ તેમની સૂચનાને આધારે સયાજી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર વિભાગના એનસીઓટી જેવો જ નવા ટ્રાન્ઝિસ્ટ વોર્ડ ની સૂચનાથી સયાજી હોસ્પિટલના વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા તાત્કાલિક સારવાર વિભાગની બાજુમાં આવેલ ફિઝિયોથેરાપી ની બિલ્ડિંગ ના ફર્સ્ટ ફ્લોર ઉપર નવીન ટ્રાન્ઝિસ્ટર વોર્ડ ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વોર્ડ ૭૦ દર્દીઓની કેપેસિટી વાળો બનશે. તેવી જાણકારી આર એમ ઓ દ્વારા જાણવા મળ્યું છે.

સયાજી હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં આવેલા એનસીઓટી માં ઘણી વખત માસ કેઝ્યુલીટી સમયે દર્દીઓને સારવાર તેમજ એક્સરે તથા રિપોર્ટને લઈને દર્દીની સારવારમાં અગવડતા ઊભી થતી હતી. જે અગવડતાને ધ્યાનમાં રાખી સયાજી હોસ્પિટલના વહીવટી તંત્રના તબિબ અધિકારીઓ દ્વારા દર્દીઓ તેમજ તબીબોને સારવારની તકલીફના નિવારણ ની સાથે યોગ્ય સુવિધા મળી રહે તે માટે તાત્કાલિક સારવાર વિભાગની બાજુમાં આવેલા ફિઝિયોથેરાપીને બિલ્ડીંગના પ્રથમ માળે નવા ટ્રાન્ઝિસ્ટ વોર્ડ બનાવવામાં આવી રહ્યો છે. અને જેની તૈયારીઓ પણ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે કારીગરો વોર્ડ ની કામગીરી કરતા નજરે જોવા મળ્યા હતા. ટૂંક સમયમાં આ વોર્ડ તૈયાર કરી દેવામાં આવશે.જેથી ઈમર્જન્સીમાં આવતાં દર્દીઓને તેની સુવિધા મળતી થઈ જશે તેમ હોસ્પિટલના આર એમ ઓ ડોક્ટર હિતેન્દ્ર ચૌહાણ એ જણાવ્યું હતું. આ વોર્ડમાં એવા દર્દીઓને શિફ્ટ કરવામાં આવશે કે જેઓને ત્રણ-ચાર કલાકની ટ્રીટમેન્ટ તેમજ દર્દીને જ્યાં સુધી તેમના સારવારની જરૂરી વોર્ડમાં શિફ્ટ કરવામાં ન આવે ત્યાં સુધી તેઓને નવા ટ્રાન્ઝિસ્ટ વોર્ડમાં રાખવામાં આવશે. જેથી એનસીઓટી માં દર્દીઓને તેમનાં એક્સરે રિપોર્ટ કે બ્લડ સહિતના અન્ય રિપોર્ટની રાહ જોવા માટે એનસીઓટી માં ત્રણ ચાર કલાક રહેવું પડતું હતું તેમાંથી દર્દીઓને છુટકારો મળશે. અલબત્ત આ વોર્ડ શરૂ કરવાથી ઈમર્જન્સી એન સી ઓ ટી માં દર્દીઓનો ભરાવો થશે નહીં અને તબીબો પણ યોગ્ય મોકળાશ થી સાથે દર્દીની સારવાર કરી શકશે.

## MSUની ગર્લ્સ હોસ્ટેલમાં મધરાતે શોર્ટ સર્કિટથી આગ

વડોદરા, તા.૧૫


વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં તાજેતરના ફૂડ પોઈઝનિંગના બનાવ બાદ ફરી એકવાર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ગઈકાલે સોમવારે તા. ૧૪ જુલાઈને મધરાતે ગર્લ્સ હોસ્ટેલમાં કસ્તુરબા ગાંધીહોલમાં આગનું છમકલું થયું હતું. હોસ્ટેલના એક રૂમમાં ઈલેક્ટ્રિક કિટલીમાં શોર્ટ સર્કિટ થતા રૂમમાં ધુમાડા છવાયા હતા અને તેને પગલે વિદ્યાર્થીનીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરાવતા દાંડિયા બજારની ટીમ દોડી ગઈ હતી અને ગણતરીની મિનિટોમાં જ સ્થિતિ કાબુમાં લઈ લીધી હતી. જેને કારણે વધુ નુકસાન થતું અટક્યું હતું. ઉલ્લેખનીય છે કે, પાંચ દિવસ પહેલા જ એચડી હોલ ખાતે ફૂડ પોઈઝનિંગનો બનાવ બન્યો હતો, ત્યારે આ શોર્ટ સર્કિટની ઘટનાએ હોસ્ટેલની સલામતી વ્યવસ્થા પર ફરી સવાલો ઊભા કર્યા છે.

વરસાદી અને ગરમીની ડબલ ઋતુનો માહોલ

## ડેન્ગ્યૂ, શરદી-ખાંસી અને તાવના દર્દીઓથી હોસ્પિટલ ઉભરાઈ

વડોદરા, તા. ૧૫

વડોદરા શહેર જિલ્લા હાલ ચોમાસુ અને ગરમી ડબલ ઋતુનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે ઠેરે ઠેર ભરાઈ રહેલા વરસાદી પાણીના લઈને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે જેના કારણે ડેન્ગ્યુ ના રોગચાળાને સાથે શરદી ખાંસી તાવ જેવા વાઈરલ ઈન્ફેક્શ ને માથું પૂછ્યું છે જેના કારણે ખાનગી તેમજ સરકારી દવાખાનાઓ વાયરલ ઈન્ફેક્શનના તથા શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો દર્દીઓ ધરાવતા દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. વડોદરા શહેરની કારેલીબાગ ખાતે આવેલ આઈડી હોસ્પિટલ તથા સયાજી હોસ્પિટલમાં રોજની એક અંદાજ મુજબ ૨૫૦ થી ૩૦૦ દર્દીઓની ઓપીડી થતી હોવાનું તબીબ દ્વારા જાણવા મળ્યું છે જે સામાન્ય દિવસો કરતા ૩૦ ટકા જેટલો દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. હાલના



તબક્કે સયાજી હોસ્પિટલમાં પાંચથી વધુ ડેન્ગ્યુના દર્દીઓ ને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે આઈડી હોસ્પિટલમાં એક અંદાજ મુજબ વાઈરલ ઈન્ફેક્શનના ૩૫ થી ૪૦ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે. અલબત્ત હાલની વરસાદી અને ગરમીના માહોલ વચ્ચે ડેન્ગ્યુ અને શરદી ખાંસી તાવ જેવા વાયરલ ઈન્ફેક્શનના વધી રહેલા દર્દીઓને કારણે અન્ય નગરજનોમાં રોગચાળાની દહેશત વ્યાપી છે.

## પાવાગઢ જૈન તીર્થ ખાતે આત્મવિકાસ બાલ યુવા શિબિરનો પ્રારંભ

વડોદરા, તા. ૧૫

પાવાગઢ આદ્યશક્તિ પીઠ મહાકાલી માતાજી તથા જૈન શ્વેતાંબર તીર્થ શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજના આંગણે પાંચ રવિવારીય વિકાસ સંસ્કાર શિબિર નું ભવ્ય આયોજન માર્ગદર્શક મુનીશ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજ ની નિશ્રામાં કરવામાં આવ્યું. આજ ના કાર્યક્રમ માં સાહિત્યવિદ લેખક વક્તા ડંકેશ ઓઝાના તથા શિક્ષણ અધિકારી રાજેશભાઈ આચાર્યના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ બાળકો ની શિબિર નો પ્રારંભ થયો હતો. શરૂઆતમાં ગુરુ વંદના તથા માંગલિક ફરમાવ્યું હતું. જૈન મુનિરાજ પ્રિયંકર સાગરજી એ બાળ યુવા શક્તિની ચેતના તથા જાગૃતિ માટે આત્મવિશ્વાસ કેળવવા પર ભાર મૂક્યો હતો. ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી લાગી રહો એ સ્વામી વિવેકાનંદના વિચારોને રજૂ કરવામાં આવ્યા હતા.


ઉત્સવ નગરીમાં વડોદરામાં ગણેશ ઉત્સવની તૈયારીઓ શરૂ

## પરિશ્રમ સખી મંડળ દ્વારા શુદ્ધ માટી અને ઓર્ગેનિક ખાતરના મિશ્રણથી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર

### ૧૫૦ મૂર્તિઓ પુણે ખાતે મોકલાવાશે : મંડળ સંચાલિકા

વડોદરા, તા. ૧૫

દિન દયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ ઘટક અન્વયે સરહદ નગર તરસાલી વિસ્તારમાં પરિશ્રમ સખીમંડળ ની રચના કરવામાં આવેલ છે. જેમાં ૧૦ બહેનો જોડાઈ છે. આ બહેનો દ્વારા છેલ્લા ચાર વર્ષથી શુદ્ધ માટી અને ઓર્ગેનિક ખાતર માંથી શ્રીજી ની મૂર્તિ બનાવીને વેચાણ કરી સખી મંડળને આર્થિક મદદરૂપ થઈ રહ્યા છે. આ મંડળ દ્વારા વર્ષ ૨૦૨૨ થી શ્રીજીની પ્રતિમા બનાવવાનો પ્રારંભ કર્યો હતો પ્રથમ વર્ષે અંદાજે આઠથી દસ હજારનો આર્થિક ફાયદો થયો હતો જે નફો મંડળમાં જમા



કરાવવામાં આવ્યો હતો આ વર્ષે પણ આ સખી મંડળને ૨૫૦ જેટલી શ્રીજીની પ્રતિમાને બનાવવાનો ઓર્ડર મળી ચૂક્યો છે જેમાંથી ૧૫૦ જેટલી શ્રીજીની પ્રતિમાને પુણે ખાતે મોકલવામાં આવનાર હોવાનું સખી મંડળના સંચાલિકાએ વાતચીતમાં જણાવ્યું હતું. મંડળના સંચાલિકા બહેનના અનુસાર આ મંડળમાં અલગ અલગ ચાર સખી મંડળો કાર્યરત છે જેમાં ચારેય સખી મંડળ અલગ અલગ પ્રવૃત્તિ કરીને મંડળને આર્થિક સહાયરૂપ થાય છે જેમાંનું એક મંડળ વેસ્ટમાંથી બેસ્ટ લીલો કચરો એકત્રિત કરીને ખાતર બનાવે છે જેમાં ગયા વર્ષે ૪,૮૦૦ કિલો કચરો એકત્રિત કરીને ઓર્ગેનિક ખાતર બનાવ્યું હતું જે ખાતર શ્રીજીની મૂર્તિમાં બનાવવામાં વાપરવામાં આવી રહ્યું છે. અલબત્ત આ મંડળ દ્વારા શ્રીજીની સાત્વિક અને ૬ થી ૧૨ ઈંચ સુધીની જ શ્રીજી ની મૂર્તિ બનાવીને વેચાણ કરે છે

## વડોદરાના ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતે મુખ્યમંત્રીનો જન્મદિવસ ઉજવાયો

વડોદરા, તા.૧૫

વડોદરાના શ્રી હરસિદ્ધ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના જન્મદિન ઉજવણી કરાઈ હતી. જે પ્રસંગે સયાજીગંજ વિધાનસભાના ધારાસભ્ય કેયુર રોકડિયા દ્વારા સાધનો દાન કરવાની જાહેરાત કરાઈ હતી.

આ પ્રસંગે, સંસ્થા ખાતે જિલ્લા બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ મેહુલ લાખાણી, સંસ્થાના પ્રમુખ અશોક જોશી, સંસ્થાના અધિક્ષક હેતાશ્રી બ્રહ્મભટ્ટ અને સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. સંસ્થામાં આશ્રિત બાળકીઓ દ્વારા મુખ્યમંત્રીના જન્મદિવસની કેક કાપી ઉજવણી કરાઈ હતી. વધુમાં, સંસ્થામાં આશ્રિત એક બાળકી દ્વારા પ્રધાનમંત્રી માટે મંડાલા આર્ટનું એક સુંદર પેઈન્ટિંગ પણ તૈયાર કરાયું હતું.

વિદ્યાર્થિનીએ કોલેજના કર્મચારીના ત્રાસથી આપઘાત કર્યાની ઘટનાના પ્રત્યાઘાત

## ઓડિશાની ઘટના બાદ MSUમાં NSUI દ્વારા દેખાવો યોજાયા, ચક્કાજામના પ્રયાસો

### NSUIના કાર્યકરો દ્વારા ઓડિશાની સરકાર સામે વિરોધ વ્યક્ત કરાયો

વડોદરા, તા.૧૫

ઓડિશા રાજ્યમાં એક કોલેજ કન્યા દ્વારા કથિત સેક્સ્યુઅલ હેરેસમેન્ટથી કંટાળીને આત્મદહન કરવાના ગંભીર બનાવના પડઘા વડોદરા સુધી પહોંચ્યા છે. આ ઘટનાને લઈને સંવેદના દાખવીને નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઈઆઈ) દ્વારા વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી બહાર આજે મંગળવાર તા. ૧૫ જુલાઈના રોજ ભારે દેખાવો અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. એનએસયુઆઈના કાર્યકર્તાઓએ ઓડિશાની ભાજપ સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો અને ગંભીર



રીતે દાઝી ગયેલી વિદ્યાર્થીની બાબતે યોગ્ય પગલાં લેવાની માંગ કરી.

ઉલ્લેખનીય છેકે, ઓડિશા રાજ્યમાં એક કોલેજમાં બીજા વર્ષમાં ભણતી વિદ્યાર્થીનીનું કોલેજના કર્મચારી દ્વારા વારંવાર સેક્સ્યુઅલ હેરેસમેન્ટ થતું હતું. આ અંગે પીડિત વિદ્યાર્થીનીએ કોલેજ સત્તાધીશો સમક્ષ ફરિયાદ પણ કરી હતી, પરંતુ કોઈ ઉકેલ આવ્યો ન હતો. આખરે કંટાળીને વિદ્યાર્થીનીએ પોતાની જાતને અગ્નિદાહ દીધો હતો, જેના પરિણામે તે ૯૫ ટકા જેટલી ગંભીર રીતે દાઝી ગઈ હતી.

### દાહોદ વેસ્ટર્ન રેલ્વે કર્મચારીઓની ધી જેક્શન કો-ઓપરેટીવ સોસાયટીના

# ક્લાર્કે રૂપિયા ૩૩.૬૪ લાખ ઉપરાંતની ઉચાપત કરી હોવાની ફરિયાદથી ખળભળાટ

### રકમ સોસાયટીમાં જમા નહીં કરી પોતાના અંગત કામમાં વાપરી નાખ્યાનું બહાર આવ્યું

દાહોદ,તા.૧૫

રેલ્વે કર્મચારીઓની ધી જેક્શન કો-ઓપરેટીવ સોસાયટી. દાહોદ પરેલ શાખાના ક્લાર્કે કુલ રૂપિયા ૩૩.૬૪ લાખ ઉપરાંતની માતબર રકમ સોસાયટીમાં જમા નહીં કરી પોતાના અંગત કામમાં વાપરી નાખી સોસાયટી તેમજ સોસાયટીના ખાતાધારકો સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત પ્રમાણે ધી જેક્શન કો. ઓપરેટીવ સોસાયટી ઓફ ધ એમ્પ્લોઈઝ ઓફ ધ વેસ્ટન રેલ્વે લિમિટેડ દાહોદની પરેલ શાખામાં જે તે સમયે ઓફિસ આસિસ્ટન્ટ (ક્લાર્ક) તરીકેની ફરજ બજાવતા અને વડોદરા ખાતેની દીપમંગલ સોસાયટીમાં રહેતા વિશાલભાઈ ઈશ્વરભાઈ પરમારે તારીખ ૪-૧૦-૨૦૨૩ થી તારીખ ૯-૭-૨૦૨૪ દરમિયાન તેની ઓફિસ આસિસ્ટન્ટ ક્લાર્કની ફરજ દરમિયાન તેની ધી જેક્શન કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડના ખાતાધારકો તેમજ લોનધારકોને કોઈપણ ડોક્યુમેન્ટ વગર ખોટા જામીનદારો બનાવી પોતાની તેમજ બીજા ખાતાધારકોની પોતાની કો-ઓપરેટીવ સોસાયટીમાંથી લોન પાસ કરી તે લોનની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી તેમજ ખાતાધારકોની લોન ભરપાઈ કરવા આપેલ રોકડ રકમ તેમજ યુપીઆઈ મારફતે ટ્રાન્સફર કરેલ રોકડ રકમ તેમજ ખાતાધારકોએ ફિક્સ ડિપોઝિટ કરવા આપેલ રોકડ રકમ તેમજ યુપીઆઈ મારફતે મોકલાવેલ રકમ મળી કુલ રૂપિયા ૩૩,૬૪,૮૦૫/-કો-ઓપરેટીવ સોસાયટીમાં જમા નહીં કરી તે રૂપિયા કોઈને પણ જાણ કર્યા વિના બારોબાર પોતાના અંગત કામમાં વાપરી નાખી ધી જેક્શન કો ઓપરેટિવ સોસાયટી ઓફ ધ એમ્પ્લોયઝ ઓફ ધ વેસ્ટન રેલ્વે લિમિટેડ સાથે તથા તેના ખાતાધારકો તેમજ લોન ધારકો સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાનું તપાસમાં બહાર આવતા દાહોદ રેલ્વે વર્કશોપમાં નોકરી કરતા અને દાહોદ ગોધરારોડ, જનતાકોલોનીમાં રહેતા ધર્મેન્દ્રસિંહ મહિપતસિંહ ડોડીયાએ આ સંબંધે દાહોદ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે વડોદરા દીપ મંગલ સોસાયટીમાં રહેતા વિશાલભાઈ ઈશ્વરભાઈ પરમાર વિરુધ્ધ બી.એન. એસ. કલમ છેતરપિંડી વિશ્વાસઘાત નો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલથી પાવાગઢને જોડતા રાજ્ય ધોરી માર્ગ પર રીપેરીંગ શરૂ

હાલોલ,તા.૧૫

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો અને માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં પુલો, રસ્તા અને વરસાદી માહોલના લીધે અસર પામેલા માર્ગોના સમારકામ માટે ખાસ અભિયાન અમલી બનાવવામાં આવ્યું છે જે અંતર્ગત માર્ગ અને મકાન વિભાગના સચિવની સૂચના અને જિલ્લા કલેક્ટર અજય દહિયાના નેજા હેઠળ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાભરમાં માર્ગ સુધારણા અને રીપેરીંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે જેમાં હાલમાં ચાલી રહેલા ચોમાસાની સિઝન દરમિયાન વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તા પર થયેલ ખાડાઓને મેટલ પેચવર્ક અને ડામર પેચવર્કથી ભરવાની કામગીરી કરવામાં આવી રહી છે હાલોલથી પાવાગઢને જોડતા રાજ્ય ધોરીમાર્ગ ઉપર બી.યુ.એસ.જી પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### ૧૦૦થી વધુ ગામના ખેડૂતોને ખેતી માટે પાણી મળશે

# પાનમ ડેમની સિંચાઈ કેનાલમાં ખેડૂતોની માગણીને લઈને પાણી છોડવામાં આવ્યું

### સિંચાઈ કેનાલમાં છોડવામાં આવતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ



શહેરા,તા.૧૫

પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમની સિંચાઈ કેનાલ માં ખેડૂતોની માંગને લઈને પાણી છોડવામાં આવ્યું હતું, જેને લઈને પંચમહાલ,મહીસાગર અને વડોદરા જિલ્લાના ડેસર તાલુકા મળીને ૧૦૦ કરતા વધુ ગામના ખેડૂતોને ખેતી માટે જરૂરિયાત મુજબનું પાણી મળશે પંચમહાલ જિલ્લાના જીવા દોરી સમાન પાનમ જળાશય પંચમહાલના શહેરા તાલુકો, મહીસાગર જિલ્લાનો લુણાવાડા તાલુકો અને વડોદરા જિલ્લાના ડેસર તાલુકો મળીને ૧૦૦ કરતા વધુ ગામના ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. પાનમ સિંચાઈ કેનાલ નું પાણી મેળવતા ખેડૂતોની માંગને લઈને ખેતી માટે પાનમ સિંચાઈ વિભાગ દ્વારા ૫૦૦ક્યુસેક પાણી પાનમ જળાશયની સિંચાઈ કેનાલમાં છોડવામાં આવતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. જોકે સિંચાઈ કેનાલમાં પાણી છોડવામાં આવતા ખેડૂતોને પિયત માટે જરૂરિયાત મુજબનું પાણી મળનાર છે.હાલતો જળાશયના ઉપરવાસમાંથી ૧૯૦૦ક્યુસેક પાણી ની નવી આવક નોંધાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### છ વર્ષ અગાઉ જાહેરાત પણ બોડેલી ઢોકલીયા રેલ્વે ફાટકનો ઓવરબ્રિજ બનાવવા કોઈ જ કાર્યવાહી નહી



બોડેલી : સ્વ વિજયભાઈ રૂપાણી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી દ્વારા છ વર્ષ પહેલા બ્રિજ બનાવવાની જાહેરાત પણ કરી દેવામાં આવી પણ હજુ સુધી કામગીરી ના નામ પર મીંડુ બોડેલી ના ઢોકલીયા પાસે આવેલ રેલવે ફાટક નો ઓવરબ્રિજ નવો બનાવવા માટે છ વર્ષ અગાઉ જાહેરાત છતાં કામગીરીમાં શૂન્ય જોવા મળી રહી છે છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં ઢોકલીયા પાસે આવેલ રેલવે ફાટક દિવસમાં આઠથી દસ વખત બંધ થતા લોકોને ભારે હાલાકી ન વારો ભોગવવાનો આવ્યો છે ત્યારે છ વર્ષ પહેલા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી સ્વ વિજયભાઈ રૂપાણી દ્વારા જાહેરાત પણ કરી દેવામાં આવી હતી પણ એ વાતને પણ આજે છ વર્ષ ઉપર થઈ ગયા છે આજે પણ બોડેલી રેલવે ફાટક પાસે કાયમની ટ્રાફિકની સમસ્યા અલીપુરા ચાર રસ્તા સુધી તેમજ ઢોકલીયા સુધી વાહનોની કતાર જોવા મળે છે ક્યારેક રેલવે ફાટક પર છોટાઉદેપુર થી વડોદરા દવાખાને રીફર કરતા દર્દીઓને લઈને ફરતી એમ્બ્યુલન્સ પણ અહીંયા ફસાઈ પડે છે ત્યારે રૂપિયા ૫૩ કરોડના ખર્ચે ઓવરબ્રિજ મંજૂર થયા વર્ક ઓર્ડર એજન્સીઓને આપવામાં આવ્યો છે તો પણ આ રીત રેલવે બ્રિજનું કામગીરી ચાલુ કરી નથી માટે છોટાઉદેપુર થી વડોદરા જતા લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

### પંચમહાલ જિલ્લામાં માર્ગ સુધારણા અને રિપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવી




ગોધરા : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો અને માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં પુલો, રસ્તા અને વરસાદી માહોલના લીધે અસર પામેલા માર્ગોના સમારકામ માટે ખાસ અભિયાન અમલી બનાવવામાં આવ્યું છે. જે અંતર્ગત માર્ગ અને મકાન વિભાગના સચિવની સૂચના અને જિલ્લા કલેક્ટર અજય દહિયાના નેજા હેઠળ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાભરમાં માર્ગ સુધારણા અને રીપેરીંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તા પર થયેલ ખાડાઓને મેટલ પેચવર્ક અને ડામર પેચવર્કથી ભરવાની કામગીરી કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે માર્ગ અને મકાન પેટા વિભાગ હાલોલ દ્વારા હાલોલથી પાવાગઢને જોડતા રાજ્ય ધોરીમાર્ગ ઉપર બી.યુ.એસ.જી પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત પેટા વિભાગ હસ્તકના બારીયા-રાજગઢ-રણજીતનગર રોડ તથા બોડેલી-હાલોલ રોડ ઉપર સિમેન્ટ કોંક્રિટ પેચવર્કની કામગીરી પણ ચાલી રહી છે, જે આગામી થોડા દિવસોમાં પૂર્ણ થનાર છે તેમ માર્ગ અને મકાન પેટા વિભાગ, હાલોલ દ્વારા વધુમાં જણાવાયુ છે.

### ડેરોલ સ્ટેશનથી પીગળી સુધીના સંખ્યાબંધ ગામોને જોડતા બિસમાર માર્ગથી પ્રજા પરેશાન



કાલોલ : કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશનથી પીગળી સુધીના ચાર કિલોમીટર લાંબો મોટાભાગના ગામો ને જોડતો ડામરનો રોડ બિસ્માર માર્ગે બની ગયો હોવાથી અહીં ચાલતા વાહનચાલકોને ભારે મૂશ્કેલી પડી રહી હોવા આ માર્ગને સત્વરે રિ-કાર્પેટ કરવા તેમજ પીગળી ફાટક થઈ પીગળી ગામ સુધી રબ્બર બમ્પર જે સ્પીડ બ્રેકર નાખેલા છે તે તાત્કાલિક કાઢી નાખી તેમજ પીગળી ગામે આવેલ કવચ નદીનું નાળું જર્જરિત થઈ હોય અને ઠેરઠેર રોડ પર ઊંડા પડેલા ખાડાઓ નું તાત્કાલિક સમાર કામ હાથ ધરવામાં આવે તે જવાબદાર તંત્ર દ્વારા વાહનચાલકો તથા ગ્રામજનોની પરેશાનીઓ અને સમસ્યાઓનો વહેલામાં વહેલી તકે ઉકેલ આવે તેવી કાલોલના એડવોકેટ પી.પી.સોલંકી દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ કાલોલ ને વોટ્સએપ મેસેજ થી જાણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં પ્રવર્તમાન ચોમાસાની મોસમને પરિણામે જે માર્ગોને નુકસાન થયું છે.તેને પુનઃમોટરેબલ કરવા માટે રાજ્ય સરકારે પ્રો-એક્ટીવ અભિગમ દાખવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તમામ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ ઝડપથી પૂર્વવત થાય એ માટે માર્ગ અને મકાન વિભાગને ચોકકસ દિશા નિર્દેશો આપીને સત્વરે કામો પૂર્ણ કરવા કડક સૂચના આપી છે.

### ખજુરી ત્રણ રસ્તા ચોકડી નજીકથી

# વાહનમાં ભરી લઈ જવાતો ૩,૪૦ લાખનો દારૂ અને બિયર પકડાયો

### રૂપિયા ૬.૪૦નો મુદ્દામાલ કબજે કરાયો

દાહોદ,તા.૧૫

ધાનપુર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં પોતાના પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં હતી. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશ તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરી જીજે ૨૦ એન-૧૧૭૯ નંબરની એક ક્રુઝર ગાડી ધાનપુર તરફ કાળા કલરની એક સ્કોર્પિયો ગાડીના પાઈલોટિંગ હેઠળ આવી રહી છે. જે બાતમીને આધારે ધાનપુર પોલીસે ગત મોડી રાતે ખજુરી ગામે ત્રણ રસ્તા ચોકડી, પાણીની ટાંકી નજીક જરૂરી વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીમાં દર્શાવેલ કાળા કલરની સ્કોર્પિયો ગાડીના પાયલોટિંગ હેઠળ પાછળ આવી રહેલી વિદેશી દારૂ-બીયર સાથેની ફોર્સ કંપનીની ક્રુઝર ગાડી દૂરથી આવતી જોતાં વોચમાં ઉભેલ ધાનપુર પોલીસ સાબદી બની હતી. તે વખતે પાયલોટિંગ કરી રહેલ સ્કોર્પિયો ગાડીના ચાલક ધાનપુરના સજોઈ ગામના દિનેશભાઈ મથુરભાઈ મેડાએ તથા ક્રુઝર ગાડીના ચાલકે પોલીસની વોચ જોઈ લેતા, પાયલોટિંગ કરી રહેલા દિનેશભાઈ મેડા પોતાની સ્કોર્પિયો ગાડી લઈ નાસી ગયો હતો. જ્યારે ક્રુઝર ગાડી નો ચાલક તેના કબજાની ક્રુઝર ગાડી ખજૂરી ગામે ત્રણ રસ્તા ચોકડી, પાણીના ટાંકા નજીક રોડની સાઈડમાં મુકી રાત્રિના અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો. જે ક્રુઝર ગાડી ધાનપુર પોલીસે પકડી તેની તલાસી લઈ ગાડીમાંથી પોલીસે રૂપિયા ૩,૪૦,૮૦૦/-ની કુલ કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયર ટીન મળી કુલ બોટલ નંગ-૨૧૯૦ પકડી પાડી રૂપિયા ત્રણ લાખની કિંમતની ક્રુઝર ગાડી મળી રૂપિયા ૬,૪૦,૮૦૦/-નો મુદ્દામાલ કબજે લીધો હતો.

### મૂળ સંસ્કૃતિના રક્ષણ માટે ભીલપ્રદેશ રાજ્યની રચના જરૂરી

# ફતેપુરા તાલુકા ભીલ પ્રદેશ મુક્તિ મોરચા દ્વારા નવા ભીલ પ્રદેશ રાજ્ય માટે માગણી

### ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના સરહદી વિસ્તારોને જોડવા માગ



ફતેપુરા,તા.૧૫

ગુજરાત મહારાષ્ટ્ર રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસીઓ દ્વારા સમયાંતરે ભીલ રાજ્યની માંગણી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ ભીલ પ્રદેશ રાજ્યની માંગણી કરતું આવેદનપત્ર ફતેપુરા મામલતદારને આપવામાં આવ્યું હતું

ભારતના આદિવાસી સમુદાય સાથે સંકળાયેલા સળગતા મુદ્દાઓ અને બંધારણના અનુચ્છેદ ૩ હેઠળ ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના સરહદી વિસ્તારોને જોડીને ભીલપ્રદેશ રાજ્યની રચના તેમજ આદિવાસીઓ ૨૦ લાખ વર્ષ પહેલાં ભારતીય ઉપખંડમાં રહેતા હતા વિંધ્યાચલ-સતપુરા અરવલ્લી પર્વતમાળા, બેલન નદીની ખીણ, ભીમબેટકા અને સાબરમતી નદીના તટપ્રદેશમાં અનુક્રમે પુરાતત્વીય સ્થળો મળી આવ્યા છે. ભારતની આ મૂળ સંસ્કૃતિના રક્ષણ માટે ભીલપ્રદેશ રાજ્ય ની રચના જરૂરી છે. આ કારણોસર, ભારતની મૂળ સંસ્કૃતિ, સભ્યતા, ભાષા, ધર્મના અસ્તિત્વને બચાવવા માટે, ભીલ સાંસ્કૃતિક, ભાષાકીય, ઐતિહાસિક ક્ષેત્રને જોડીને ભીલપ્રદેશ રાજ્ય ની રચના થવી જોઈતી હતી અને સમગ્ર વિસ્તારને ચાર રાજ્યોમાં વિભાજિત કરવામાં આવવો જોઈતો હતો, પરંતુ સ્વતંત્રતા પછી આવું થયું નથી. 'ભીલ પ્રદેશ રાજ્ય'નો પ્રસ્તાવ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશની વિધાનસભાઓમાં પસાર કરીને કેન્દ્ર સરકારને મોકલવો.

### આંબા ગામની આધેડ મહિલાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

દાહોદ,તા.૧૫

આંબા ગુણેશિયા ગામના નવી ખેડી ફળિયામાં પોતાના પરિવાર સાથે રહેતી ૪૮ વર્ષીય લીલાબેન રમેશભાઈ કટારાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં લાકડાના સરા સાથે દોરડું બાંધી દોરડાનો બીજો છેડો ગળામાં બાંધી ગળેફાંસો ખાઈ જીવતર ટુંકાવી લીધું હતું. આ સંબંધે મરણ જનાર લીલાબેન કટારાના પુત્ર ૧૯ વર્ષીય અજયભાઈ રમેશભાઈ કટારાએ ઉપરોક્ત કેફિયત ભરી લેખિત જાણ લીમડી પોલીસ સ્ટેશનમાં કરતા લીમડી પોલીસ તાબડતોબ આંબા ગુણેશિયા ગામના નવી ખેડી ફળિયામાં દોડી આવી હતી અને મરણ જનાર લીલાબેન કટારાની લાશને લાકડાના સરા પરથી નીચે ઉતારી પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે લીમડી સરકારી દવાખાને મોકલી આપી પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળિયા તૈયાર કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

### ગોધરા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

# પંચમહાલ જિલ્લાના મોટા શહેરોમાં ટ્રાફિક સહિત વિવિધ સમસ્યાઓની રજૂઆત કરાઈ

### સમસ્યાના નિરાકરણ માટે પોલીસ અધિકારીઓને તેમજ સબંધિત વિભાગને સૂચન



ગોધરા,તા.૧૫

જિલ્લા તેમજ શહેરના નાગરિકો મોટી સંખ્યામાં પંચમહાલ પોલીસના સંવાદ સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિવિધ ક્ષેત્રો બાબતે પડતી તકલીફો,સમસ્યાઓ,કાયદાકીય જોગવાઈઓની રજૂઆતો કરી હતી.જેને પંચમહાલ ગોધરા રેંજના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી.અસારી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી તથા પોલીસ અધિકારીઓએ સાંભળી વહેલીતકે વિષયોના અનુસંધાનમાં સુખદ નિરાકરણ લાવવા માટે પોલીસ અધિકારીઓને તેમજ સબંધિત વિભાગ ને સૂચન કરાયા હતા. ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી તેમજ રાજ્યના પોલીસ મહાનિર્દેશક ની સૂચના મુજબ પંચમહાલ જિલ્લાના લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળવા બાબતે સૂચન કરવામાં આવ્યું હતું.જે સૂચન ના અનુસંધાનમાં આજ રોજ જીલ્લા પોલીસ અધિક્ષક કચેરી ગોધરા ખાતે જિલ્લાના તમામ પોલીસ મથકના ક્ષેત્રના લોકોને ઉપસ્થિત રહેવા માટે જાણ કરી હતી.જેમાં લોકોના પોલીસને લગતા વિવિધ પ્રશ્નો,રજૂઆતો,સમસ્યાઓ ની પંચમહાલ ગોધરા રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી.અસારી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી સહિત જિલ્લાના તમામ પોલીસ મથકના પોલીસ અધિકારીઓને કરી શકે તે માટે સંવાદ સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.જે કાર્યક્રમમાં જિલ્લાના જુદા જુદા પોલીસ મથક વિસ્તારના અરજદારો ઉપસ્થિત રહ્યા હતા અને તેઓની રજૂઆતો ને સાંભળવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લાના ડીવાયએસપી તેમજ તમામ પોલીસ મથકના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વરોડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે

# વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત સાસુ વહુ સંમેલન યોજાયું

### વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન

ઝાલોદ,તા.૧૫

માં બનવાની ઉંમર એજ , જ્યારે શરીર અને મન તૈયાર હોય એ થીમ આધારિત સાસુ વહુ સંમેલન યોજાયું હતું.વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત માન.મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને અધિક જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી ના માર્ગદર્શન અન્વયે આયુષ્માન આરોગ્ય મંદિર લીલવા ઠાકોર ખાતે સાસુ વહુ સંમેલન યોજાયું જેમાં ગામ માંથી લક્ષિત દંપતી અને તેમની સાસુઓ ને બોલાવવામાં આવેલ હતા આ સંમેલનમાં વસ્તી વધારાની સમસ્યા અને વસ્તી નિયંત્રણ અંગે મોડા લગ્ન બાળલગ્નો અટકાવવા નાનું કુટુંબ સુખી કુટુંબ લક્ષિત દંપતીને જરૂરિયાત મુજબ બિન કાયમી પદ્ધતિ જેવી કે પુરુષો માટે નિરોધ, સ્ત્રીઓ માટે ગર્ભ નિરોધક ગોળીઓ,અંતરા ઈન્જેક્શન, બે બાળકો વચ્ચે ગાળો રાખવો કોપર ટી બે કે તેથી વધુ બાળકો વાળા દંપતીઓ માં પુરુષો માટે કાપા કે ચીરા વગરની નસબંધી સ્ત્રીઓ માટે લેપ્રોસ્કોપી અને ટાકાવાળું ઓપરેશન તેમજ કુટુંબ કલ્યાણ પદ્ધતિઓ અપનાવનાર લાભાર્થીઓને મળતા આર્થિક લાભો અને દિકરી યોજના વિશે ખૂબજ વિસ્તારપૂર્વક માહિતગાર કરવામાં આવ્યા હતા જન સમુદાયમાં પુરુષ નસબંધીમાં સહભાગીદારી વધે તે માટે પુરુષો ને અપીલ કરવામાં આવેલ છે.કુટુંબ નિયોજન ની કાયમી પધ્ધતિ સ્ત્રી ઓપરેશન અને પુરુષ ઓપરેશન વિશે સમજૂતી આપવામાં આવી કુટુંબ નિયોજનની બિન કાયમી પધ્ધતિ નિરોધ, કોપર- ટી, માલા-એન, છાયા, ઈ -પિલસ,અંતરા વિશે સમજૂતી આપવામાં આવી હતી.

### ચોમાસામાં ધંધા રોજગારમાં મંદી વચ્ચે

# બોડેલી નગરમાં શાકભાજીના ભાવ આસમાને : લોકોના બજેટ ખોરવાયા લોકોને ઘર ચલાવું મુશ્કેલ બની ગયું

બોડેલી,તા.૧૫

ચોમાસાના સમયમાં ધંધા રોજગાર માં મંદિ જોવા મળી રહી છે ત્યારે બીજી તરફ શાકભાજીના વધારાને લઈને આમ જનતાને મુશ્કેલી વેઠવાનો વારો આવી રહ્યો છે

બોડેલી સહિત છોટાઉદેપુર જિલ્લામાં શાકભાજીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. સામાન્ય જનતા પર મોંઘવારીની અસર દરરોજ વધી રહી છે, હવે લોકોએ શાકભાજી માટે પણ વધારે પૈસા ખર્ચી રહ્યા છે ચોમાસાની ઋતુના માં જ શાકભાજીના ભાવ આસમાને પહોંચવા લાગ્યા છે, જેના કારણે રસોડાનું બજેટ બગડી રહ્યું છે. ચોમાસાની સિઝનના દરેક શાકભાજીમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. જેને લઈને ગૃહિણીઓના બજેટ ખોરવ્યા છે શાકભાજીના ભાવમાં વધારાને લઈને લોકોને ઘર ચલાવું મુશ્કેલ બની રહ્યું છે એક તો ચોમાસાના સમયમાં ધંધા રોજગાર માં મંદિ જોવા મળી રહી છે ત્યારે બીજી તરફ શાકભાજીના વધારાને લઈને આમ જનતાને મુશ્કેલી વેઠવાનો વારો આવી રહ્યો છે ખાસ કરીને ટામેટા રીંગણા દુધી ગલકા લીંબુ ડુંગળી બટાકા જેવા રોજ જરૂરિયાત શાકભાજીમાં વધારો થતા ગૃહિણીનું બજેટ ખવાય એવું છે શાકભાજીઓ ની સાથે ફળો પર પણ મોંઘવારીની માર જોવા મળી રહી છે પવિત્ર શ્રાવણ માસને ની શરૂઆત થવાની છે અને અચાનક ખાસ કરીને ફ્રુટ ની અને ફળો પર પણ મોંઘવારીની માર જોવા મળી રહી છે

મોંઘવારીએ માઝા મૂકી શાકભાજીના ભાવ આસમાને ગૃહિણી ના બજેટ ખોરવાયા છે. સામાન્ય જનતા પર મોંઘવારીની અસર દરરોજ વધી રહી છે,

### વિદ્યાર્થીઓને પડતી તકલીફ ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે

# બોડેલીના સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ખાસ બે મિની બસની વ્યવસ્થા કરવામાં આવતા ખુશી

### મોડાસર ચોકડીથી એસટી ડેપો સુધી બ્રિજ પરથી મૂકવા માટે પરમિશન



બોડેલી,તા.૧૫

બોડેલી મામલતદાર દ્વારા વિદ્યાર્થીઓને પડતી તકલીફ ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે બે મીની બસ વિદ્યાર્થીઓને મોડાસર ચોકડી થી એસટી ડેપો સુધી બ્રિજ પરથી મૂકવા માટે પરમિશન આપવામાં આવી હતી.બોડેલી ઓરસંગ નદીનો પુલ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે જેને લઈને ખાસ કરીને સ્કૂલના વિદ્યાર્થીઓને ખૂબ મુશ્કેલી પડી રહી છે ખાસ કરીને કવાટ ચલામલી કલારાણી કોસીન્દ્રા નસવાડી જેવા વિસ્તારમાંથી ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણવા માટે બોડેલીમાં આવતા હોય છે ત્યારે વિદ્યાર્થીઓને બે થી ત્રણ કિલોમીટર જેટલું જીવના જોખમે ઓરસંગ બ્રિજ પર ચાલી અને બીજા છેડે જવાનો વારો આવતો હોય બ્રિજ પર ભારે ભરીખમ દફતર લટકાવીને સાંજના સમયે જોખમી સ્કૂલના વિદ્યાર્થીઓ અવર-જવર કરતા હોય તે ધ્યાનમાં લઈને બોડેલી એસટી મેનેજરના પ્રયાસથી અને બોડેલી મામલતદાર દ્વારા તાત્કાલિક પરમિશન આપવામાં આવી બોડેલી ડેપોથી વિદ્યાર્થીઓ માટે મોડાસર ચોકડી સુધી મામલતદાર તરફથી બે મીની બસ ચલાવવા માટેની પરમિશન આપવામાં આવી છે જે અનુસંધાને બોડેલી ડેપો ખાતેથી મોડાસર ચોકડી સુધી બે મીની બસ શાળા છુટયા બાદ વિદ્યાર્થીઓને મુકવા સંચાલન કરવામાં આવશે.

### બોરીયાવી પંચાયતમાં ડેપ્યુટી સરપંચ તરીકે લીલાબેન બારીયાની બિન હરીફ વરણી

શહેરા,તા.૧૫

શહેરા તાલુકાના બોરીયાવી ગામની ગ્રામ પંચાયત ખાતે ડેપ્યુટી સરપંચની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. ડેપ્યુટી સરપંચ તરીકે લીલાબેન બારીયા ની બિન હરીફ વરણી કરાઈ હતી. શહેરા તાલુકાના બોરીયાવી ગામની ગ્રામ પંચાયત ખાતે ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાઈ હતી. ગ્રામ પંચાયત કચેરી ખાતે અધ્યાસી દિલીપભાઈ મકવાણા અને તલાટી કમ મંત્રી શૈલેષભાઈ બામણીયા સહિત સભ્યો ઉપસ્થિત રહેવા સાથે ડેપ્યુટી સરપંચ પદમા વોર્ડ નંબર ૨ ના બારીયા લીલાબેન મોહનભાઈ ની બિનહરીફ વરણી કરાઈ હતી. ગ્રામ પંચાયત કચેરીને બહાર ઉપસ્થિત લીલાબેન બારીયા ના સમર્થકોમાં ભારે ખુશીની લહેર છવાઈ ગઈ હતી.સરપંચ સવિતાબેન ડાભી, મહેન્દ્રભાઈ ડાભી અને કિશોર ડાભી સહિત ઉપસ્થિત સૌએ બિનહરીબ વરણી થયેલ લીલાબેન બારીયા ને ફૂલોના હાર પહેરાવીને મો મીઠું કરાવીને અભિનંદન પાઠવ્યા હતા.

**૧૪ જુલાઈના રોજ દૂધના પ્રતિ કિલોફેટે વાર્ષિક ભાવફેર મુદ્દે પશુપાલકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું : જશુ પટેલ હાલ સાબર ડેરીના ડિરેક્ટર છે**

# સાબર ડેરી ઘર્ષણ મામલે બાયડના પૂર્વ ધારાસભ્ય જશુ પટેલ સહિત ૭૪ સામે ફરિયાદ

**ફરિયાદમાં પોલીસ-પશુપાલકો વચ્ચેના હિંસક ઘર્ષણમાં જશુ પટેલે ટોળાંને ઉશ્કેર્યાનો ઉલ્લેખ : પોલીસે જશુ પટેલ સહિત ૭૪ લોકો સામે નામજોગ, એક હજાર લોકોના ટોળા સામે ફરિયાદ નોંધી**





ઈડર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક આવેલી સાબરડેરી ખાતે ૧૪ જુલાઈના રોજ દૂધના પ્રતિ કિલોફેટે વાર્ષિક ભાવફેર મુદ્દે પશુપાલકો અને પોલીસ વચ્ચે ઘમાસાણ ઘર્ષણ સર્જાયું હતું આ મામલે હિંમતનગર એ.ડિવિઝન પોલીસ સ્ટેશનના પી. આઈ પી.એમ.ચૌધરીએ બાયડના પૂર્વ ધારાસભ્ય અને સાબરડેરીના ડિરેક્ટર જશુ પટેલ સહિત ૭૪ નામજોગ વ્યક્તિ અને લગભગ એક હજાર જેટલા લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં રિટેન્શન મની ચૂકવવામાં આવી હોવા છતાં બાયડના પૂર્વ ધારાસભ્ય અને સાબરડેરીના ડિરેક્ટર જશુ પટેલે સોશિયલ મીડિયા પર ડેરીના ચેરમેન અને ડિરેક્ટરો વિરુદ્ધ ઓછો નફો ચૂકવવાનો આરોપ મૂકી લોકોને ઉશ્કેર્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, હિંમતનગરમાં દૂધના ભાવ મુદ્દે પશુપાલકોએ સાબરડેરી સામે ઉગ્ર આંદોલન કર્યું હતું પોલીસના બેરિકેડ્સ તોડીને પશુપાલકો સાબર ડેરીમાં ઘૂસી ગયા હતા અને પથ્થરમારો કર્યો હતો. એમાં કેટલાક લોકોનાં માથાઓ પણ ફૂટ્યાં હતા. પશુપાલકો અને પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થતાં પશુપાલકોએ અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવેને બાનમાં લઈ ચક્કાજામ કર્યો હતો. પરિસ્થિતિ એટલી વણસીગઈ કે પોલીસને ૭૦ જેટલા ટિયર ગેસના શેલ છોડવા પડ્યા હતા.

**બાયડના પૂર્વ ધારાસભ્ય અને સાબર ડેરીના ડિરેક્ટર જશુ પટેલે લોકોને ઉશ્કેર્યા?**

આ અંગે પી.આઈ પી.એમ. ચૌધરીએ નોંધાવેલી ફરિયાદ મુજબ,બાયડના પૂર્વ ધારાસભ્ય અને સાબરડેરીના ડિરેક્ટર જશુ શીવાભાઈ પટેલ અને ઈડર તાલુકાના અંકાલા ગામના ધર્મેન્દ્રસિંહ નટવરસિંહ જેતાવત દ્વારા લોકોને ઉશ્કેરવામાં આવ્યા હતા. ફરિયાદમાં આરોપ છે કે તેમણે સુનિયોજિત કાવતરું રચીને સોશિયલ મીડિયા પર મેસેજ ફરતા કર્યા હતા જેમાં સાબરડેરી દ્વારા ૧૧ જુલાઈના રોજ રિટેન્શન મનીની ચુકવણી કરવામાં આવી હોવા છતાં દાવો કરવામાં આવ્યો હતો કે ડેરીના ચેરમેન અને ડિરેક્ટરોએ ઓછો નફો ચૂકવીને પશુપાલકો સાથે છેતરપિંડી કરી છે. એટલું જ નહિ સત્તાધીશો પોતાની મનમાની કરી રહ્યા હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. આ મેસેજો દ્વારા લોકોને એકસંપ થઈ અવાજ ઉઠાવવા અને ૧૪ જુલાઈના રોજ સાબરડેરી ખાતે મોટી સંખ્યામાં ભેગા થવા માટે ઉશ્કેરવામાં આવ્યા હતા.

**આરોપીઓએ ચેરમેન-ડિરેક્ટરોને મેથીપાક ચખાડી સળગાવી દેવાના સુત્રોચ્ચાર કર્યા**

આ સુનિયોજિત કાવતરા મુજબ સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ સાબરડેરીના મેઈન ગેટ આગળ આરોપીઓ સહિત આશરે એક હજાર જેટલા અજાણ્યા લોકોના ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ટોળાએ સાબરડેરીના ચેરમેન તથા ડિરેક્ટરોને મેથીપાક ચખાડવાનો છે અને સાબરડેરીને ચેરમેન તથા ડિરેક્ટરો સહિત સળગાવી દેવાની છે તેવા સુત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન ટોળાના સભ્યો લોખંડની પાઈપો,લાકડીઓ અને પથ્થરો ધારણ કરીને આવ્યા હતા. પોલીસે તેમને સમજાવવાનો પ્રયાસ કરતાં ટોળાએ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પર હુમલો કર્યો હતો..

**"આજે પોલીસ વચ્ચે આવે તો તેને પણ પતાવી દેવી છે"**

પોલીસ હેડકોન્સ્ટેબલ જીજ્ઞેશ સુરેશભાઈને તો ટોળામાં ખેંચી લેવામાં આવ્યા હતા અને આજ તો પોલીસ વચ્ચે આવે છે તો પોલીસને જ પતાવી દેવી છે તેમ કહી માથામાં લોખંડની પાઈપો,લાકડીઓ અને પથ્થરો મારી જાનથી મારી નાખવાની કોશિશ કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

**ટોળાંએ અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર વાહનવ્યવહાર અટકાવ્યો**

આ ઉપરાંત હિંસક ટોળાએ સરકારી વાહનોને તેમજ સાબરડેરીના લોખંડના ગેટ અને કોટ ઉપરની લોખંડની જાળીને તોડીને મોટું નુકસાન પહોંચાડ્યું હતું નેશનલ હાઈવે રોડ ઉપર પથ્થરો અને ઝાડની આડસ મૂકીને વાહનવ્યવહાર સ્થગિત કરી વાહનચાલકોને ગેરકાયદેસર રીતે અવરોધ ઉભો કર્યો હોવાની ફરિયાદ પણ નોંધાઈ છે. આ સમગ્ર મામલે પોલીસે ૭૪ લોકોના નામજોગ અને એક હજારના સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

**તપાસ દરમિયાન ૪૭ જેટલા આરોપીની અટકાયત કરાઈ**

હિંમતનગર ડિવિઝનના ડી.વાય. એસ.પી એ.કે.પટેલે જણાવ્યું હતું કે સોમવારે સાબરડેરી પાસે ભાવફેર બાબતે લોકો ભેગા થયા હતા. આ લોકોએ ગેરકાયદેસર મંડળી રચી પોલીસ સાથે ઘર્ષણ માટે ઉતરી આવ્યા હતા એટલું જ નહિ તેમણે તોડફોડ પણ કરી હતી જેમાં સાબરડેરીનો મુખ્ય ગેટ બાજુમાં રહેલી ગ્રીલ અને પોલીસના વાહનોને નુકશાન પહોંચાડ્યું હતું આ ઉપરાંત કેટલાક પોલીસકર્મચારી પણ ઈજાગ્રસ્ત થયા હતા ટોળાએ પથ્થરમારો કરી નેશનલ હાઈવે પરના વાહનોને રોકવાનો પણ પ્રયત્ન કર્યો હતો. પોલીસે બળપ્રયોગ કરીને ટોળાને વિખેરી નાખ્યું હતું

**પુલ દુર્ઘટના આગામી સમયમાં ન બને તે માટે રાજ્ય સરકાર એક્શન મોડમાં**

## માર્ગોનું કામ પૂર્ણ ન કરનાર, નબળી ગુણવત્તાના રોડ બનાવનાર કોન્ટ્રાકટરો સામે કાર્યવાહી થશે

ગાંધીનગર તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યમાં રસ્તા અને બ્રિજના સમારકામની કામગીરીનો અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે ભૂતકાળમાં બનેલી મુજપુર-ગંભીરા જેવી પુલ દુર્ઘટના આગામી સમયમાં ન બને તે માટે રાજ્ય સરકાર એક્શન મોડમાં કામ કરી રહી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં જ્યાં રોડ –રસ્તા અને પુલની નબળી કામગીરી દેખાય તો તે જિલ્લાના વરિષ્ઠ અધિકારી – અધિકારીને કોન્ટ્રાક્ટર સામે ગંભીર પગલા લેવા આદેશ આપ્યા છે.જેના અંતર્ગત જામનગર મહાપાલિકામાં શહેરના ત્રણ મુખ્ય સી.સી. રોડ (૧) કામદાર કોલોની મેઈન રોડ (૨) જનતા ફાટકથી એમ્યુઝમેન્ટ પાર્ક થઈ ૧૪૦૪ આવાસ સુધીનો રોડ અને (૩) એમ્યુઝમેન્ટ પાર્કથી સત્યમ કોલોની સુધીના રોડ પર આસ્ફાલ્ટ રિ-કાર્પેટિંગનું કામ હાથ ધરાયું હતું. આ તમામ માર્ગોના રિ-કાર્પેટિંગનું કામ મે–૨૦૨૨માં પૂર્ણ થયું હતું. ચાલુ વર્ષે ઉપરોક્ત રસ્તાઓમાં ખામી અને નુકસાન જોવા મળ્યું છે. જે ધ્યાને લઈ મહાપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને ટેન્ડરની શરતો અનુસાર નોટિસ ફટકારવામાં આવી હતી. રોડ હાલ પણ ડિફેક્ટ લાયેબિલિટી પિરિયડ હેઠળ આવેલો હોવાથી સીધી જવાબદારી કોન્ટ્રાક્ટરની છે. પરિણામે રોડમાં થયેલ નુકસાનની મરામત કોન્ટ્રાક્ટર પાસેથી તેના સ્વખર્ચે કરવામાં આવશે. આમ, ટેન્ડર કોન્ટ્રાક્ટના ટેન્ડર ક્લોઝ નં. ૩ અને ૧૭ અનુસાર કુલ ૧૫૨૦ ચો.મી. રોડ રિસરફેસમાં નુકશાન થયું હતું તેને ડિફેક્ટ લાયેબિલિટી ક્લોઝ અનુસાર કોન્ટ્રાક્ટર પાસેથી જ રિપેરિંગ અને રિ-કન્સ્ટ્રકશન કરાવાશે.

## જૂનાગઢના માંગરોળમાં પૂલ તૂટી પડતાં ૮ લોકો પાણીમાં ખાબક્યાં



જૂનાગઢ,તા.૧૫

વડોદરામાં ગંભીરા પુલ તૂટી પડવાના થોડા દિવસ જ થયા છે, એટલામા જ જૂનાગઢના માંગરોળના અજક ગામમાં પુલ તૂટી પડવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટના પુલના સમારકામ દરમિયાન બની હતી. જોકે, સદનસીબે તેમાં કોઈ જાનહાનિ થઈ નથી. આ પુલ અટ્રોલીથી કેશોદ જતા માર્ગ પર હતો. જોકે, આ ઘટના સમયે પુલ પર ઉભેલા લોકો નદીમાં પડી ગયા હતા.

આ કિસ્સામાં, ધારાસભ્યએ કહ્યું કે આ પુલ પહેલાથી જ જર્જરિત હતો અને તેને તોડી પાડવાનો હતો. જોકે, તે સમારકામ દરમિયાન જ તૂટી પડ્યો હતો. આ દરમિયાન, પુલ પર ઉભેલા લોકો નદીમાં પડી ગયા. જોકે, કોઈ જાનહાનિ થઈ નથી. સ્થળ પર હાજર લોકોએ લોકોને બચાવ્યા હતા.

માંગરોળ તાલુકાના અજક ગામમાં પણ એક પુલ તૂટી પડ્યો છે. આ ઘટનામાં આઠથી વધુ લોકો હિટાચી મશીન સાથે લગભગ ૧૫ ફૂટ ઉપરથી નદીમાં પડી ગયા હતા, જોકે, સદનસીબે બધાનો ચમત્કારિક બચાવ થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના અજક ગામ પાસે આજે એક મોટો અકસ્માત થયો હતો. અટ્રોલી ગામથી કેશોદ જતા રસ્તા પર પુલનો સ્લેબ તૂટી પડ્યો હતો, જેમાં હિટાચી મશીન સહિત આઠથી વધુ લોકો નીચે નદીમાં પડી ગયા હતા, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. અજક ગામનો પુલ કેશોદથી માધવપુરને જોડતો એક મહત્વપૂર્ણ માર્ગ છે, જેમાંથી દરરોજ ઘણા વાહનો પસાર થાય છે. આજે સવારે પુલનું સમારકામ ચાલી રહ્યું હતું. હિટાચી મશીન સાથે કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક પુલનો સ્લેબ તૂટી પડ્યો અને હિટાચી મશીન જોરદાર અવાજ સાથે નીચે પડી ગયું.

સ્થાનિક લોકોનો આરોપ છે કે સમારકામનું કામ સંપૂર્ણ જોખમે કરવામાં આવી રહ્યું હતું. સુરક્ષા વ્યવસ્થાના અભાવે આવા અકસ્માતો થાય છે. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે આ રસ્તો જાહેર છે, હજારો વાહનો ત્યાંથી પસાર થાય છે, કામ માટે સંપૂર્ણ તૈયારી વિના લોકોના જીવન સાથે રમત રમાઈ રહી છે.

૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, મુજપુર અને અંકલાવને જોડતો ગંભીરા પુલ અચાનક તૂટી પડ્યો. આ પુલ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો એક મહત્વપૂર્ણ માર્ગ હતો. અકસ્માત દરમિયાન, ઘણા વાહનો નદીમાં પડી ગયા. જેમાં અત્યાર સુધીમાં ૨૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને એક મૃતદેહની શોધ હજુ પણ ચાલુ છે. આ પુલ ૧૯૮૯ માં બનાવવામાં આવ્યો હતો અને લાંબા સમયથી જર્જરિત સ્થિતિમાં છે. સ્થાનિક લોકોએ આ પુલનું સમારકામ કરવા અથવા નવો પુલ બનાવવા માટે ઘણી વખત માંગણી કરી છે પરંતુ અધિકારીઓ દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં તમામ ૨૬૦ શાળાભવનોમાં ચકાસણી કરવાનો આદેશ**

## મનપાની શાળામાં ભૂતિયા સિક્યુરિટીનાં કૌભાંડમાં ઈન્ચાર્જ આચાર્યને બચાવી લેવાનો કારસો

સુરત, તા.૧૫

શિક્ષણ રાજ્યમંત્રીએ નવ મહિના પહેલાં કઠોદરા ખાતે શિક્ષણ સમિતિ સંચાલિત શાળાનું ઉદ્ઘાટન કર્યું હતું ત્યારથી જ સીક્યુરિટી એજન્સીએ મહાનગર પાલિકાને ચૂનો ચોપડીને ભુતિયા સીક્યુરિટી જવાનોનાં નામે પગારનાં રૂપિયા ઉસેટવાનું કૌભાંડ આચર્યું હતું. શક્તિ સીક્યુરિટી એજન્સીએ પાંચ જેટલાં ભુતિયા સીક્યુરિટી ગાર્ડનાં નામો હાજરી પત્રકમાં દર્શાવીને તેમનાં નામે પગાર ઉધારી મહાનગર પાલિકા સાથે ૩.૯૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાથી એજન્સી સંચાલક સામે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આશ્ચર્યની બાબત એ છે કે શાળાનાં ઈન્ચાર્જ આચાર્યની જાણ બહાર આ કૌભાંડ શક્ય જ નથી, નવ મહિના સુધી લૂંટ ચલાવનાર શક્તિ સીક્યુરિટી એજન્સીનાં સંચાલકે ઈન્ચાર્જ આચાર્યનાં મેળાપીપણામાં જ કૌભાંડ આચર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાતું હોવા છતાં શાળાનાં ઈન્ચાર્જ આચાર્ય કલ્પેશ પટેલને બચાવી લેવાનો કારસો ઘડી કાઢવામાં આવ્યો હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ઈન્ચાર્જ શાસનાધિકારી મેહુલ પટેલે કઠોદરાની શાળાનાં ઈન્ચાર આચાર્યનો પોલીસ ફરિયાદમાં કેમ ઉલ્લેખ ના કર્યો તે બાબતે પણ ચર્ચા ચાલી રહી છે.

ઈન્ચાર્જ શાસનાધિકારી મેહુલ પટેલે લસકાણા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કઠોદરાની શાળામાં આઠ-આઠ કલાકની ત્રણ પાળીમાં એક-એક સીક્યુરિટી ગાર્ડ મૂકવાનો કોન્ટ્રાક્ટ શક્તિ સીક્યુરિટી એજન્સીને આપવામાં આવ્યો હતો. જુલાઈ-૨૦૨૪થી માર્ચ-૨૦૨૫ સુધી નવ મહિના દરમિયાન શક્તિ સીક્યુરિટી એજન્સીનાં સંચાલકે ગુણવંત ગોકુળભાઈ ભુવા ઉપરાંત પુના ભરવાડ, ઉદેસિંહ બીશ્ટ, મહેશ બાબરિયા, યોગેશ પટેલ, અતુલ ગજેરાનાં નામો હાજરીપત્રકમાં ચઢાવીને આ ભુતિયા ગાર્ડનાં નામે ખોટા હાજરીપત્રક તેમજ ખોટા પગારબિલ બનાવી નવ મહિનામાં કુલ ૩.૯૮ લાખ રૂપિયા શિક્ષણ સમિતિ પાસેથી ઉસેટી લીધાં હતાં. એજન્સી પાસેથી સીક્યુરિટી ગાર્ડનાં પગારબિલ માગવામાં આવતાં તેણે ખોટા વાઉચરો બનાવીને રજૂ કર્યાં હતાં.

મેહુલ પટેલે સીક્યુરિટી એજન્સી સામે તો પોલીસ ફરિયાદ નોંધાવી પરંતુ આ ભુતિયા સીક્યુરિટી ગાર્ડનું કૌભાંડ શાળાનાં આચાર્યનાં મેળાપીપણા વિના શક્ય જ નથી. સીક્યુરિટી ગાર્ડનું અવારનવાર ચેકિંગ કરવાનું આચાર્યની ફરજમાં આવે છે જેથી તે અજાણ હોય તે બાબત માની શકાય તેમ જ નથી. ઈન્ચાર્જ આચાર્ય કમલેશ પટેલની ભૂમિકા શંકાસ્પદ હોવા છતાં તેમનો પોલીસ ફરિયાદમાં કેમ ઉલ્લેખ નથી કરાયો તે બાબતે શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાને પુછતાં તેમણે પણ હજુ તપાસ કરવાની બાકી હોવાનું ગાણું ગાયું હતું. એક મહિના સુધી આંતરિક તપાસ કરવામાં આવી પછી જ પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે તેમ જણાવનાર રાજેન્દ્ર કાપડિયા એક મહિનાની આંતરિક તપાસમાં ઈન્ચાર્જ આચાર્યની ભૂમિકા સ્પષ્ટ કરવામાં ગોથું ખાઇ ગયાં હતાં. શક્તિ સીક્યુરિટી એજન્સીનાં ૧૦ લાખ રૂપિયા ફ્રીજ કર્યાં હોવાનું તેમણે કહ્યું હતું.

**શક્તિ સિક્યુરિટી એજન્સીને એક મહિના પછી પણ બ્લેકલીસ્ટ કરવાની કાર્યવાહી કરાઇ નથી**

મહાનગર પાલિકા દ્વારા સંચાલિત શિક્ષણ સમિતિની કઠોદરા ખાતે આવેલી શાળામાં સીક્યુરિટી ગાર્ડ મૂકવામાં કૌભાંડ આચરનાર શક્તિ સીક્યુરિટી એજન્સીએ ત્રણને બદલે એક જ સીક્યુરિટી ગાર્ડ મૂકીને નવ મહિના સુધી ગાડું ગબડાવ્યે રાખ્યું હતું. શાળામાં નવા આચાર્યની નિમણૂક થતાં સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવ્યું અને ઈન્ચાર્જ શાસનાધિકારી મેહુલ પટેલે લસકાણા પોલીસ મથકમાં શક્તિ સીક્યુરિટી એજન્સી સામે ફરિયાદ નોંધાવી હતી. શિક્ષણ સમિતિનાં ઈન્ચાર્જ શાસનાધિકારી તેમજ ચેરમેને એક મહિના સુધી આંતરિક તપાસ કરી હતી. આટલી ગંભીર બાબત હોવા છતાં સીક્યુરિટી એજન્સીને તત્કાળ બ્લેકલીસ્ટ કરવાની કોઈ જ કાર્યવાહી ઈન્ચાર્જ શાસનાધિકારી દ્વારા કરવામાં નહીં આવતાં આશ્ચર્ય સર્જાયું છે.

**રજની વાવડીયાની હેરાન કરતાં યુવક નીલ અને પિતા વિષ્ણુ દેસાઇ સામે ફરિયાદ**

## સંબંધ રાખવા કરાતાં દબાણ અને ત્રાસને પગલે વેડરોડની પાટીદાર યુવતીએ આપઘાત કર્યો




સુરત, તા.૧૫

નાનીવેડ વિસ્તારમાં પાટીદાર યુવતીના ચકચારી આપઘાત પ્રકરણે પોલીસે ત્રાસ આપનાર યુવક અને તેનું ઉપરાણું લેનાર પિતા સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.સિંગણપોર પોલીસ પાસે મળતી માહિતી અનુસાર નાનીવેડના વિધિ પેલેસમાં રહેતા રજનીભાઈ ગંગદાસભાઇ વાવડીયા કન્સ્ટ્રક્શન નો ધંધો કરે છે. અમરેલી જિલ્લાના લાઠી તાકુલાના વતની રજનીભાઇનો મોટો-દિકરો નામે વંશ કતારગામ આશ્રમ નંદુ દોશીની વાડી ખાતે અમૃત જેમ્સ નામના હિરાના કારખાનામાં કામ કરે છે. જ્યારે ૧૯ વર્ષીય નાની દીકરી નૈના છેલ્લા બે વર્ષથી આંબાતલાવડી એવલોન બિલ્ડીંગની બાજુમાં આવેલા ટ્યુશન ક્લાસમાં આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતી હતી. ગત ૧૩મી જુલાઈએ સાંજે નૈનાએ ઘરમાં ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. દીકરીએ ભરેલા આત્યંતિક પગલા અંગે રજનીભાઇએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, સાતેક મહિના અગાઉ નૈનાને અજાણ્યાનો કોલ આવતાં હતાં. તે કોલ રિસીવ કરતી ન હોવાથી પૂછવામાં આવ્યું તો તેણે નીલ દેસાઇ નામનો છોકરો મને ફોન કરે છે એમ કહ્યું હતું. રજનીભાઇએ મોબાઇલ ફોન સ્પીકરમાં કરી વાત કરવાનું કહેતા એ છોકરોએ થે એલફેલ ભાષામાં વાત કરી ગાળાગાળી કરવા માંડી હતી. જે સાંભળી રજનીભાઇએ ફોન લઈ વાત કરતાં તેણે કોલ કટ કરી દીધો હતો.આ નીલ દેસાઇ વિશે પૂછાતાં નૈનાએ કહ્યું હતું કે, નીલ વિષ્ણુભાઇ દેસાઇ મારા ટ્યુશન કલાસ પર ઘણા સમયથી આવે છે, તે મારી સાથે મિત્રતા કેળવવા બળજબરી પુર્વક પ્રયાસો કરી મારો પીછો પણ કરતો રહે છે. તે મને ગેર સબંધ રાખવા બળજબરી અને દબાણ કરી રહ્યો છે. આ જાણ્યા બાદ રજનીભાઇએ દીકરી ભણાવવા જતી હતી એ ટ્યુશન ક્લાસના સંચાલક સાગર વસોયાને કોલ કરી સઘળી હકીકત જણાવી અને નીલના પિતા વિષ્ણુ દેસાઇનો નંબર મેળવ્યો હતો. રજનીભાઇએ વિષ્ણુ દેસાઇને કોલ કરી તે નૈનાનો પીછો કરી પરેશાન કરી રહ્યો છે એવી વાત કરતાં તેઓ ગુસ્સે ભરાયા હતાં. વિષ્ણુ દેસાઇએ ઉગ્ર ભાષામાં વાત કરતાં ગાળો આપવા સાથે મારા દિકરાની કોઇ ભુલ નથી, તમે અમારી માથે ખોટી વાત નો કરો એમ કહ્યું હતું.

**સુરત ડાયમંડ બુર્સમાં ખૂલેલી ઓફિસો દિન પ્રતિદિન બંધ થઇ રહી છે**

## સુરત ડાયમંડ બુર્સમાં હીરાબજારની ગલીઓ જેવો માહોલ ઉભો કરવાની યોજના નિષ્ફળ

સુરત, તા.૧૫

સુરત ડાયમંડ બુર્સમાં રાજ્યસભાનાં સાંસદ અને દિગ્ગજ હીરા ઉદ્યોગપતિ ગોવિંદ ધોળકિયા ચેરમેન બન્યા પછી ૨૦૨૪ની અષાઢી બીજે બીજી વખતનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું અને એ સમયે એક વર્ષમાં એક હજાર ઓફિસો શરૂ થઇ જશે તેવી જાહેરાતો સુરત ડાયમંડ બુર્સના કારભારીઓએ કરી હતી, આજે એ વાતને એક વર્ષ પૂરું થઇ ચૂક્યું છે ત્યારે સ્થિતિ એ છે કે સુરત ડાયમંડ બુર્સમાં શરૂ થયેલી ઓફિસો દિનપ્રતિદિન બંધ થઇ રહી છે, ઓફિસ શરૂ કરનાર હીરાના વેપારીઓ, ઉદ્યોગપતિઓ હવે ઓફિસો બંધ કરીને પોતાની જૂની ધંધાકીય ઓફિસેથી વેપાર શરૂ કરી દીધો છે. સૌથી મોટી કમનસીબી એ પણ છે કે સુરત ડાયમંડ બુર્સમાં નાના વેપારીઓ અને હીરા દલાલો માટે નાની કેબિનો અને હીરા બજારની ગલીઓ જેવો માહોલ ઉભો કરવા માટે બનાવવામાં આવેલો હોલ સાવ ખાલીખમ છે, સ્ટ્રીટ લાઇક માહોલ ઉભો કરવા પાછળ કરેલો લાખો રૂપિયાનો ખર્ચ માથે પડ્યો છે.રૂ.૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે સંપૂર્ણપણે સહકારી ધોરણે, એક પણ રૂપિયાનું ધિરાણ લીધા વગર જેનું નિર્માણ કરવામાં આવ્યું છે અને સમગ્ર વિશ્વ જેને સૌથી મોટા ઓફિસ બિલ્ડિંગ તરીકે ગણે છે એવા સુરતના ખજોદમાં ડ્રીમ સિટીમાં આકાર પામેલું સુરત ડાયમંડ બુર્સ એક મેજર ફેલ્યોર તરફ આગળ વધી રહ્યું છે. સુરત ડાયમંડ બુર્સને બેઠું કરવા માટેના તમામ પ્રયાસો વિફળ રહ્યા છે. વિશ્વના સૌથી મોટા હીરા ઉદ્યોગપતિ કિરણ જેમ્સનાં વલ્લભ પટેલ ચેરમેન હતા તેમની જગ્યાએ એસ. આર.કે.નાં સ્થાપક અને રાજ્યસભાનાં સાંસદ ગોવિંદ ધોળકિયાને ચેરમેન બનાવાયા પછી અનેક સુરત ડાયમંડ બુર્સને બેઠું કરવાના અનેક ઉપાયો કરવામાં આવ્યા. સુરત-મુંબઇના મોટા હીરા ઉદ્યોગપતિઓએ જ સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસો શરૂ કરી નહીં એટલે સુરતના મહિધરપુરા અને મિનીબજાર જ્યાં નાના વેપારીઓ અને દલાલો કરોડો રૂપિયાના હીરાની લેવેચ કરે છે એમના શરણે ડાયમંડ બુર્સના કારભારીઓ પહોંચ્યા હતા. હીરા બજારની ગલીઓ જેવો માહોલ ઉભો કરવા માટે ડાયમંડ બુર્સમાં દસ બાય દસની નાની કેબિનો અને મોટો હોલ બનાવીને તેમાં ટેબલો ફાળવવામાં આવ્યા હતા. દોઢસોથી વધુ લોકોને માસિક ભાડે અપાયા હતા. નાના વેપારીઓ અને દલાલો માંડ દસેક દિવસ બુર્સમાં બેઠા અને એકપણ રૂપિયાનો બિઝનેસ થયો નહીં એટલે કેબિનો અને ટેબલોની જગ્યા પાછી ફાળવી દીધી. હીરા બજાર જેવો સ્ટ્રીટ લાઇક માહોલ ઉભો કરવાની પાછળ લાખો રૂપિયા ખર્ચવામાં આવ્યા પણ આજે કેબિનો અને હોલ ભેંકાર ભાસે છે.એવી પણ માહિતી મળી રહી છે કે જે ૧૫૦ ઓફિસો શરૂ થઇ હતી તે પણ ટપોટપ બંધ થઇ રહી છે અને હાલમાં સિંગલ ડિજીટમાં ઓફિસો ચાલી રહી છે તેવા અહેવાલો મળી રહ્યા છે. હવે ખુદ મોટા ઉદ્યોગપતિઓ જણાવી રહ્યા છે કે સુરત ડાયમંડ બુર્સ હવે ધોળા હાથીની જેમ શોભાના ગાંઠીયા સમાન બની રહ્યો છે.

**જાનવી એન્ટરપ્રાઇઝ પાસે લીધેલા હીરા અડધી કિંમતમાં વેચી નાખ્યાં**

## કરોડોમાં ઉઠેલા લાખાણી ડાયમંડ વિરુદ્ધ ૩૧.૬૬ લાખનાં ફ્રોડની વધુ એક ફરિયાદ

સુરત, તા.૧૫

કરોડોમાં ઉઠમણું કરનારા લાખાણી ડાયમંડના કર્તાહર્તાઓ સામે ૩૧.૬૬ લાખનાં ચીટિંગની વધુ એક ફરિયાદ નોંધાઇ છે.

પોલીસ પાસે મળતી માહિતી અનુસાર ઉત્રાણ વિસ્તારમાં વીઆઈપી સર્કલ પાસે આવેલા પાર્ક એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતા રાજેશ પુનાભાઇ ચોવટીયા જાનવી એન્ટરપ્રાઇઝ નામથી હીરાનું કારખાનું ચલાવે છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં રાજેશભાઇને તેમના ભાગીદાર નયન ચોસલાએ અક્ષર ભુપતભાઇ લાખાણી (રહે- રાધિકા રેસિડેન્સી, વરિયાવ, સુરત), આનંદ વાણીયા અને કેવલ ઘનશ્યામભાઇ બરવાળીયા (રહે- સંસ્કૃતિ રેસિડેન્સી, મોટા વરાછા, સુરત) સાથે કરાવી હતી. આ ત્રણેય જણા લાખાણી ડાયમંડ નામથી સારો ધંધો કરે છે. તેઓ મોટા પાયે માલની ખરીદી કરી સમયસર પેમેન્ટ ચૂકવી દે છે એવી વાત ભાગીદારે કરતાં રાજેશ ચોવટીયાએ ભરોસો મૂકી એ ત્રણ સાથે ધંધો શરૂ કર્યો હતો.

આ ત્રણેયે ભેગા મળી રાજેશ પાસેથી તારીખ ૧૯/૯/૨૦૨૪ બાદ કુલ રૂપિયા ૩૧.૬૬ લાખની કિંમતના ૮૯૪.૨૧ કેરેટ લેબગ્રોન ડાયમંડની ખરીદી કરી હતી. આ પૈસા ટૂંક સમયમાં ચૂકવી આપવાનો વાયદો આપી હીરા મેળવી લીધા હતા. જો કે નિયત સમયે વાયદા અનુસાર પેમેન્ટ નહીં આવતાં રાજેશે ઉઘરાણી શરૂ કરી હતી.

લોકસત્તા જનસત્તા

# ટ્રમ્પની વિઝા નીતિથી હાર્વર્ડમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ પર શું અસર થશે?

તાજેતરમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થી વિઝા પ્રમાણપત્રને રદ કર્યું છે. આનાથી હાર્વર્ડમાં અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે ઊંડી ચિંતા ઉભી થઈ છે. ભારતના લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓ હાર્વર્ડમાં અભ્યાસ કરી રહ્યા છે. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં સંશોધન કરી રહેલા ૨૫ વર્ષીય પ્રી-ડોક્ટરલ ફેલો પાર્થિવ પટેલ (નામ બદલ્યું છે) એ જણાવ્યું કે વિઝા રદ કરવાની જાહેરાત પછી તેઓ યોગ્ય રીતે સૂઈ શક્યા નથી. તેમણે કહ્યું, 'આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ચિંતા અને ભયનું વાતાવરણ છે. અમને સમજાતું નથી કે કોની પાસે મદદ માંગવી અને ભવિષ્યમાં શું થશે. તમે આ ચિંતા સમજી શકો છો.'

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા હાર્વર્ડના સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિઝિટર પ્રોગ્રામ સર્ટિફિકેશન રદ કરવાના નિર્ણયનો અર્થ એ છે કે યુનિવર્સિટી હવે F-1 અથવા J-1 વિઝા જારી કરી શકશે નહીં અથવા સ્પોન્સર કરી શકશે નહીં, જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયદેસર રીતે અભ્યાસ કરવા માટે જરૂરી વિઝા છે. હાર્વર્ડ કહે છે કે આ નિર્ણય ૭,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને અસર કરે છે, જેમાંથી મોટાભાગના સ્નાતક કાર્યક્રમોનો ભાગ છે. જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પાસે ઓપ્ટીમલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ અથવા વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગણિત છે, જે તેમને પોસ્ટ-ગ્રેજ્યુએશન પછી ત્રણ વર્ષ માટે યુએસમાં કામ કરવાની મંજૂરી આપે છે, તેઓ પણ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જો આ વિદ્યાર્થીઓ બીજી સંસ્થામાં ટ્રાન્સફર થાય છે, તો તેમની વર્ક પરમિટ આપમેળે સમાપ્ત થઈ શકે છે. આનાથી તેમના માટે યુએસમાં કાયદેસર રીતે રહેવું અને કામ કરવું મુશ્કેલ બનશે.

જોકે, બોસ્ટનની એક ફેડરલ કોર્ટે ૨૩ મેના રોજ આ નિર્ણય પર અસ્થાયી રૂપે સ્ટે આપ્યો છે. જોકે, વિદ્યાર્થીઓને દેશનિકાલ અથવા બળજબરીથી ટ્રાન્સફર કરવાનો ભય હજુ પણ રહે છે.

હાર્વર્ડ યુનિવર્સિટી અને યુએસ ડીએચએસ વચ્ચેના વિવાદનું મૂળ એ છે કે ડીએચએસે વિદ્યાર્થીઓના રેકોર્ડની માંગણી કરી છે. આમાં તેમનો શિસ્ત ઈતિહાસ, કોઈપણ પ્રકારની હિંસા અથવા ધમકીમાં સંડોવણી અને પ્રદર્શનોમાં ભાગીદારી જેવી માહિતી શામેલ છે. ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં, હાર્વર્ડના પ્રવક્તા જેસન એ. ન્યૂટને DHSના પગલાને 'ગેરકાયદેસર' ગણાવ્યું અને કહ્યું કે હાર્વર્ડ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી માટે 'સંપૂર્ણપણે પ્રતિબદ્ધ' છે. 'આ બદલો લેવાનું વલણ હાર્વર્ડ સમુદાય અને આપણા દેશને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે અને હાર્વર્ડના શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમોને નબળી પાડી શકે છે,' ન્યૂટને લખ્યું.

મંગળવારે વધુ એક કડક પગલામાં, ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વભરના યુએસ દૂતાવાસોને વિદ્યાર્થી વિઝા માટે એપોઈન્ટમેન્ટ આપવાનું બંધ કરવાનો આદેશ આપ્યો કારણ કે તે વિઝા અરજદારોની સોશિયલ મીડિયા ચકાસણીને કડક બનાવવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી મોટો સમુદાય બનાવે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ અનુસાર, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં નોંધાયેલા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩.૩૧ લાખથી વધુ છે.

મુંબઈ સ્થિત નેક્સ્ટ જેન એજ્યુકેશન ઈન્ડિયાના સ્થાપક સંદીપ શર્મા, જે વિદ્યાર્થીઓને વિદેશમાં પ્રવેશ અને કારકિર્દી માર્ગદર્શન મેળવવામાં મદદ કરે છે, તેમણે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રની આ કઠિન નીતિઓએ ભય અને અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું કર્યું છે. જેના કારણે ભવિષ્યના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ હવે અમેરિકન સંસ્થાઓ પસંદ કરવામાં અચકાઈ શકે છે. શર્માએ કહ્યું, 'વિદ્યાર્થીઓ ખૂબ જ આઘાતમાં છે અને ખૂબ જ નિરાશ છે. તાજેતરની ઘટનાઓ સ્પષ્ટ કરે છે કે યોજના ગમે તેટલી સારી હોય, તે રાજકારણ દ્વારા મર્યાદિત થઈ જાય છે. પરંતુ વિદ્યાર્થીઓ હિંમતવાન છે અને એક સમુદાય તરીકે આપણે ખાતરી કરવી પડશે કે નીતિઓને કારણે તેમની આશાઓ તૂટી ન જાય.' - તંત્રી



## આ જૂતામાં એવું શું ખાસ છે? કરોડો રૂપિયાની કિંમતે વેંચાતા આ સ્નીકર્સ કોણે પહેર્યા હતા?

# ૬૬ કરોડ એક સ્નીકરની કિંમત!!



દીપક આશર
કેનવાસ



સ્નીકર્સ... એ જ જૂતા, જે એક સમયે ફક્ત જીમમાં કૂદવા અથવા શેરીમાં સ્ટાઈલ બતાવવા માટે હતા, આજે તે હરાજીમાં હીરા અને ઝવેરાત સાથે સ્પર્ધા કરી રહ્યા છે, પરંતુ તેમાં એવું શું ખાસ છે કે લોકો તેના માટે આખી રાત લાઈનમાં ઉભા રહે છે. તેઓ લાખો રૂપિયા ખર્ચ કરે છે અને કેટલાક તેમને પહેરતા પણ નથી, ફક્ત તેને તેમના જૂતાના બોક્સમાં સજાવી રહ્યાં છે. આજકાલ સ્નીકર્સનો ક્રેઝ એવો છે કે તે ફક્ત પગને જ શણગારતા નથી, પરંતુ સ્ટેટસ, સ્ટાઈલ અને કલ્ચરનો બેજ પણ બની ગયા છે. શું છે આ સ્નીકર્સનો ઈતિહાસ?

૧૯મી સદીમાં જ્યારે રબરના તળિયાવાળા જૂતા પહેલીવાર બનાવવામાં આવ્યા હતા, ત્યારે સ્નીકર્સનો પ્રારંભ થયો હતો. આ જૂતા શરૂઆતમાં રમતગમત માટે હતા. ખાસ કરીને ટેનિસ અને ક્રિકેટ જેવી રમતો માટે, પરંતુ વાસ્તવિક રમત ત્યારે શરૂ થઈ જ્યારે કન્વર્સે ૨૦મી સદીમાં ચક ટેલર ઓલ-સ્ટાર્સ લોન્ચ કર્યા. આ બાસ્કેટબોલ માટે બનાવવામાં આવ્યા હતા, પરંતુ ધીમે ધીમે તેમનો સ્વેગ વધ્યો. અને તે શેરીઓમાં લોકપ્રિય બન્યાં હતા, પછી ૧૯૮૫માં નાઈકે માઈકલ જોર્ડન સાથે એર જોર્ડન લોન્ચ કર્યું. અને બસ, સ્નીકર્સની દુનિયાની રમત બદલાઈ ગઈ હતી. આ જૂતા ફક્ત સ્પોર્ટસવેર નહોતા, પરંતુ પોપ-કલ્ચરનો ભાગ બન્યા. માઈકલ જોર્ડનના જૂતા જોઈને લોકો કહેતા, યે તો સ્ટાઈલ કા બાપ હૈ!

માર્કેટિંગ અને બ્રાન્ડ્સની ચાલાકી પણ સ્નીકર્સનો ક્રેઝ વધારવામાં મોટી ભૂમિકા ભજવી હતી. નાઈકી, એડિડાસ, પુમા જેવી બ્રાન્ડ્સ લિમિટેડ એડિશન સ્નીકર્સ લોન્ચ કરે છે. આ શૂઝને eBay, StockX જેવા પ્લેટફોર્મ પર લોકો બેથી દસ ગણા ભાવે રિસેલમાં ખરીદે છે. ઉદાહરણ તરીકે, નાઈકી યીઝી બૂસ્ટની છૂટક કિંમત $૩૫૦ હતી, પરંતુ તે રિસેલમાં $૧,૦૦૦ સુધી વેચાયા હતા.

આજે સ્નીકર્સ ફક્ત જૂતા નથી, તે રોકાણ છે. લોકો તેમને શેર અથવા કલાની જેમ ખરીદે છે. અને વર્ષો પછી તેઓ મોટો નફો કમાય છે. હા, નફો ફક્ત શેરબજારમાં જ થતો નથી! સ્નીકર્સ માર્કેટ પણ ખૂબ મોટું બજાર છે. ૨૦૨૩માં વૈશ્વિક સ્નીકર્સ માર્કેટની આવક રૂ. ૬ લાખ કરોડથી વધુ હતી. એવો અંદાજ છે કે ૨૦૨૬ સુધીમાં તે $૧૦૦ બિલિયન (રૂ. ૮ લાખ કરોડથી વધુ) સુધી પહોંચી શકે છે. હવે ટોપ - ૧૦ સ્નીકર્સ વિશે જાણીએ.

### ૧. ધ ડાયનેસ્ટી કલેક્શન - ₹૬૬ કરોડ

પહેલા નંબરે માઈકલ જોર્ડનનું 'ડાયનસ્ટી કલેક્શન' છે. આ ફક્ત એક જોડી જૂતા નથી, પરંતુ ૮ જોડી એર જોર્ડન સ્નીકરનો ખજાનો છે. આ તે જૂતા છે જે જોર્ડને ૧૯૯૧ થી ૧૯૯૮ દરમિયાન NBA ચેમ્પિયનશિપની ફાઈનલ રમતોમાં પહેર્યા હતા. દરેક જોડીની પોતાની કહાની છે, જે દરેક શરૂઆતથી જોર્ડનની મહેનતનો પુરાવો છે.

### ૨. 'ધ લાસ્ટ ડાન્સ' એર જોર્ડન - ₹૧૮.૩ કરોડ

૧૯૯૮ના NBA ફાઈનલ્સમાં ઉટાહ જાઝને હરાવવા માટે માઈકલ જોર્ડને એર જોર્ડન ૧૩ પહેર્યું હતું. આ એ જ જૂતા છે જે જોર્ડને તેની કારકિર્દીના અંતમાં પહેર્યા હતા. તેથી જ તેને ''ધ લાસ્ટ ડાન્સ'' કહેવામાં આવે છે. ૨૦૨૩ માં, સોથેબીઝ ખાતે તેની બોલી ₹૧૮.૩ કરોડ સુધી પહોંચી.

### ૩. સોલિડ ગોલ્ડ એર જોર્ડન - ₹૧૬.૫ કરોડ

હવે વાત કરીએ તે જૂતા વિશે જે ખરેખર સોનાથી બનેલા છે. હા, ૨૪ કેરેટ સોનું. રેપર ડ્રેક અને એક્ટર મેથ્યુ સીનાએ સાથે મળીને સોલિડ ગોલ્ડ એર જોર્ડન ૧૦ બનાવ્યા હતા. આ જૂતા ૨૪ કેરેટ સોનામાંથી બનાવવામાં આવ્યા છે, અને દરેક જૂતાનું વજન ૧૦૦ પાઉન્ડ (૪૫ કિલો) થી વધુ છે. તેમને પહેરવાનું વિચારશો પણ નહીં, કારણ કે આ જૂતા ચાલવા માટે નહીં પણ દેખાડવા (શો પીસ) માટે બનાવવામાં આવ્યા છે.

### ૪. નાઈકી એર યીઝી સેમ્પલ્સ - ₹૧૫ કરોડ

કાન્યે વેસ્ટએ ૨૦૦૮ના ગ્રેમી એવોર્ડ્સમાં નાઈકી એર યીઝી ૧ પ્રોટોટાઈપ પહેર્યું હતું. આ જૂતા સ્નીકર સંસ્કૃતિમાં એક નવી દિશા બતાવી, કારણ કે તે હિપ-હોપ અને હાઈ-ફેશનને એકસાથે લાવ્યા હતા. ૨૦૨૧ માં તેની બોલી વધીને ₹૧૫ કરોડ થઈ ગઈ હતી.

### ૫. નાઈકી એર શિપ - ₹૧૨ કરોડ

આ સ્નીકર્સ એક સમયે સૌથી મોંઘા સ્પોર્ટ્સ શૂઝ બની ગયા હતા. વર્ષ ૨૦૨૧માં આ જૂતા હરાજીમાં ૧૨ કરોડ રૂપિયાથી વધુમાં વેચાયા હતા. માઈકલ જોર્ડને નવેમ્બર ૧૯૮૪માં પોતાની ૫મી NBA ગેમમાં આ સ્નીકર્સ પહેર્યા હતા. જો તમે સ્નીકરના ગંભીર ચાહક છો તો તમને ખબર હશે કે જ્યારે જોર્ડન લીગમાં એર જોર્ડન પહેરતો હતો ત્યારે નાઈકી તેની ડિઝાઈનને અંતિમ સ્વરૂપ આપી રહ્યું હતું. મતલબ કે, આ જોર્ડનની સિગ્નેચર લાઈનનો ભાગ નહોતા. એટલા માટે આ વધુ ખાસ છે.

### ૬. 'ફ્લૂ ગેમ' એર જોર્ડન - ₹૧૧.૫ કરોડ

૧૯૯૮ NBA ફાઈનલ્સની ગેમ ૫. માઈકલ જોર્ડનને ખૂબ તાવ હતો, પરંતુ તેણે એર જોર્ડન ૧૨ પહેરીને ૩૮ પોઈન્ટ મેળવ્યા હતા. તેથી જ આ જૂતા ''ફ્લૂ ગેમ'' તરીકે પ્રખ્યાત થયા હતા. ૨૦૨૦માં ધ લાસ્ટ ડાન્સ રિલીઝ થયા પછી અને એર જોર્ડન્સમાં ચાહકોની રુચિમાં વધારો થયા પછી, દૂમેને ગ્રે ફ્લેનલ ઓક્શન્સને $૨૦૦,૦૦૦ થી થોડા વધુ કિંમતે જૂતા વેચી દીધા. માત્ર ત્રણ વર્ષ પછી, વર્ષ ૨૦૨૩માં આ જૂતાની ફરીથી હરાજી કરવામાં આવી. પછી તે ૧૧.૫ કરોડ રૂપિયામાં વેચાયા હતાં.

### ૭. 'ગ્લાસ શાર્ડ' એર જોર્ડન - ₹૫.૧ કરોડ

૧૯૮૫માં માઈકલ જોર્ડને ઈટાલીમાં એક પ્રદર્શની મેચમાં એટલી જોરથી ડંક માર્યો કે બેકબોર્ડ તૂટી ગયું હતું. આ એર જોર્ડન ૧ જૂતા આજે 'ગ્લાસ શાર્ડ' તરીકે પ્રખ્યાત છે. તૂટેલા બેકબોર્ડના ટુકડા તેના તળિયામાં જડેલા છે. ૨૦૨૦માં હરાજીમાં તેની કિંમત વધીને ₹૫.૧ કરોડ થઈ ગઈ.

### ૮. 'એચિલીસ ગેમ' નાઈકી કોબે - ₹૫ કરોડ

૧૨ એપ્રિલ, ૨૦૧૩. કોબે બ્રાયન્ટે પોતાની કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું. ગોલ્ડન સ્ટેટ વોરિયર્સ સામેની મેચ દરમિયાન તેને ઈજા થઈ હતી. પણ કોબે અટક્યો નહીં. તેણે મેચમાં ૩૨ પોઈન્ટ બનાવ્યા. તે કોર્ટ પર રહ્યો અને એક પગથી બે ક્લચ ફ્રી થ્રો કર્યા. આ મેચમાં કોબેએ પહેરેલા જાંબલી અને સોનાના જૂતાની ફેબ્રુઆરી ૨૦૨૫માં $૫૦ મિલિયનમાં હરાજી કરવામાં આવી હતી.

### ૯. ગેમ-વોર્ન એર જોર્ડન - ₹૪.૭ કરોડ

૨૦૧૯માં માઈકલ જોર્ડન દ્વારા તેના રુકી સીઝન દરમિયાન પહેરવામાં આવેલી એર જોર્ડનની જોડી હરાજી માટે ગઈ. આ જૂતા ફક્ત જૂતા નથી, પરંતુ બાસ્કેટબોલના ઈતિહાસનો એક ભાગ છે. જોર્ડન દ્વારા સહી કરાયેલા આ જૂતા એટલા ખાસ હતા કે ૧૦ દિવસની હરાજીના છેલ્લા કલાકોમાં બોલી ૩૦૦,૦૦૦ ડોલરથી વધીને ૫૬૦,૦૦૦ ડોલર પર બંધ થઈ હતી.

### ૧૦. નાઈકી 'મૂન શૂ' - ₹૩.૬ કરોડ

૧૯૭૨માં નાઈકી શરૂઆત કરી ત્યારે તેના સહ-સ્થાપક બિલ બોવરમેને 'મૂન શૂઝ' બનાવ્યા. તેમના વેફલ-ટ્રેડ શૂઝ ચંદ્ર પરના પગના નિશાન જેવા દેખાતા હતા, તેથી તેનું નામ મૂન શૂઝ રાખવામાં આવ્યું. આ જૂતાની માત્ર થોડા ડઝન જોડી જ બનાવવામાં આવી હતી. જે યુએસ ટ્રેક એન્ડ ફિલ્ડ ઓલિમ્પિક ટ્રાયલ્સમાં રમતવીરોને આપવામાં આવ્યા હતા. આ જૂતાથી પ્રેરિત થઈને, નાઈકે ૧૯૭૪ માં વેફલ ટ્રેનર લોન્ચ કર્યું. જેણે કંપનીનું નસીબ બદલી નાખ્યું હતું.

**૧૯મી સદીમાં ટેનિસ અને ક્રિકેટ માટે બનેલા સ્નીકર્સનું નસીબ એવું બદલાયું કે પછી બાસ્કેટબોલથી લઈને પોપ કલ્ચર સુધી પહોંચ્યા**

## સમગ્ર દેશમાં મતદાર યાદીઓની પુનઃસમીક્ષા થવી જોઈએ

# બિહારની મતદાર યાદીમાં ૧૦ ટકાથી વધુ મતદારો ગેરકાયદેસર?



જયેશ શાહ
વિશ્લેષણ



બિહારમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીમાં સુધારણા માટે ચૂંટણી પંચના વિશેષ સઘન પુનઃપરીક્ષણ (એસઆઈઆર) અભિયાનના વિરોધમાં કોંગ્રેસ, રાજદ સહિત અનેક પક્ષો, સ્વયંસેવી સંસ્થાઓએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. ૧૦થી વધુ અરજીઓ પર સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી હાથ ધરાઈ હતી. તમામ આરોપ-પ્રત્યારોપ, શંકાઓ અને રાજકીય શોરબકોર વચ્ચે સર્વોચ્ચ અદાલતે મતદાર યાદીના વિશેષ સઘન પુનઃ પરીક્ષણ પર સ્ટે મુકવાનો ઈનકાર કરી દીધો હતો. સર્વોચ્ચ અદાલતે ચૂંટણીપંચના પગલાંના તર્ક અને વ્યવહારિકતાનું સમર્થન કર્યું હતું. સર્વોચ્ચ અદાલતમાં ચૂંટણીપંચના અધિકારીઓનું કહેવું હતું કે બિહારમાં મતદાર યાદીમાં મોટી સંખ્યામાં વિદેશીઓના નામ સામેલ છે. ચૂંટણીપંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે અમે મતદાર યાદી સુધારણા માટે ઘરે ઘરે જઈને મુલાકાતો કરી હતી. આ દરમિયાન નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારના લોકો મોટી સંખ્યામાં મળ્યા. ચૂંટણીપંચના અધિકારીઓના જણાવ્યા અનુસાર આવા લોકોની તપાસ એક ઓગસ્ટ પછી કરવામાં આવશે તથા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના નામ ૩૦ સપ્ટેમ્બરે પ્રકાશિત થનારી અંતિમ મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે નહીં.

વિધુ શેખર અને મિલનકુમાર દ્વારા કરવામાં આવેલ સઘન સંશોધન દરમિયાન ચોંકાવનારી માહિતી પ્રગટ થઈ છે અને તે ચૂંટણીપંચના અનુમાનને સાચી સાબિત કરી રહી છે. આ સંશોધન અહેવાલ અનુસાર બિહારની મતદાર યાદીનો લગભગ ૧૦% હિસ્સો ગેરકાયદેસર હોઈ શકે છે. આ એવા નામો છે જે જન્મ, મૃત્યુ અથવા સ્થળાંતર દ્વારા સમજાવી શકાતા નથી અને છતાં મતદાર યાદીમાં છે. આના કારણે સાચી રીતે ચૂંટણીઓનું આયોજન થઈ શકતું નથી અને તે અંતે ભારતીય લોકશાહીને નબળી પાડે છે. પુણે જેવું આખું શહેર ભારતના નકશામાંથી ગાયબ થઈ જાય છતાં તેના રહેવાસીઓ દરેક ચૂંટણીમાં મતદાન કરતા રહે તો શું થાય? આ કોઈ વિચાર પ્રયોગ નથી. આ બિહારની ચૂંટણીની કડવી વાસ્તવિકતા છે.

વિધુ શેખર અને મિલનકુમાર દ્વારા કરવામાં આવેલ સંશોધન દરમિયાન બિહારના કાયદેસર મતદારોનું પુનર્ગઠન કરવા માટે સંપૂર્ણપણે સત્તાવાર વસ્તી ગણતરીના ડેટા, જૂની મતદાર યાદીઓ, વય-વિશિષ્ટ અસ્તિત્વની સંભાવનાઓ, જન્મ સમૂહના અંદાજો અને આંતરરાજ્ય સ્થળાંતરના સત્તાવાર ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેનું વૈજ્ઞાનિક રીતે સ્ટેટેસ્ટિકલ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ બંને સંશોધકોનું કહેવું છે કે બિહાર રાજ્યની વર્તમાન મતદાર યાદીમાં ૭૭ લાખ નામો કોઈપણ વસ્તી વિષયક તર્ક દ્વારા સમજાવી શકાતા નથી. આ ૭૭ લાખ કલ્પિત મતદારો છે.

આ બંને સંશોધકોને ચૂંટણી પંચે બિહારમાં ૭.૮૯ કરોડ નોંધાયેલા મતદારોની યાદી આપી હતી. સંશોધકોના વિસ્તૃત અભ્યાસ અને વિશ્લેષણ અનુસાર બિહાર રાજ્યમાં કુલ મતદારો ૭.૧૨ કરોડ હોવા જોઈએ. આ સાબિત કરે છે કે બિહારની મતદાર યાદીઓમાં ૧૦% મતદારો વધારે છે જે પ્રતિ મતવિસ્તાર સરેરાશ ૩૦,૦૦૦થી વધુ હોઈ શકે છે.

બિહાર એક એવું રાજ્ય છે કે જ્યાં બહુપાંખિયા જંગમાં જીતનું માર્જિન ખૂબ જ પાતળું છે ત્યારે લગભગ ૧૦% ગેરકાયદેસર મતદારો ચૂંટણીના વાસ્તવિક પરિણામોમાં વ્યાપક ઉલટફેર લાવી શકે છે. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી ૫૨ (બાવન) બેઠકો પર જીતનું માર્જિન ૨.૫%થી ઓછું હતું. તેમાંથી સત્તર બેઠકો એક ટકાથી ઓછા મતથી જીતી હતી. આવા રસાકસીભર્યા ચૂંટણી જંગમાં ૧૦% ગેરકાયદેસર મતદારો સાચું પરિણામ આપી શકે નહિ. આવા ગેરકાયદેસર

**બિહાર એક એવું રાજ્ય છે કે જ્યાં બહુપાંખિયા જંગમાં જીતનું માર્જિન ખૂબ જ પાતળું છે ત્યારે લગભગ ૧૦% ગેરકાયદેસર મતદારો ચૂંટણીના વાસ્તવિક પરિણામોમાં વ્યાપક ઊલટફેર લાવી શકે છે**

મતદારોને વ્યાપક સમર્થન ઘણા રાજકીય પક્ષો તરફથી મળી રહ્યું છે જે હકીકતમાં લોકશાહી માટે ગંભીર ખતરા સમાન છે.

બન્ને સંશોધકોનું કહેવું છે કે અમારા વિશ્લેષણમાં બિહારની યાદીમાં ૭૭ લાખ નામો એવા છે જે જન્મ, મૃત્યુ અથવા રહેઠાણ દ્વારા વાજબી ઠેરવી શકાતા નથી. આ તારણ અભિપ્રાય આધારિત નથી. તે સંપૂર્ણપણે સત્તાવાર ડેટા અને રૂઢિચુસ્ત ધારણાઓ પર આધારિત વસ્તી વિષયક વિશ્લેષણમાંથી ઉભરી આવે છે. ચૂંટણી અધિકારીઓ ભાગ્યે જ ઔપચારિક વિનંતીઓ વિના કાર્ય કરે છે અને કોઈપણ પદ્ધતિ વ્યવસ્થિત રીતે આંતરરાજ્ય સ્થળાંતરને ટ્રેક કરતી નથી. ભારતમાં મતદારોને એક સાથે અનેક રાજ્યોમાં નોંધણી કરાવવાની મંજૂરી આપે છે.

બિહારમાં ચૂંટણી પંચનું વિશેષ સઘન પુનઃપરીક્ષણ (એસઆઈઆર) અભિયાન યોગ્ય દિશામાં એક પગલું છે. જો કે જો આ સુધારો ઢીલા ધોરણો અને નબળા ચકાસણી પ્રોટોકોલ સાથે હાથ ધરવામાં આવશે તો તેના હકારાત્મક પરિણામો પ્રાપ્ત થઈ શકશે નહીં. જો ફક્ત નિષ્ક્રિય વહીવટી ઘોષણાઓ પર આધાર રાખશે અથવા નાગરિકતાના પુરાવા તરીકે ઓછા શ્રેષ્ઠ દસ્તાવેજો નક્કી કરશે તો આ અભિયાન પણ સારા પરિણામો આપી શકશે નહીં. ઉદાહરણ તરીકે ઘણા રાજ્યોમાં લાખોની સંખ્યામાં બનાવટી રેશનકાર્ડ હોવાનું જાણવા મળ્યું છે એથી તેને વિશ્વસનીય ઓળખકર્તા તરીકે ગણી શકાય નહીં.

મતદાર યાદીઓમાં અસરકારક સુધારા માટે ક્ષેત્ર ચકાસણી, મૃત્યુ અને સ્થળાંતર રેકોર્ડનું એકીકરણ અને મૃત્યુ અથવા સ્થળાંતર પર આપમેળે દૂર કરવા માટે ફરજિયાત કાયદાની જરૂર છે. ચૂંટણી મતદાન પછી શરૂ થતી નથી પરંતુ મતદાર યાદીઓનું સંકલન થાય ત્યારથી તેની શરૂઆત થતી હોય છે. જો મતદાર યાદીઓ પોતે જ સાચી ન હોય તો દરેક મતની કાયદેસરતા અને મૂલ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે એમ સ્પષ્ટ રીતે કહી શકાય.

આ સંશોધન અભ્યાસની નીતિગત અસરો સ્પષ્ટ છે. બિહારમાં ચૂંટણી પંચનું વિશેષ સઘન પુનઃપરીક્ષણ અભિયાન સઘન સુધારા સાથે થવું અનિવાર્ય છે. બિહાર મતદાર યાદીઓના પુનઃપરીક્ષણ તેમજ મતદાર યાદીઓને ગતિશીલ, સચોટ અને વસ્તી વિષયક રીતે આધારભૂત બનાવવાના હેતુ માટે પ્રયોગશાળા બની રહેશે. બિહારમાં મતદાર યાદીઓ બનાવતા સમયે જે જે તકલીફો આવે તો તે અંગે સંસ્થાકીય તેમજ કાનૂની સુધારાઓ કરવા જોઈએ. ત્યારબાદ દરેક રાજ્યોમાં ચૂંટણી પંચે મતદાર યાદીઓના રીવીઝન માટે વિશેષ સઘન પુનઃપરીક્ષણ અભિયાન હાથ ધરાવવું જોઈએ.

# ભારતમાં નાગરિક સુરક્ષાની ગંભીરતા કેટલી?



કેયુર જાની
ઓર્બિટ



કેન્દ્ર સરકારને છેક વીસમી સદીના અંતમાં યાદ આવ્યું કે ઈમારતો બાંધતા કારીગરોની સુરક્ષા જરૂરી છે. બહુમાળી ઈમારતો કે પુલના નિર્માણ સમયે સેફટીના નિયમો પાળવા કાયદો બનાવવામાં આવ્યો. બાંધકામ દરમ્યાન દુર્ઘટના બને નહીં તે માટે સેફટીના કાયદાનું ચુસ્તપણે પાલન કરવું પડે છે. ઈમારત બનાવનાર કારીગરોની સુરક્ષા માટે કાયદો છે. તે જાહેર ઈમારતો અને બાંધકામોને ઉપયોગમાં લેનારા નાગરિકોની સુરક્ષાની ગંભીરતા કેટલી?

તમારી કાર તમે કોઈ ઝાડ નીચે મૂકી હોય. ભારે વરસાદ કે વાવાઝોડાથી તમારી કાર ઉપર ઝાડ તૂટીને પડ્યું તેને અકસ્માત કહી શકાય. પણ તે ઝાડને કોઈ માણસ દ્વારા કાપવામાં આવે અને તમારી કાર દબાઈ જાય તે અકસ્માત નથી. જે વાત માણસના હાથમાં ન હોય તેવી દુર્ઘટનાને એક્સીડંટ કહી શકાય. તે સિવાયની દુર્ઘટના હ્યુમન નેગલીજન્સ હોય છે. બીજા કોઈની ગેરજવાબદારીને કારણે તમે દુર્ઘટનાના ભોગ બનો તેને કાયદાની ભાષામાં માનવવધ કહેવાય છે. કાયદો માને છે કે જેની જવાબદારી છે તે વ્યક્તિની નિષ્કાળજીથી કોઈનો જીવ ગયો તે હોમિસાઈડ છે.

માણસનો જીવ જાય તેવા મામલામાં કોઈની લાપરવાહી ચાલે નહીં. જોકે ભારત જેવા દેશમાં તેવી લાપરવાહીને બહુ ગંભીરતાથી લેવાતી નથી. માનવ જીવનનું મૂલ્ય ઘટનાના પ્રકાર અને સ્થળ ઉપરથી નક્કી થાય છે. માણસ હવામાં મર્યો છે, રેલમાં કે રોડ ઉપર તે મુજબ તેના વળતરની રકમ નક્કી કરાય છે. ભારતમાં હોમિસાઈડ મામલે માલથુસિયન થીયેરી સાચી લાગે છે. હોમિસાઈડ કાંડ સર્જાય ત્યારે સંખ્યા પહેલા જાહેર થતી હોય છે, પછી નામ. લોકોના વધુ મોત એક સંખ્યા હોય છે. આપણને સંખ્યા જાણવામાં રસ હોય છે. ઘટનાની ગંભીરતા આવું અંકગણિત

**બીજા કોઈની ગેરજવાબદારીને કારણે તમે દુર્ઘટનાના ભોગ બનો તેને કાયદાની ભાષામાં માનવવધ કહેવાય છે**

નક્કી કરે છે. વધારે સંખ્યા હોય તે ઘટના ગંભીર મનાય છે. હોમિસાઈડનું પોતાનું અંકગણિત હોય છે. તે અંકગણિતને સંવેદના નથી હોતી. ગુજરાતી ભાષામાં શબ્દ છે 'અરેરાટી'.. સરકારને અરેરાટી થતી નથી. સરકારની સંવેદના મોતના આંકડા અને સહાયની રકમ સાથે જોડાઈ ચુકી છે. જવાબ આપવા જેઓ બંધાયેલા છે તેમને જવાબદાર કહેવામાં આવે છે. પરંતુ જવાબદારો તૂટેલા પુલના ગાળા ગણતા રહે છે. લોકોના પ્રશ્નોના જવાબને હવામાં ઉડાવી દેવામાં આવે છે.


અમેરિકન ગીતકાર બોબ ડાઈલને તેમના મ્યુઝિક આલબમ ફ્રીવ્હિલઈન માટે એક ગીત લખ્યું હતું 'બ્લોઈન્ગ ઈન ધ વિન્ડ'. જેમાં શબ્દો છે કે...''એક માણસના કેટલા કાન હોવા જોઈએ કે જેથી તે લોકોનું રુદન સાંભળી શકે..! જ્યાં સુધી આ રુદન તેને નથી સંભળાતું ત્યાં સુધી કેટલા મોત થશે? શું તેને જાણ જ નથી કે આટલા બધા લોકો મરી ગયા.. મરી રહ્યા છે..? પરંતુ આ પ્રશ્નનો જવાબ હવામાં ઉડી રહ્યો છે''

વડોદરા નજીક પુલ જોખમી બની ગયો છે તેમ લોકો સતત કહેતા રહ્યા. વ્હીસલ બ્લો કરતા રહ્યા, ધ્યાન દોરતા રહ્યા પણ જવાબદારો બેફિકર રહ્યા. આખરે નિર્દોષો માનવવધના ભોગ બન્યા. સરકાર કુતર્ક કરતી રહી કે ત્રેવીસ ગળામાંથી માત્ર એક ગાળો તૂટ્યો છે. પુલની મરમ્મત બાબતે વર્ષો સુધી મંદ રહેલી સરકારની તીવ્રતા સહાય જાહેર કરવામાં જોવા મળી. રિવાજ મુજબ બે-ચાર લોકો ફરજ મોકુફ કરાયા. પણ જવાબદારોના જવાબ ક્યાં ? તે જવાબ હવામાં ઉડી રહ્યો છે. કેમકે હવે તો કહી શકાય કે સરકાર માટે રોજનું થયું. રોજ ઘટે તેવા બનાવોમાં સંવેદના ડાઈલ્યુટ થતી જાય છે.

સરકારી સંવેદના કોને કહેવાય તે શાસ્ત્રીજીએ બતાવ્યું હતું. તામિલનાડુની મારૂધાયાર નદી ઉપરથી ટ્રેન પસાર થતી હતી. નદી ઉપરનો રેલ્વે બ્રિજ તૂટ્યો. પુલ ઉપર પસાર થતી ટ્રેન નદીમાં પડી. જેમાં દોઢસોથી વધુ મુસાફરોના મોત થયા. લાલબહાદુર શાસ્ત્રી ત્યારે રેલ્વે મંત્રી હતા. તેમણે રાજીનામુ ધરી દીધું કે હું રેલ્વે મંત્રીની જવાબદારી માટે લાયક વ્યક્તિ નથી. મુસાફરોના મોત માટે હું જવાબદાર છું. આવી જવાબદારી સ્વીકારવા હિમ્મત જોઈએ. પદ ત્યાગવા સજાગ આત્મા જોઈએ.

keyurjanitiger@gmail.com

## આંતરરાષ્ટ્રીય પોર્ન સાઈટ પોર્ન હબ દ્વારા બહાર પડાયેલા તથ્યાંકો મુજબ ભારતની મહિલાઓ હવે એડલ્ટ વેબસાઈટના ઉપયોગમાં વૈશ્વિક સરેરાશ કરતા આગળ



# ભારતીય સ્ત્રીઓનો એડલ્ટ કન્ટેન્ટ તરફનો ઝુકાવ શું સૂચવે છે?

ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન હંમેશા પૂજનીય અને સન્માનનીય રહ્યું છે. તેને દેવી સ્વરૂપે, ધરતી સ્વરૂપે અને ગૃહ લક્ષ્મી સ્વરૂપે જોવામાં આવે છે. સમાજમાં એવી માન્યતા પ્રસ્થાપિત થઈ છે કે પુરુષો માટે અમુક અંશે છૂટછાટ હોય, જ્યારે સ્ત્રીઓ પાસેથી શુદ્ધતા, પવિત્રતા અને મર્યાદાની અપેક્ષા રાખવામાં આવે છે. વ્યભિચાર કે જાતીય સ્વાતંત્ર્યના મામલે પુરુષો માટે ઘણીવાર આંખ આડા કાન કરવામાં આવે છે, પરંતુ સ્ત્રી જો આ દિશામાં સહેજ પણ પગલું ભરે તો તેને તત્કાળ સમાજ દ્વારા અલગ અલગ કટુ ઉપનામોથી નવાજી, તુચ્છ નજરે જોવામાં આવે છે. આ દ્વિસ્તરીય નૈતિકતા **(double standards)** ભારતીય સમાજનું એક કડવું સત્ય છે. આ પરંપરાગત માન્યતાઓ અને સામાજિક બંધનો વચ્ચે, ડિજિટલ ક્રાંતિએ એક નવો જ વળાંક આપ્યો છે.

ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની વ્યાપક ઉપલબ્ધતાએ ભારતીય મહિલાઓના જીવનમાં એક અણધારી બારી ખોલી છે. હવે તેઓ ગુપ્તતાના આવરણ હેઠળ, સમાજની નજરથી દૂર, પોતાની ઈચ્છાઓ અને જિજ્ઞાસાઓ સંતોષી શકે છે. આનો એક આઘાતજનક પુરાવો એડલ્ટ કન્ટેન્ટ પ્રત્યે તેમનો વધતો ઝુકાવ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જાહેર થયેલા આંકડા દર્શાવે છે કે આ ક્ષેત્રે ભારતીય મહિલાઓનો વપરાશ વૈશ્વિક સરેરાશ કરતાં પણ નોંધપાત્ર રીતે વધુ છે. એડલ્ટ કન્ટેન્ટ તરફ સ્ત્રીઓનો ઝુકાવ અનેક કારણોસર હોઈ શકે. ખાસ કરીને યુવતીઓ અને એકલવાયું જીવન જીવતી સ્ત્રીઓ પોતાની એકલતા દૂર કરવા માટે અથવા તો અન્ય કારણોસર સહેલાઈથી મોબાઈલ ઉપર ઉપલબ્ધ એવા એડલ્ટ કન્ટેન્ટને જોતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ આંકડાએ અમેરિકાને પણ પાછળ પાડી દીધું છે. વિશ્વમાં એડલ્ટ કન્ટેન્ટ જોવામાં ભારતીય મહિલાઓ મોખરે આવી ગઈ છે.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને શીલ, સંસ્કાર અને નમ્રતાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. સ્ત્રીઓ હવે ચંદ્ર સુધી ચોક્કસ પહોંચી છે અને સમાજમાં પુરુષોના ખભે ખભા મિલાવી પોતાના પગભર થઈ છે અને પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે છે પરંતુ ભારતીય સંસ્કૃતિમાં કેટલાક લોકો એમ માને છે કે પરંપરાગત રીતે, સમાજમાં તેમનું સ્થાન ગૃહિણી તરીકે અથવા મર્યાદિત સામાજિક ભૂમિકામાં રહ્યું છે. જોકે, ડિજિટલ ક્રાંતિ અને ઈન્ટરનેટના વ્યાપક પ્રસાર સાથે ભારતીય મહિલાઓના જીવનમાં એક નવો આયામ ઉમેરાયો છે, જે પહેલાં અદ્રશ્ય હતો. આંતરરાષ્ટ્રીય પોર્ન સાઈટ પોર્નહબ દ્વારા જાહેર કરાયેલા આંકડા આશ્ચર્યજનક છે. આ તથ્યાંકો દર્શાવે છે કે એડલ્ટ કન્ટેન્ટના વપરાશમાં ભારતીય મહિલાઓ વૈશ્વિક સરેરાશ કરતાં પણ આગળ નીકળી ગઈ છે. આ આંકડાઓ સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો અને નીતિ નિર્માતાઓ માટે ચિંતાનો અને ચિંતનનો વિષય બન્યા છે.

આંકડાઓ સૂચવી રહ્યા છે કે, ભારત હવે વિશ્વમાં મહિલાઓ દ્વારા એડલ્ટ કન્ટેન્ટ જોવામાં સૌથી આગળ નીકળી ગયું છે. પોર્ન જોવાના વિષયમાં સરેરાશ ૨૪% છે, જ્યારે ભારતમાં આ આંકડો ૩૦% છે. આનો અર્થ એ થયો કે દરેક ત્રણમાંથી એક ભારતીય સ્ત્રી એડલ્ટ કન્ટેન્ટ જોતી હોવાનું પ્રમાણ છે. પોર્નહબના આંકડાઓ અનુસાર કેરળ રાજ્યમાંથી સાઈટ પર આવતા તમામ યૂઝર્સમાંથી લગભગ ૨૯% સ્ત્રીઓ છે, જે નોંધપાત્ર છે. ભારત એ અમેરિકાના પછી, પોર્ન કન્ટેન્ટ જોનાર દેશોમાં ટોચની ગણતરીમાં આવે છે. દરેક વર્ષે દર્શકોની સંખ્યા અને જોવામાં આવતા મિનિટો વધી રહી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે પુરુષો કરતાં મહિલાઓ પ્રત્યેક સેશનમાં થોડો વધુ સમય એડલ્ટ સાઈટ્સ પર વિતાવે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે આ તેમને માટે માત્ર કૌતુક નહિ પરંતુ એક જરૂરિયાત બની રહી છે. ભારતીય ખાસ કરીને 'લેસ્બિયન', 'બિગ ડિક', 'થ્રીસમ' અને 'જાપાનીઝ' કેટેગરીને વધુ પસંદ કરે છે, જે કેવળ શારીરિક લાલસાથી નહીં પણ માનસિક અનુભૂતિના પડછાયાં દેખાડે છે. આશ્ચર્યજનક રીતે, ભારતીય દર્શકો સરેરાશ ૮.૨ મિનિટમાં તેઓ જે શોધે છે તે પામી જાય છે. એ પણ બતાવે છે કે કેટલું ટાર્ગેટેડ અને વ્યસની આ અનુભવ બની રહ્યો છે.

દિગ્વિજય પાઠક
ડાર્ક સાઈડ



ભારતીય સ્ત્રીઓમાં પુખ્ત સામગ્રીના વપરાશમાં વધારો થવા પાછળ ઘણા પરિબળો જવાબદાર છે. ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની વ્યાપક ઉપલબ્ધતાને કારણે કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ પુખ્ત સામગ્રી સરળતાથી ઉપલબ્ધ બની છે. સસ્તા ઈન્ટરનેટ ડેટા પ્લાન પુષ્કળ સામગ્રીને સસ્તા ભાવે એક્સેસ કરવાની સુવિધા આપે છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર અનામી રહેવાની ક્ષમતા સ્ત્રીઓને સામાજિક શરમ કે નિર્ણયના ભય વિના અન્વેષણ કરવાની મંજૂરી આપે છે. ભારતીય સમાજમાં જાતીયતા વિશે ખુલ્લી વાતચીતનો અભાવ છે, જેના કારણે ઘણી સ્ત્રીઓમાં જાતીય જિજ્ઞાસા સંતોષવા માટે પુખ્ત સામગ્રી એક માધ્યમ બની જાય છે. તે જાતીયતાનું અન્વેષણ કરવા માટે એક સલામત અને ખાનગી જગ્યા પ્રદાન કરે છે. ઘણા લોકો પુખ્ત સામગ્રીનો ઉપયોગ મનોરંજન, આરામ અને તણાવ ઘટાડવાના સાધન તરીકે કરે છે. કેટલાક કિસ્સાઓમાં, પુખ્ત સામગ્રી વાસ્તવિક જાતીય સંબંધોમાંથી સંતોષના અભાવને કારણે પણ જોવામાં આવે છે. પુખ્ત સામગ્રીનો વધતો વપરાશ, ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા, જાતીયતા અને સ્ત્રીઓની જિજ્ઞાસા અંગેના સામાજિક ટેબૂઝને પડકારે છે. પુખ્ત સામગ્રી જોવાથી ગર્ભાવસ્થા, રોગ અથવા અસ્વીકારના ભય વિના જાતીય આનંદ મળે છે.

> **ભારતીય સમાજમાં જાતીયતા વિશે ખુલ્લી વાતચીતનો અભાવ છે, જેના કારણે ઘણી સ્ત્રીઓમાં જાતીય જિજ્ઞાસા સંતોષવા માટે પુખ્ત સામગ્રી એક માધ્યમ બની જાય છે**

ભારતીય સ્ત્રીઓમાં પુખ્ત સામગ્રીના વધતા વપરાશની કેટલીક સંભવિત સામાજિક અસરો અને પડકારો જોઈએ તો કેટલાક અહેવાલો સૂચવે છે કે પુખ્ત સામગ્રીના અતિશય વપરાશથી શરમ, અપરાધ, ચિંતા અને હતાશા જેવી ભાવનાત્મક મુશ્કેલીઓ થઈ શકે છે. એડલ્ટ કન્ટેન્ટ ઘણીવાર જાતીયતાની અવાસ્તવિક અથવા અતિશયોક્તિભરી રજૂઆતો દર્શાવે છે, જે વ્યક્તિગત સંબંધોમાં અવાસ્તવિક અપેક્ષાઓ તરફ દોરી શકે છે. આ કન્ટેન્ટના સંપર્કમાં આવવાથી શરીરની છબી અને આત્મ-છબી પર નકારાત્મક અસર પડી શકે છે, ખાસ કરીને જ્યારે તે વાસ્તવિકતાથી અલગ હોય. પુખ્ત સામગ્રીનો અતિશય વપરાશ વ્યસન તરફ દોરી શકે છે, જે વ્યક્તિના રોજિંદા જીવન, સંબંધો અને કાર્યક્ષમતાને અસર કરી શકે છે. જો ફક્ત પુખ્ત સામગ્રી દ્વારા જાતીયતા વિશે શીખે, તો તેમને જાતીય સંબંધો, સંમતિ અને આરોગ્ય વિશે ખોટી અથવા વિકૃત માહિતી મળી શકે છે. પુખ્ત સામગ્રી એક્સેસ કરતી વખતે ડેટા ભંગ, માલવેર અને ગોપનીયતાના ભંગનું જોખમ રહેલું છે.

આ વલણ ભારતીય સમાજમાં જાતીયતા વિશે વધુ ખુલ્લી અને સ્વસ્થ ચર્ચાઓની જરૂરિયાત દર્શાવે છે. જાતીય શિક્ષણ, જાગૃતિ અને સલામત ડિજિટલ વપરાશને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે જેથી વ્યક્તિઓ, ખાસ કરીને સ્ત્રીઓ, જવાબદારીપૂર્વક અને સુરક્ષિત રીતે તેમની જાતીયતાનું અન્વેષણ કરી શકે.આ આંકડાઓ માત્ર સંખ્યાઓ નથી, એ ભારતીય સમાજમાં એક ડંખતા, મૌન પરિવર્તનના સંકેત છે. ડિજિટલ ઓપન એક્સેસ, ચોપડાં ઘરમાં ટેબૂ ગણાતા વિષયો હવે વ્યક્તિગત સ્ક્રીનના માધ્યમથી લોકપ્રિય બની રહ્યાં છે. એડલ્ટ કન્ટેન્ટ માટે સ્ત્રીઓનો વધતો વલણ એ કઈંક મોટું સંસ્કૃતિક પરિવર્તન છે, જેની અસર ભવિષ્યના સંબંધો, વર્તન અને માનસિકતા પર પડશે. સ્ત્રીઓ મુક્ત વિચાર કરે તે સમાજમાં આવકાર્ય જ હોઈ શકે પરંતુ આવા કન્ટેન્ટના ઉપયોગના કારણે ક્યારેક તે બ્લેકમેઈલ થવાના અથવા તો જાતીય શોષણનો પણ ભોગ બની શકે છે. ભારતમાં અનેક પોર્ન સાઈટ પર પ્રતિબંધ છે જ પરંતુ હજુ પણ ઘણા લોકો તેનો ખુલ્લેઆમ ઉપયોગ કરી રહ્યા છે અને કદાચ આ એનું જ પરિણામ કહી શકાય.

digvijay.pathak@gmail.com

---



## ગુજરાતની અગ્નિ સીમાનો રક્ષક

# ડભોઈનો કિલ્લો

> **ડભોઈના કિલ્લાના ચારે દરવાજાઓ પૈકી વડોદરી ભાગોળ તરીકે ઓળખાતા દરવાજો સારી હાલતમાં જળવાયો છે**


ગુજરાતના સમુધ્ધ શિલ્પ સ્થાપત્યના વારસામાં કોટ અને કિલ્લાઓનું પ્રદાન નોંધપાત્ર છે આવા કિલ્લાઓ નગર અને શહેરોના રક્ષણની સાથે સાથે તત્કાલીન સ્થાપત્ય વારસાનો પણ પરિચય કરાવતા હોય છે. ગુજરાતમાં આવેલા તેવા કિલ્લાઓનો પણ પરિચય અહીં સમયાંતરે કરાવવાનો ઉપક્રમ છે જેમાં આજે ગુજરાતની પૂર્વ - દક્ષિણ(અગ્નિકોણ) સીમાએ સ્થિત ડભોઈના કિલ્લાની વાત આજે કરવાની છે.

નરેશ અંતાણી
લોકસંસ્કૃતિ



ગુજરાતની અગ્નિસીમાનો રક્ષક કહી શકાય તેવો ડભોઈનો કિલ્લો અને પુરદ્વાર હાલે જે સ્થિતિમાં જોવા મળે છે તેમાં અગાઉ ત્રણથી ચાર પરિવર્તનો આવ્યા હોવાનું તેના નિરિક્ષણથી સમજી શકાય છે. વડોદરા જિલ્લામાં સમાવિષ્ટ એવા ડભોઈના કિલ્લાના કોટની દિવાલનો કેટલોક ભાગ તૂટી ગયો છે. આ કિલ્લાની પૂર્વ પશ્ચિમ લંબાઈ ૩૦૦૦ ફૂટ એટલે કે ત્રણ કિલોમીટર અને તેનો ઉત્તર - દક્ષિણ વિસ્તારની લંબાઈ ૨૪૦૦ ફૂટ એટલે અંદાજે બે કિલોમીટરથી ઉપરની થાય. લંબચોરસ ઘાટના કિલ્લામાં બાવન બુરજ આવ્યા હતા, દરેક ખૂણાના બુરજ ગોળ આકાર હતા. કોટની ટોચે કાંગરા છે કાંગરાની નીચે સૈનિકો તીરંદાજી કરી શકે તેવી ખાસ રચના કરાઈ હતી. કાંગરા પછીની કોટની દિવાલ આઠ ફૂટ પહોળી હતી જેથી સૈનિકો માલ સમાન સાથે આસાનીથી હરી ફરી શકે. ખૂણાના ગોળ બુરજમાં કોટડીઓ પણ બનાવવામાં આવી હતી. જેમાં ચાલુ યુધ્ધ દરમ્યાન જરૂરી શસ્ત્રો રાખવામાં આવતા હશે કે સૈનિકો ટૂંકો આરામ કરી શકે તે માટે પણ તે તૈયાર કરાયા હશે.

કોટની દિવાલમાં ચારે દિશાએ ચાર દરવાજા છે. આ દરવાજાઓ પણ ખાસ રીતે તૈયાર કરાયા છે તે સીધી લીટીમાં નહીં પણ કાટખૂણે બનાવાયા છે જે દરેક બેવડા બનાવાયા છે જેથી દુશ્મન એક દરવાજો તોડી સીધા નગરમાં ન આવી શકે એ માટે બે દરવાજા વચ્ચે બનાવાયેલા સાંકડા ચોકઠાંમાં પસાર થવું પડે અને એ પછી બીજો દરવાજો પણ તોડવો પડે અને એ દરમ્યાન કોટની અંદરની સેનાને દુશ્મન પર વળતો હુમલો કરવાનો સમય પણ મળી રહે તેવી ગણતરી કરવામાં આવી હશે. આ ચારે દરવાજા આજે પણ જળવાઈ રહ્યા છે. આ દરવાજાઓ હીરા ભાગોળ, વડોદરી ભાગોળ, મહુડી - ચાંપાનેર દરવાજો તથા નાંદોદી દરવાજા તરીકે ઓળખાય છે. હીરા ભાગોળ દરવાજા પાસે વૈદ્યનાથનું મંદિર પણ આવ્યું છે જેનો જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. આ ત્રણેય ભાગોળમાંથી તે ગામમાં જવાનો રસ્તો નીકળે છે તેથી તે ગામના નામ સાથે જ તે દરવાજાનું નામ જોડવામાં આવ્યું છે. ગુજરાતના અગ્નિ દિશાની સીમાના રક્ષણ માટે આ કિલ્લાનું અનેક રીતે મહત્વ હતું.



આ કિલ્લો સોલંકી કાળમાં સિધ્ધરાજ જયસિંહના સમયમાં નિર્માણ આરંભ કરાયો હોવાનું અનુમાન હરિપ્રસાદ શાસ્ત્રી કરે છે. ત્યાર પછી વીરધવલ અને વીસલદેવના સમયમાં એ સમયના જાણીતા સ્થપતિ દેવાદિત્યએ તેના દરવાજા બનાવાયા હોવાનું મનાય છે. હીરાભાગોળ દરવાજામાં ' વૈદ્યનાથ પ્રશસ્તિ' તરીકે ઈતિહાસમાં જાણીતા શિલાલેખમાં કિલ્લાનું સમારકામ, દરવાજાઓનું નિર્માણ તથા વૈદ્યનાથ મંદિરના નિર્માણનો ઉલ્લેખ જોવા મળે છે. આ શિલાલેખમાં કિલ્લા, દરવાજા તથા મંદિરના નિર્માણમાં સહભાગી બનેલા કારીગરો અને શિલ્પીઓના નામો પણ જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં હીરા ભાગોળ સાથે સાંકળવામાં આવતા હીરા કડીયાનું નામ આ શિલાલેખમાં જોવા મળતું નથી પરંતુ સંભવ છે કે, મુસ્લિમ કે મરાઠા સત્તાઓ દરમ્યાન કરાયેલા સમારકામ માં હીરાધર નામે કોઈ કુશળ શિલ્પી હોઈ શકે છે.

ડભોઈના કિલ્લાના ચારે દરવાજાઓ પૈકી વડોદરી ભાગોળ તરીકે ઓળખાતા દરવાજો સારી હાલતમાં જળવાયો છે. પણ હીરાભાગોળ તરીકે ઓળખાતા દરવાજાનું અનેકવાર સમારકામ થયું હોવાનું જોઈ શકાય છે. વડોદરી ભાગોળના દરવાજાની બન્ને બાજુએ આવેલા ભીમાસ્તંભ છેક કુંભીથી લઈને શિરાવટીના ભાગ સુધી સુંદર રીતે અલંકૃત કરાયા છે. આ સ્તંભ ઉપર બીજા બે નાના સ્તંભો ગોઠવીને તેની ઊંચાઈ વધારવામાં આવી છે. આ બન્ને સ્તંભોની વચ્ચે સુંદર શિલ્પાંકન કરાયું છે, જેમાં ઘોડેસ્વાર સ્ત્રી, પુરુષો, નર્તકીઓ, અપ્સરાઓ, દેવ દેવીઓ અને મિથુનયુગલોના શિલ્પો આવેલા છે.

હીરાભાગોળનો દરવાજો પ્રમાણમાં સાદો છે પરંતુ લશ્કરી વ્યુહની દ્રષ્ટિએ આ દરવાજાની રચના ઉત્તમ માનવામાં આવી છે. આ દરવાજાની આગળ નાનું પ્રાંગણી કિલ્લાની દિવાલને ઉત્તર - દક્ષિણ તરીફ લંબાવીને પૂર્વ - પશ્ચિમ તરફ વાળી લેવામાં આવી છે. પ્રાંગણના લમચોરસ ભાગમાં પૂર્વ ખૂણામાં એક નાનો દરવાજો બનાવાયો છે. આમ, શિલ્પકળામાં સાદો છતાં લશ્કરી વ્યૂહ રચના તરીકે આ દરવાજો અતિ મહત્વનો છે.

antaninp@gmail.com

---

## સિન્થેટિક હ્યુમન જિનોમ પ્રોજેક્ટ

# લેબોરેટરીમાં ડીએનએ પેદા કરવાની મથામણ!

હ્યુમન જિનોમ પ્રોજેક્ટ એટલે કે માનવીની જનીન સારણી બનાવવાના પ્રોજેક્ટના ૨૫ વર્ષ થઈ ગયા છે, ત્યારે તેના તારણોનો હવે ઉપયોગ કરીને માનવીનું ડીએનએ પેદા કરવા માટેના પ્રોજેક્ટનો પ્રારંભ થયો છે. આ પ્રોજેક્ટમાં સફળતા મળશે, તો માનવીના શરીરમાં વિવિધ સમારકામો થઈ શકશે અને તેને કારણે હાલમાં અંગ પ્રત્યારોપણમાં જે સમસ્યાનો સામનો કરવો પડે છે, એ દૂર થઈ જતાં હૃદયથી માંડીને કોઈ પણ અવયવને બદલી શકાશે નહીં અને તેથી માનવી શતાયુ પણ થઈ શકશે !



> **આ પ્રોજેક્ટ માટે દુનિયાની સૌથી મોટી મેડિકલ ચેરિટી સંસ્થા વેલકમ ટ્રસ્ટે પ્રારંભિક ફંડ માટે ૧૧૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે**

માનવીના શરીરનો પાયો ડીએનએ ગણાય છે. ટૂંકમાં કહીએ તો ડીએનએ આપણા શરીરનું બીજ છે. એ બીજમાંથી શરીરના વિવિધ અવયવો અને અંગો વિકસે છે. આખરે તેમાંથી શરીરનો વિકાસ થાય છે. આપણા શરીરમાં રક્ત કોષિકાઓ એટલે કે આરબીસી સિવાય દરેક કોષિકામાં ડીએનએ હોય છે. ડીએનએમાં માબાપનો જૈવિક વારસો રહેલો હોય છે. એ વારસો સંતાનો તેમના સંતાનને આપતા હોય છે. ડીએનએ ફક્ત ચાર નાના નાના બ્લોક્સમાં બનેલું હોય છે. આ બ્લોક્સ એ, જી, સી અને ટી મૂળાક્ષરોથી ઓળખાય છે. એ અલગ અલગ કોમ્બિનેશનમાં મળી આવે છે અને એમાં આપણી શરીરને બનાવતી તમામ વારસાગત માહિતી હોય છે. આ માહિતીને બારકોડની જેમ ઉકેલવાની ક્ષમતા હ્યૂમન જિનોમ પ્રોજેક્ટ હેઠળ મળી છે. હવે એ માહિતીને આધારે કયા અંગે કયા ડીએનએ થકી બને છે, એ રહસ્ય જાણી લેવાને કારણે પ્રયોગશાળામાં એ ડીએનએ પેદા કરી શકાય તો વિવિધ અવયવોને વિકસાવી શકાય એમ છે.

એ સિદ્ધાંતને કારણે સેન્થેટિક હ્યૂમન જિનોમ પ્રોજેક્ટ શરૂ થયો છે. એ પ્રોજેક્ટ હેઠળ ડીએનએના દરેક અણુનો અભ્યાસ કરી તેમાંથી કયા અંગોને વિકસાવી શકાય એ જાણકારી મેળવીને એ આધારે કોઈ પણ માનવીના ડીએનએમાંથી તેને જરૂરી હોય એ અવયવ વિકસાવી શકાશે એવી સાદી કલ્પનાના આધારે આ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. તેનો ફાયદો એ થશે કે આજકાલ હૃદય, કિડની અને બીજા અવયવોમાં ખામી સર્જાતા અંગ પ્રત્યારોપણ કરાય છે. પરંતુ એ અંગ માટે પણ ઘણું વેઈટીંગ હોય છે, એ ઉપરાંત એ અંગોને શરીર સ્વીકારતું થાય એ માટે દવા લેવી પડતી હોય છે, એમ કરવામાં બીજી સમસ્યા પણ માથુ ઉંચકતી હોય છે. એ સમસ્યા ન રહે એ માટે શરીરના ડીએનએમાંથી જ અવયવ પેદા કરાય તો શરીર તેનો સહજતાથી સ્વીકાર કરી શકે છે. વળી એ રીતે શરીરનું સમારકામ થતું રહે તો આયુષ્ય પણ લંબાઈ શકે છે.

આ પ્રોજેક્ટમાં કામ કરતા બ્રિટનના કેમ્બ્રિજ ખાતેની એમઆરસી લેબોરેટરી ઓફ મોલિક્યૂલર બાયોલોજીના ડોક્ટર જૂલિયન સેલ માને છે કે, આ સંશોધનનો ઉપયોગ બિમારીઓ સામે લડતા કોષો બનાવવામાં થશે અને એ કોષનો ઉપયોગ ક્ષતિગ્રસ્ત અંગો જેવા બનાવવા માટે અને રોગપ્રતિકાર શક્તિને ફરીથી ઠીક કરવા માટે થઈ શકશે.

અશોક પટેલ
સાયન્સ ટોક



જો કે આ પ્રોજેક્ટનો ખરો હેતુ તો નકલી માનવ ક્રોમોસોમ વિકસાવવાનો છે. પરંતુ એ પહેલાં માનવીના ડીએનએના તેના મોટા બ્લોક બનાવવા માટેની રીત વિકસિત કરવાનો છે. આ જનીન આપણા શરીરના વિકાસ, બિમાર કે ક્ષતિગ્રસ્ત અંગોને ઠીક કરી સ્વાસ્થ્યને નિયંત્રિત કરે છે. એ પછી તેનો અભ્યાસ કરીને જનીન અને ડીએનએ આપણા શરીરને કઈ રીતે નિયંત્રીત કરે છે, એ જાણવાનો પ્રયાસ કરશે.

આ પ્રોજેક્ટ માટે દુનિયાની સૌથી મોટી મેડિકલ ચેરિટી સંસ્થા વેલકમ ટ્રસ્ટે પ્રારંભિક ફંડ માટે ૧૧૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. એ થકી માનવજાતનું કલ્યાણ થશે એવી આશા સેવાઈ રહી છે, પરંતુ દરેક શોધ અભિશાપ પણ બની શકે છે. આ પ્રોજેક્ટના પણ નકારાત્મક પાસા અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ખાસ તો આ સંશોધનનું વ્યાપારિકરણ થઈ જવાનો સૌથી મોટો ભય છે. આ સંશોધનના આધારે અંગો પેદા કરવાનો એક બહોળો ઉદ્યોગ શરૂ થઈ જશે. એ કારણે તેનો લાભ સામાન્ય વર્ગના લોકોને પણ મળી શકશે કે કેમ એ સવાલ છે. મતલબ કે આ સંશોધન જનકલ્યાણ માટે ઉપયોગ રહેશે કે કેમ એ સવાલ છે.

વળી વિશાળ પાયે વિચારીએ તો કૃત્રિમ ડીએનએ પેદા કરવામાં સફળતા મળી તો એ ડીએનએથી આગળ વધીને કૃત્રિમ માનવ પણ પેદા કરી શકાશે અને તેનો ઉપયોગ તેના પર નિયંત્રણ કરનારાના હાથમાં હોય તો 'વિલન'ગિરીની બોલબાલા વધી જવાની ભીતિ પણ રહે છે. બેડમેનની સંખ્યા વધારી કોઈ પણ ધનિક વ્યક્તિ આ સંશોધન થકી આખી દુનિયા પર નિયંત્રણ કરી શકે છે અને એમ થાય તો આખી દુનિયાને ગુલામ બનાવીને મુઠ્ઠીભર શ્રીમંતો દુનિયા આખીનો એશોઆરામ ભોગવતા રહેશે.

ashpate@gmail.com

> **આપણા શરીરમાં રક્ત કોષિકાઓ સિવાય દરેક કોષિકામાં ડીએનએ હોય છે**

કિંગ્સ્ટનમાં વેસ્ટ ઈન્ડિઝનો ટેસ્ટ ઇતિહાસમાં શરમજનક રેકોર્ડ

# ત્રીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝ ૨૭ રનમાં આઉટ

## ૨૦૪ રનના લક્ષ્યનો પીછો કરતા વેસ્ટ ઈન્ડિઝ ૧૪.૩ ઓવરમાં સમટાયું : ફ્રેન્ક વોરેલ ટ્રોફી શ્રેણી ૩-૦થી જીતી લીધી

સબીના પાર્ક,તા.૧૫

કિંગ્સ્ટનમાં વેસ્ટ ઈન્ડિઝને ટેસ્ટ ઈતિહાસમાં બીજા સૌથી ઓછા સ્કોરમાં ઓલઆઉટ કરીને ઓસ્ટ્રેલિયાએ ફ્રેંક વોરેલ ટ્રોફી શ્રેણી ૩-૦થી જીતી લીધી. સબીના પાર્ક ખાતે જીત માટે ૨૦૪ રનના લક્ષ્યનો પીછો કરતા, વેસ્ટ ઈન્ડિઝ ૧૪.૩ ઓવરમાં ૨૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું.મિશેલ સ્ટાર્કસ અદ્ભુત દૃશ્ય સ્કોટ બોલેન્ડની છ વિકેટ અને હેટ્રિકને કારણે જોવા મળ્યું. પોતાની ૧૦૦મી ટેસ્ટ રમી રહેલા સ્ટાર્કે ગુલાબી ડ્યુક્સ બોલથી વેસ્ટ ઈન્ડિઝના ટોચના ક્રમને તોડી પાડ્યો, ૪૦૦ વિકેટનો આંકડો પાર કર્યો અને રમતના સૌથી લાંબા ફોર્મેટમાં તેની ૧૯મી પાંચ વિકેટ ઝડપી. ડાબા હાથના ઝડપી બોલરે, જેને પાછળથી પ્લેયર ઓફ ધ મેચ તરીકે



પસંદ કરાયો, તેણે ઈનિંગ્સની પહેલી ઓવરમાં ત્રણ વિકેટ લીધી અને પછી માત્ર ૧૫ બોલમાં પાંચ વિકેટ લીધી, જે ટેસ્ટમાં એક સર્વકાલીન રેકોર્ડ છે.ઈનિંગ્સના અંતમાં, બોલેન્ડ પુરુષોની ટેસ્ટ મેચમાં હેટ્રિક લેનાર દસમો ઓસ્ટ્રેલિયન બન્યો. તેણે ચાના વિરામ પછી સતત બોલ પર જસ્ટિન ગ્રીવ્સ, શમર જોસેફ અને જોમેલ વોરિકનને આઉટ કરીને વેસ્ટ ઈન્ડીઝના નીચલા ક્રમને બરબાદ કરી દીધો.મેચ પછીની પ્રેઝન્ટેશન દરમિયાન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ હસ્યા, ''આ મેચ ગાંડી હતી. એવું લાગ્યું કે આજે ફાસ્ટ ફોરવર્ડમાં છે.'' સ્ટાર્કે ૭.૩ ઓવરમાં ૬-૯ વિકેટનો કારકિર્દીનો શ્રેષ્ઠ પ્રદર્શન કર્યો, જે ૧૯૫૫ પછી વેસ્ટ ઈન્ડિઝમાં કોઈ ઓસ્ટ્રેલિયન બોલર દ્વારા શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન છે, જ્યારે બોલેન્ડે બે ઓવરમાં ૩-૨ વિકેટ લીધી હતી.સોમવારે બપોરે, અલઝારી જોસેફ (૫-૨૭) અને શમર જોસેફ (૪-૩૪) ના શાનદાર પ્રદર્શનને કારણે, મુલાકાતી ટીમ ૩૭ ઓવરમાં ૧૨૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જે ૧૯૯૫ પછી વેસ્ટ ઈન્ડિઝ સામે ઓસ્ટ્રેલિયાનો ટેસ્ટમાં સૌથી ઓછો સ્કોર હતો. વેસ્ટ ઈન્ડિઝના ઝડપી બોલરોએ ઓસ્ટ્રેલિયાના બીજા દાવને સમાપ્ત કરવામાં માત્ર ૪૫ મિનિટનો સમય લીધો, જેમાં અલઝારીએ કારકિર્દીની શ્રેષ્ઠ પાંચ વિકેટ લીધી.

### ઓસ્ટ્રેલિયા માટે ૪૦૦ ટેસ્ટ વિકેટ પૂર્ણ કરનારા બોલરો

- ૫૩૯ વિકેટ - ગ્લેન મેકગ્રા
- ૭૦૮ વિકેટ - શેન વોર્ન
- ૫૬૩ વિકેટ - નાથન લિયોન
- ૪૦૦ વિકેટ – મિશેલ સ્ટાર્ક

### ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછા બોલમાં ૫ વિકેટ લેનારા બોલરો

- મિશેલ સ્ટાર્ક ૧૫ બોલમાં, વેસ્ટ ઈન્ડિઝ સામે (૨૦૨૫)
- એર્ની ટોશેક ૧૯ બોલમાં, ભારત વિરુદ્ધ (૧૯૪૭)
- સ્ટુઅર્ટ બ્રોડ ૧૯ બોલમાં, ઓસ્ટ્રેલિયા સામે (૨૦૧૫)
- સ્કોટ બોલેન્ડ ૧૯ બોલ, ઈંગ્લેન્ડ સામે (૨૦૨૧)
- શેન વોટસન ૨૧ બોલમાં, દક્ષિણ આફ્રિકા સામે (૨૦૧૧)

૧૨૮ વર્ષ પહેલાં ક્રિકેટ મેચ રમાઈ હતી : પાંચ નવી રમતોનો સમાવેશ

# ઓલિમ્પિક ૨૦૨૮નું સંપૂર્ણ શેડ્યૂલ જારી : ક્રિકેટ મેચ ૧૨ જુલાઈથી શરૂ થશે

હૈદરાબાદ,તા.૧૫

લોસ એન્જલસ ૨૦૨૮ આયોજન સમિતિ દ્વારા ઓલિમ્પિકનું સંપૂર્ણ સમયપત્રક બહાર પાડવામાં આવ્યું છે. જે ૧૨ જુલાઈથી ૩૦ જુલાઈ સુધી ચાલશે. જ્યારે ક્રિકેટ મેચ ૧૨ જુલાઈથી શરૂ થશે, જેના મેડલ મેચ ૨૦ અને ૨૯ જુલાઈના રોજ રમાશે. મહિલા ટીમની ફાઈનલ મેચ ૨૦મીએ રમાશે. જ્યારે પુરુષ ટીમની ટાઈટલ મેચ ૨૯મીએ રમાશે. ૧૯૦૦ પછી આ પહેલી વાર બનશે જ્યારે ક્રિકેટ ઓલિમ્પિક રમતોમાં ગ્લેમર ઉમેરશે. અગાઉ, ઓલિમ્પિક સમિતિએ જાહેરાત કરી હતી કે આ ટુર્નામેન્ટમાં ૬ પુરુષો અને ૬ મહિલા ક્રિકેટ ટીમો હશે. દરેક ટીમમાં ૧૫ સભ્યો હશે, પરંતુ સમિતિએ હજુ સુધી નક્કી કર્યું નથી કે ઓલિમ્પિક માટે ક્વોલિફાય થનારી ૬ ટીમો કઈ હશે. ટી૨૦ ફોર્મેટમાં




રમાનારી આ મેચો લોસ એન્જલસથી ૫૦ કિલોમીટર દૂર પોમેના શહેરના ફેરગ્રાઉન્ડ્સ સ્ટેડિયમમાં યોજાશે. એલએ૨૮ ઓર્ગેનાઈઝિંગ કમિટી અનુસાર, દિવસમાં બે મેચ હશે, જોકે ૧૪ અને ૨૧ જુલાઈએ કોઈ મેચ રમાશે નહીં. ઓલિમ્પિકમાં ક્રિકેટ પહેલા ફક્ત એક જ વાર રમાયું છે, જ્યારે ૧૯૦૦ના પેરિસ ઓલિમ્પિક દરમિયાન ફક્ત બે ટીમો, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ, બે દિવસીય મેચમાં એકબીજા સામે આવી હતી. ગ્રેટ બ્રિટને તે મેચ જીતી અને ગોલ્ડ મેડલ જીત્યો. જે પછી તે ક્રિકેટમાં સુવર્ણ ચંદ્રક જીતનાર એકમાત્ર ટીમ બની. ક્રિકેટ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિકમાં બેઝબોલ/સોફ્ટબોલ, ફ્લેગ ફૂટબોલ, લેક્રોસ (છગ્ગા) અને સ્ક્વોશનો પણ સમાવેશ કર્યો છે.

બિયાસ ગામમાં ફરવા માટે નીકળ્યા હતા ત્યારે અજાણ્યા વાહનની ટક્કરે ઇજા પહોંચી હતી

# ૧૧૪ વર્ષીય મેરેથોન દોડવીર ફૌજા સિંહનું માર્ગ અકસ્માતમાં નિધન

## અવિશ્વસનીય દૃઢ નિશ્ચય ધરાવતા એક અસાધારણ ખેલાડી હતા : વડાપ્રધાન

ચંદીગઢ,તા.૧૫

સોમવારે પંજાબના જાલંધરમાં એક માર્ગ અકસ્માતમાં અનુભવી મેરેથોન દોડવીર ફૌજા સિંહનું અવસાન થયું. તેઓ ૧૧૪ વર્ષના હતા. તેમના મૃત્યુની પુષ્ટિ લેખક ખુશવંત સિંહ દ્વારા કરવામાં આવી હતી.જલંધર પોલીસના એક અધિકારીએ પણ ફૌજા સિંહના મૃત્યુની પુષ્ટિ કરી અને કહ્યું કે તેઓ બિયાસ ગામમાં ફરવા માટે નીકળ્યા હતા ત્યારે એક અજાણ્યા વાહને તેમને ટક્કર મારી. ફૌજા સિંહને માથામાં ઈજા થઈ હતી, જેના કારણે તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સાંજે તેમનું મૃત્યુ થયું




હતું. જલંધરના આદમપુર પોલીસ સ્ટેશનના એસએચઓ હરદેવપ્રીત સિંહે જણાવ્યું હતું કે અકસ્માત બાદ ડ્રાઈવરભાગી ગયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફૌજા સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો. X પરની એક પોસ્ટમાં, પીએમએ લખ્યું, 'ફૌજા સિંહ જી તેમના અનોખા વ્યક્તિત્વ અને ફિટનેસ જેવા મહત્વપૂર્ણ વિષય પર ભારતના યુવાનોને પ્રેરણા આપવાની રીતને કારણે અસાધારણ હતા.' તે અવિશ્વસનીય દૃઢ નિશ્ચય ધરાવતો એક અસાધારણ ખેલાડી હતો. તેમના નિધનથી મને ખૂબ જ દુઃખ થયું. મારા સંવેદના તેમના પરિવાર અને વિશ્વભરમાં તેમના અસંખ્ય ચાહકો સાથે છે. '૧૯૧૧માં ખેડૂત પરિવારમાં જન્મેલા ફૌજા સિંહ ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા. તેઓ ૧૦૦ વર્ષની ઉંમરે મેરેથોન પૂર્ણ કરનાર પ્રથમ ખેલાડી બન્યા અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેતી વખતે અનેક રેકોર્ડ પણ બનાવ્યા. ફૌજા સિંહે વૃદ્ધાવસ્થામાં મેરેથોનમાં દોડવાનું શરૂ કર્યું હતું. તેમની સહનશક્તિ અને એથ્લેટિક ક્ષમતાને કારણે 'ટર્બેન્ડ ટોર્નાડો' ઉપનામ મેળવ્યું હતું.

પુરુષ ટીમ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી અને મહિલા ટીમ ત્રણ મેચની વનડે શ્રેણી રમી રહી છે

# ભારતીય પુરુષ અને મહિલા ટીમે લંડનમાં કિંગ ચાર્લ્સ IIIની શુભેચ્છા મુલાકાત લીધી

લંડન,તા.૧૫

ભારતની પુરુષ અને મહિલા ટીમો આ દિવસોમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે. શુભમનના નેતૃત્વમાં પુરુષ ટીમ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમી રહી છે. જ્યારે હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં મહિલા ટીમ ત્રણ મેચની વનડે શ્રેણી રમી રહી છે. અગાઉ, ટીમે પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં ઈંગ્લેન્ડને ૩-૨થી હરાવ્યું હતું. મંગળવારે, બંને ટીમો લંડનના સેન્ટ જેમ્સ પેલેસ ખાતે કિંગ ચાર્લ્સ III ને મળી હતી. ગિલે કહ્યું, 'કિંગ ચાર્લ્સ ત્રીજાને મળીને ખૂબ આનંદ થયો અને તેમણે અમને ફોન કરીને ખૂબ જ ઉદારતા દર્શાવી. અમારી વાતચીત ખૂબ સારી રહી.



કિંગ ચાર્લ્સ ત્રીજાએ અમને કહ્યું કે છેલ્લી ટેસ્ટ મેચમાં અમારો છેલ્લો બેટ્સમેન જે રીતે આઉટ થયો તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ હતું, બોલ સ્ટમ્પ પર અથડાતો હતો.અમે તેમને કહ્યું કે તે અમારા માટે એક દુર્ભાગ્યપૂર્ણ મેચ હતી અને તેનું પરિણામ કોઈપણ રીતે જઈ શક્યું હોત. આશા છે કે આગામી બે મેચમાં અમને સારા નસીબ મળશે.'લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચ પર, ટીમ ઈન્ડિયાના કેપ્ટન ગિલે કહ્યું, 'બંને ટીમો જે રીતે રમી, તેમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો. અમે ખૂબ ગર્વ સાથે રમ્યા અને માનસિક અને શારીરિક રીતે અમારું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. જ્યારે તમે પાંચ દિવસ ચાલેલી ટેસ્ટ મેચ રમો છો અને ૨૦ રનથી હારી જાઓ છો, ત્યારે વિજેતા ચોક્કસપણે મહાન અનુભવ કરશે', ગિલે કહ્યું કે, 'અમે જ્યાં પણ જઈએ છીએ, અમે ખૂબ જ ભાગ્યશાળી અને ભાગ્યશાળી છીએ કે અમને હંમેશા (ભારતીય સમર્થકો તરફથી) સારો ટેકો મળે છે.'

દેશબંધુ એર્ની ટોશેકે ૧૯૪૭માં ભારત સામે ૧૯ બોલમાં ૫ વિકેટ લીધી હતી

# સ્ટાર્કે ૭૮ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો : મુરલીધરનને પણ પાછળ છોડી નવા કિર્તીમાન સ્થાપિત કર્યા

નવી દિલ્હી,તા.૧૫

ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કે ઈતિહાસના પાનામાં પોતાનું નામ નોંધાવી લીધું છે. સ્ટાર્કે વેસ્ટ ઈન્ડિઝ સામે ઓસ્ટ્રેલિયા માટે પોતાની ૧૦૦મી ટેસ્ટ મેચ રમીને ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. મિશેલ સ્ટાર્ક સૌથી ઓછા બોલમાં ૫ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો. સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટમાં ૧૫ બોલમાં સૌથી ઝડપી ૫ વિકેટ લીધી છે. આ સાથે, તેણે પોતાના દેશબંધુ એર્ની ટોશેકને પાછળ છોડી દીધો છે, જેમણે ૧૯૪૭માં ભારત સામે ૧૯ બોલમાં ૫ વિકેટ લીધી હતી. મિશેલ સ્ટાર્ક ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટ લેનાર વિશ્વનો બીજો સૌથી ઝડપી (ઓછા બોલમાં) બોલર બન્યો છે. સ્ટાર્કે ૧૯૦૬૨ બોલમાં પોતાની ૪૦૦ ટેસ્ટ વિકેટ પૂરી કરી



હતી, જ્યારે દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર ડેલ સ્ટેન ૧૬૬૩૪ બોલમાં ૪૦૦ વિકેટ પૂરી કરીને પ્રથમ સ્થાને છે. આ સાથે, મિશેલ સ્ટાર્ક ઓસ્ટ્રેલિયા માટે ૪૦૦ ટેસ્ટ વિકેટ પૂર્ણ કરનાર ચોથો બોલર બન્યો છે. મિશેલ સ્ટાર્ક પોતાની ૧૦૦મી ટેસ્ટમાં શ્રેષ્ઠ વ્યક્તિગત બોલિંગ પ્રદર્શન સાથે વિશ્વનો નંબર ૧ બોલર બન્યો છે. તેમના પહેલા, આ સિદ્ધિ ફક્ત શ્રીલંકાના ભૂતપૂર્વ સ્પિનર મુથૈયા મુરલીધરને જ મળી હતી, જેમને હવે સ્ટાર્કે પાછળ છોડી દીધા છે. મુરલીધરને પોતાની ૧૦૦મી ટેસ્ટ મેચમાં ૫૪ રન આપીને ૯ વિકેટ ઝડપી હતી. તેણે ૨૦૦૬માં બાંગ્લાદેશ સામે આ સિદ્ધિ મેળવી હતી. હવે મિશેલ સ્ટાર્કે વેસ્ટ ઈન્ડિઝ સામે ૯ રન આપીને ૬ વિકેટ લીધી છે. ઓસ્ટ્રેલિયાએ ત્રીજી ટેસ્ટ મેચની ચોથી ઈનિંગમાં વેસ્ટ ઈન્ડિઝને માત્ર ૨૭ રનમાં ઓલઆઉટ કરીને ત્રીજી ટેસ્ટ મેચ ૧૭૬ રનથી જીતી લીધી છે. આ સાથે, તેઓએ ૩-૦ થી જીત મેળવીને ક્લીન સ્વીપ હાંસલ કરી લીધું છે.

શેફાલીએ ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં ૧૭૬ રન બનાવ્યા

# ICC મહિલા T20 રેકિંગ જાહેર શેફાલી વર્મા ફરીવાર ટોપ-૧૦માં

## મંધાના પાંચ ઇનિંગ્સમાં ૨૨૧ રન સાથે ત્રીજા સ્થાને યથાવત




દુબઈ,તા.૧૫

આઈસીસી એ મંગળવારે મહિલા ટી૨૦ ખેલાડીઓની નવીનતમ રેંકિંગ જાહેર કરી, જેમાં ભારતીય ઓપનર શેફાલી વર્માએ ફરી એકવાર ટોપ-૧૦ બેટ્સમેનોની યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ૨૧ વર્ષીય શેફાલી ૬૫૫ પોઈન્ટ સાથે ચાર સ્થાન આગળ વધીને નવમા સ્થાને પહોંચી ગઈ છે. શેફાલી વર્માએ ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં ૩૫.૨૦ ની સરેરાશથી ૧૭૬ રન બનાવ્યા હતા. ઓપનર સ્મૃતિ મંધાના પછી શેફાલી શ્રેણીમાં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતી. ટી૨૦ ફોર્મેટમાં સૌથી વધુ ક્રમાંકિત ભારતીય બેટ્સમેન મંધાનાએ પાંચ ઈનિંગ્સમાં ૨૨૧ રન સાથે ત્રીજા સ્થાને યથાવત રાખ્યું છે. તે ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી૨૦ શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતી. જેમીમાહ રોડ્રિગ્સ બે સ્થાન નીચે સરકીને ૧૪મા સ્થાને પહોંચી ગઈ છે. ભારતીય કેપ્ટન હરમનપ્રીતે શ્રેણીની ચાર મેચમાં ૬૫ રન બનાવ્યા. તે બેટિંગ રેંકિંગમાં ૧૫મા સ્થાને યથાવત છે. શ્રેણીમાં છ વિકેટ લઈને અરુંધતી રેડ્ડીએ પણ ભારતને શ્રેણી જીતવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અંતિમ T20 મેચમાં બે વિકેટ લેનારી અરુંધતી બોલિંગ રેંકિંગમાં ચાર સ્થાન આગળ વધીને ૩૯મા સ્થાને પહોંચી ગઈ છે. તેણી ઓલરાઉન્ડરોની યાદીમાં ૨૬ સ્થાનની છલાંગ લગાવીને ૮૦મા સ્થાને પહોંચી ગઈ છે. ઈંગ્લેન્ડની સ્પિનર ચાર્લી ડીનને ટોપ-૧૦ બોલરોની યાદીમાં સામેલ કરવામાં આવી છે. તેણી આઠ સ્થાનના ઉછાળા સાથે નશરા સંધુ અને જ્યોર્જિયા વેરહામ સાથે છઠ્ઠા સ્થાને પહોંચી છે. તેના સિવાય, ઈંગ્લેન્ડની ઓપનર ટેમી બ્યુમોન્ટ ૧૯ સ્થાનના ફાયદા સાથે ૪૫મા સ્થાને પહોંચી ગઈ છે.

અજબ ગજબ


સાગરમાં રહેતા યોગી મહાત્મા દેવરાહ બાબા ૩૫૦ વર્ષથી વધુ ઉંમરના હોવાની માન્યતા

# ભારતના રહસ્યમય યોગી, જેમની ઉંમરે વિજ્ઞાનને પણ આશ્ચર્યચકિત કર્યું



સાગરમાં રહેતા યોગી મહાત્મા દેવરાહ બાબા ૩૫૦ વર્ષથી વધુ જૂના હોવાનું માનવામાં આવે છે. તેમણે સમાજમાં સુધારો કરવા માટે બે વાર પોતાના શરીરનું પરિવર્તન કર્યું હતું, જે વિજ્ઞાન માટે પણ એક રહસ્ય છે.

સાગર. ભારત પ્રાચીન કાળથી ઋષિઓ અને તપસ્વીઓનો દેશ રહ્યો છે. આ ભૂમિ પર દિવ્ય અને મહાન સંતોનો જન્મ થયો છે. ચીનની શક્તિઓ અને ચમત્કારો લોકોને આશ્ચર્યચકિત કરતા હતા. આવા જ એક દિવ્ય મહાત્મા દેવરાહ બાબા હતા, જેમનું લાંબુ જીવન હંમેશા રહસ્ય રહ્યું. વિવિધ મંતવ્યો અનુસાર, બાબાની ઉંમર ૨૫૦ થી ૫૦૦ વર્ષની વચ્ચે માનવામાં આવે છે. સિદ્ધ યોગી દેવરાહ બાબા વિશે એવું કહેવામાં આવે છે કે તેમણે તપ અને યોગની શક્તિથી બે વાર



પોતાના જર્જરિત શરીરને પુનર્જીવિત કર્યું હતું.

જો આપણે બાબાના શિષ્યો અને અનુયાયીઓની વાત કરીએ, તો તેમાં જવાહરલાલ નેહરુ, જે તે સમયના વડા પ્રધાન હતા, લાલ બહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી જેવા પ્રખ્યાત નામોનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, બાબા પ્રાણીઓ અને પક્ષીઓની ભાષા સમજતા હતા અને તેમની સાથે તેમની પોતાની ભાષામાં વાત કરીને તેમને નિયંત્રિત કરતા હતા. બાબા હંમેશા લાકડાના મંચ પર બેસતા હતા. અહીં ક્યારેય કંઈ થતું ન હતું, પરંતુ તેઓ પોતાના હાથે હજારો અને લાખો ભક્તોને પ્રસાદ આપતા હતા.

વૃંદાવનની પ્રતિકૃતિ તરીકે સાગરમાં મંદિર બનાવવામાં આવ્યું હતું. ૧૯ જૂન ૧૯૯૦ ના રોજ તેમણે વૃંદાવનમાં પોતાનો દેહ છોડી દીધો. ત્યારબાદ તેમનો આશ્રમ અને મંદિર ત્યાં છે. વૃંદાવનની પ્રતિકૃતિ તરીકે સાગરમાં બાબાનું મંદિર બનાવવામાં આવ્યું છે. જ્યાં દિવ્ય અનુભવ મળે છે. ગુરુ પૂર્ણિમાના અવસરે, વૃંદાવન ધામ ગોરેલાલ કુંજના મહંત શ્રી ૧૦૦૮ કિશોર દાસ જૂ મહારાજ અહીં હાજર છે, જ્યાં દેશભરમાંથી તેમના ભક્તો અને શિષ્યો પહોંચી રહ્યા છે.

બાબા કેટલા વૃદ્ધ છે. તેમણે ક્યારેય આ વાત કહી નથી અને કોઈ જાણી શક્યું નથી. લોકોએ તેમને પેઢી દર પેઢી જોયા છે, આ પરથી અંદાજ લગાવવામાં આવે છે કે તેમની ઉંમર ૩૫૦ વર્ષથી વધુ છે અને તેઓ યુગલ સરકારના અવતાર છે. લોકોએ તેમને હંમેશા એ જ જોયા છે અને તેઓ પોતે કહેતા હતા કે બાળક, અમે ઘણા સમયથી અહીં છીએ, તેમને તેમની ઉંમરનો કોઈ ખ્યાલ નહોતો, અને એવું કહેવાય છે કે તેઓ બે વાર પોતાના શરીરને જાગૃત કરીને સમાજની વચ્ચે આવ્યા અને સામાજિક સુધારા માટે કામ કર્યું.

બાબાનો જન્મ ઉત્તર પ્રદેશના દેવરિયામાં થયો હતો, તેથી તેમને દેવરાહા બાબા તરીકે ઓળખવામાં આવે છે. તેમણે હંમેશા લોકોને ગાય સંરક્ષણ અને સામાજિક સુધારાનો સંદેશ આપ્યો અને જો તેઓ કોઈને આશીર્વાદ આપતા, તો રજાઓ દરમિયાન મોટીથી મોટી સમસ્યાઓનું પણ નિરાકરણ આવી જતું.

### કરજણ ડેમના બેકવોટર વિસ્તારમાં આવેલા
# માંડણ ગામે થાર કાર પાણીમાં ગરકાવ થઈ : સદનસીબે મોટી દુર્ઘટના થતાં ટળી
### પાણીમાં ગરકાવ થયેલી થાર કારને ટેમ્પોની મદદથી બહાર કાઢવામાં આવી



રાજપીપળા,તા.૧૫

કરજણ ડેમના બેકવોટર વિસ્તારમાં આવેલા માંડણ ગામે આજે એક અનોખી ઘટના બની, જ્યાં પ્રવાસીઓની બેદરકારીને કારણે એક થાર કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.સદનસીબે, કારમાં કોઈ સવાર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, કરજણ ડેમના બેકવોટર વિસ્તારમાં કુદરતી સૌંદર્ય માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે.આ પ્રવાસીઓ પોતાની કાર ટેકરા પર પાર્ક કરીને કુદરતી સૌંદર્યનો આનંદ માણે છે. આજે પણ એક વ્યક્તિ પોતાની થાર કાર ટેકરા પર પાર્ક કરીને બહાર નીકળ્યા હતા.જોકે, કોઈ અગમ્ય કારણોસર પાર્ક કરેલી થાર કાર ધીમે ધીમે સરકીને પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

આ ઘટના બનતાં જ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. તંત્ર અને વનવિભાગ દ્વારા અગાઉ પણ અનેકવાર પ્રવાસીઓને કાર પાણીથી સુરક્ષિત અંતરે પાર્ક કરવા સૂચના આપવામાં આવે છે.તેમ છતાં, પ્રવાસીઓ આ સૂચનાઓને અવગણતા હોવાથી આજે આ ઘટના બની હતી.

પાણીમાં ગરકાવ થયેલી થાર કારને અન્ય એક ટેમ્પોની મદદથી બહાર કાઢવામાં આવી હતી.જો કારમાં કોઈ વ્યક્તિ સવાર હોત, તો ચોક્કસપણે એક મોટી અને ગંભીર દુર્ઘટના સર્જાઈ હોત.આ ઘટના પ્રવાસીઓ માટે એક ચેતવણીરૂપ છે કે તેઓ કુદરતી સ્થળોની મુલાકાત લેતી વખતે સલામતીના નિયમોનું પાલન કરે.

### જીઆઈડીસીમાં પોલીસ બંદોબસ્ત સાથે રખડતા ઢોર પકડવાની ઝુંબેશ
# ભડકોદ્રા ગામના મુખ્ય માર્ગ પર બે આખલાઓ વચ્ચે યુદ્ધ, વાહનચાલકોમાં નાસભાગ મચી



અંકલેશ્વર,તા.૧૫

અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામ નજીક મુખ્ય માર્ગ પર બે આખલાઓ બાખડતા વાહન ચાલકોમાં દોડધામ મચી જવા પામી હતી.જ્યારે જીઆઈડીસીમાં પોલીસ બંદોબસ્ત સાથે રખડતા ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાંક વિસ્તાર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં રખડતા ઢોરનો આતંક વધી રહ્યો છે.ત્યારે આજરોજ અંકલેશ્વરના ભડકોદ્રા પાટીયાથી ભડકોદ્રા ગામ તરફ જવાના મુખ્ય માર્ગ પર બે આખલાઓ વચ્ચે યુદ્ધ જામ્યું હતું. મુખ્ય માર્ગ પર જ બે આખલા બાખડતા વાહન ચાલકોમાં દોડધામ મચી જવા પામી હતી.સ્થાનિકોએ આખલા પર પાણી છાંટી તેમને શાંત પાડ્યા હતા. અંકલેશ્વરમાં અવારનવાર રખડતા ઢોરનો આતંક સામે આવે છે.રખડતા ઢોરના કારણે અકસ્માત સહિતના પણ બનાવો બને છે,ત્યારે તંત્ર દ્વારા રખડતા ઢોર પકડવાની ઝુંબેશ પુનઃ શરૂ કરવામાં આવે તેવી વાહન ચાલકો માંગ કરી રહ્યા છે.તો બીજી તરફ અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે.તાજેતરમાં આખલાઓ બાખડતા વાહનોને અડફેટમાં લેવાના અને અકસ્માતમાં બનાવો સામે આવ્યા હતા.ત્યારે નોટીફાઇડ એરીયા ઓથોરીટી તંત્ર હરકતમાં આવ્યું છે.અંકલેશ્વર નોટિફાઇડ એરીયા ઓથોરીટી દ્વારા આજથી અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાંક વિસ્તારોમાં રખડતા ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અટલજી જોગર્સ પાર્ક નજીકથી આ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ ઝુંબેશ દરમ્યાન ઢોર માલિકો સાથે ઘર્ષણ ન સર્જાય એ માટે પોલિસ બંદોબસ્ત પણ સાથે રાખવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ યથાવત રાખવામાં આવશે સાથે જ ઢોરના માલિકો સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે.

### જો ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા જાહેરમાં
# ચંપાબેન વસાવાની માફી માગે તો હું કેસ પાછો ખેંચવા તૈયાર: સંજય વસાવા

રાજપીપળા,તા.૧૫

ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિરુદ્ધ મારામારીના કેસમાં નવો વળાંક આવ્યો છે.ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવાએ કહ્યું છે કે જો ચૈતર વસાવા ચંપાબેન વસાવાની જાહેરમાં માફી માંગે તો હું એમની સામેનો કેસ પરત ખેંચવા તૈયાર છું.ચૈતર વસાવા વિરુદ્ધના પોલીસ કેસ બાદ ગુજરાત રાજ્ય સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ પ્રદીપ ગરાસિયાએ નર્મદા જિલ્લા કલેક્ટરને એક પત્ર લખી જણાવ્યું કે ચૈતર વસાવા વિરુદ્ધના કેસમાં પોલીસની કામગીરી શંકાસ્પદ જણાય છે.પોલીસનું કામ શાંતિ સલામતી અને કાયદો વ્યવસ્થા જાળવવાનું છે.તેની જગ્યાએ પોલીસ આદિવાસી નેતાઓ સાથે અપમાનજનક ભાષામાં વાત કરે છે.અત્યાર સુધીની કાર્યવાહીમાં કાયદો વ્યવસ્થાનું ઉલંઘન થયું છે જેનો આદિવાસી સમાજ સખત વિરોધ કરે છે.તો બીજી બાજુ પ્રદીપ ગરાસિયાને ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવાએ લેખિતમાં એવો જવાબ આપ્યો છે કે સરકારી મિટિંગમાં બનેલી ઘટના સાચી છે.શું હું આદિવાસી સમાજનો દીકરો નથી કે ચંપાબેન વસાવા આદિવાસી સમાજની દીકરી નથી?.ધારાસભ્ય જેવા પદાધિકારી સમાજમાં હીરો બનવા માટે સમાજને હાથો બનાવે છે.એક ગેર આદિવાસી મનીષ શેઠે ચંપાબેન વસાવા અને અન્ય આદિવાસી મહિલાઓ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરી અને આમ આદમી પાર્ટીના લોકોએ એને ટેકો આપ્યો તો તમે એની સામે પણ બોલો.ચૈતર વસાવાએ મારી સાથે જે પણ કર્યું એ હું ભુલી જવા તૈયાર છું.જો ચૈતર વસાવા જાહેરમાં સાગબારા તાલુકા પંચાયત પ્રમુખ ચંપાબેન વસાવાની માફી માંગે તો હું ચૈતર વસાવા સામેનો કેસ પાછો ખેંચવા તૈયાર છું.

# સોનું ૯૭,૯૬૪ પ્રતિ ૧૦ ગ્રામ થયું:ચાંદી ૧.૧૨ લાખ પ્રતિ કિલો

નવી દિલ્હી,તા.૧૫

આજે એટલે કે ૧૫ જુલાઈના રોજ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ભાવ ૩૩૯ ઘટીને ૯૭,૯૬૪ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. પહેલા તેની કિંમત ૯૮,૩૦૩ હતી. અમદાવાદમાં ૨૪ કેરેટ પ્રતિ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૯૯,૮૨૦ છે.ચાંદીનો ભાવ ૧,૮૯૭ઘટીને ૧,૧૨,૦૦૦ પ્રતિ કિલો થયો છે. અગાઉ તે ૧,૧૩,૮૯૭ હતો. આ ચાંદીની ઓલ ટાઈમ હાઈ છે. ૮ જૂને સોનું ૯૯,૪૫૪ ઓલ ટાઈમ હાઈ હતું.યુએસ ટેરિફને કારણે ભૂ-રાજકીય તણાવ પ્રવર્તી રહ્યો છે. આ સોનાને સપોર્ટ મળી રહ્યો છે. આનાથી સોનાની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧ લાખ ૩ હજાર રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદી આ વર્ષે ૧ લાખ ૩૦ હજાર રૂપિયા સુધી પહોંચી શકે છે.હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો.

### ઓટો ૧.૩૬%, રિયલ્ટી ૧.૧૯%, સરકારી બેંકિંગ ૧.૦૧% અને આઈટી ઇન્ડેક્સ ૦.૮૧%ની તેજી રહી
# સેન્સેક્સ ૩૧૭ પોઈન્ટ વધીને ૮૨,૫૭૧ પર બંધ થયો : નિફ્ટીમાં ૧૧૩ પોઈન્ટની તેજી રહી

મુંબઈ,તા.૧૫

આજે અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, એટલે કે મંગળવાર, ૧૫ જુલાઈના રોજ, સેન્સેક્સ ૩૧૭ પોઈન્ટના વધારા સાથે ૮૨,૫૭૧ પર બંધ થયો. નિફ્ટી પણ ૧૧૩ પોઈન્ટના વધારા સાથે ૨૫,૧૯૫ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૪ શેરમાં તેજી રહી. સન ફાર્મા, ટાટા મોટર્સ અને બીઈએલના શેર વધ્યા છે. એચસીએલ ટેક અને ઝોમેટોના શેર ૨.૭% સુધી ઘટ્યા છે. નિફ્ટીના ૫૦ માંથી ૪૦ શેરમાં તેજી રહી. NSE પર પણ બધા સેક્ટર્સમાં તેજી જોવા મળી રહી છે. ઓટો ૧.૩૬%, રિયલ્ટી ૧.૧૯%, સરકારી બેંકિંગ ૧.૦૧% અને આઈટી ઈન્ડેક્સ ૦.૮૧%ની તેજી રહી. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ૦.૧૨% ઘટીને ૩૯,૫૦૭ પર અને કોરિયાનો કોસ્પી ૦.૧૩% ઘટીને ૩,૧૯૮ પર ટ્રેડ કરી રહ્યો હતો.હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૦.૦૨૫% વધીને ૨૪,૧૯૭ પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૯૩% ઘટીને ૩,૪૮૭ પર બંધ રહ્યો હતો.૧૪ જુલાઈના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૨૦% વધીને ૪૪,૪૯૦ પર બંધ થયો. આ દરમિયાન, નેસ્ડેક કમ્પોઝિટ ૦.૨૭% વધીને ૨૦,૬૪૦ પર અને S&P ૫૦૦ ૦.૧૪% ઘટીને ૬,૨૬૯ પર બંધ થયો.૧૪ જુલાઈના રોજ વિદેશી રોકાણકારોએ ૧,૬૧૪ કરોડ રૂપિયાના શેર વેચ્યા૧૪ જુલાઈના રોજ, વિદેશી રોકાણકારો (FII) એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૧,૬૧૪.૩૨ કરોડના શેર વેચ્યા હતા. તેમજ, સ્થાનિક રોકાણકારો એ રૂ. ૧,૭૮૭.૬૮ કરોડની નેટ ખરીદી કરી હતી. જુલાઈ મહિનામાં અત્યાર સુધીમાં, વિદેશી રોકાણકારોએ રૂ. ૧૧,૮૯૮.૫૦ કરોડના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારોએ રૂ. ૧૪,૧૯૦.૬૬ કરોડની નેટ ખરીદી કરી છે.

# સેબીએ વેન્ચર કેપિટલ ફંડ્સ માટે સેટલમેન્ટ સ્કીમની જાહેરાત કરી

નવી દિલ્હી,તા.૧૫

બજાર નિયમનકાર સેબીએ મંગળવારે માઈગ્રેટેડ વેન્ચર કેપિટલ ફંડ્સ દ્વારા વાઈન્ડિંગ-અપ જોગવાઈઓના ઉલ્લંઘનના સમાધાનમાં મદદ કરવા માટે ૨૧ જુલાઈથી શરૂ થતી યોજનાની જાહેરાત કરી છે. આ યોજના ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સમાપ્ત થશે, એમ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ એક નિવેદનમાં જણાવ્યું હતું.સેબીએ જણાવ્યું હતું કે, વીસીએફ સેટલમેન્ટ સ્કીમ ૨૦૨૫ નો પ્રસ્તાવ વીસીએફને એવી યોજનાઓમાંથી ઉદ્ભવતા કાર્યોનું સમાધાન કરવાની તક પૂરી પાડવા માટે કરવામાં આવ્યો છે જેમની લિક્વિડેશન અવધિ સમાપ્ત થઈ ગઈ છે પરંતુ બંધ થઈ નથી અને જે અનલિક્વિડેટેડ રોકાણોને જાળવી રાખે છે, અને સ્થળાંતર પૂર્ણ કરી ચૂક્યા છે.

# ભારતમાં પ્રોસેસિંગ ગ્રેડ બટાકાની ક્રાંતિમાં ગુજરાત અગ્રેસર

ગાંધીનગર,તા.૧૫

એક સમયે ફ્રેન્ચ ફ્રાઈસનું આયાતકાર ભારત હવે નિકાસકાર બન્યું છે. બટાકાની ચોક્કસ જાતની ખેતીને કારણે, ભારત હવે ફ્રેન્ચ ફ્રાઈસ અને વેફર્સ જેવા નાસ્તા બનાવવા માટે પ્રોસેસ્ડ બટાકાની નિકાસ કરી રહ્યું છે. ગુજરાત આ દિશામાં અગ્રેસર તરીકે ઉભરી આવ્યું છે અને પંજાબ અને ઉત્તર પ્રદેશ પણ તેનું અનુકરણ કરી રહ્યા છે.૨૦૦૪-૦૫માં, ભારતમાં પ્રોસેસ્ડ બટાકાનું ઉત્પાદન ૧ લાખ ટનથી ઓછું હતું પરંતુ છેલ્લા બે દાયકામાં ઉત્પાદનમાં ૧૦ ગણો વધારો થયો છે અને લગભગ ૩૭,૦૦૦ હેક્ટરમાં ૧૧.૫૦ લાખ ટનનો વધારો થયો છે. ઉત્પાદન માટેનો વિસ્તાર પણ નવ ગણો વધ્યો છે.પ્રોસેસિંગ ગ્રેડ બટાકાની ખેતીમાં ગુજરાત અગ્રેસર છે જે ફ્રેન્ચ ફ્રાઈસ, ચિપ્સ અને ફ્રોઝન નાસ્તા બનાવવા માટે દેશભરના ખાદ્ય ઉદ્યોગોને મોટા પાયે પૂરા પાડવામાં આવે છે.


**નામ બદલ્યું છે.**
મારૂં જુનું નામ મોટે કિર્તી સુરેશભાઈ હતું તે બદલીને નવું નામ **વિભા વિવેક બાપટ** રાખેલ છે.
સરનામું : ૯, શિવાલય કુમ્પ્લેક્ષ, ગોયાગેટ સોસાયટી, આર. વી. દેસાઈ રોડ, વડોદરા - ૩૯૦૦૦૪.

**નામ બદલેલ છે**
જુનું નામ : મંજુલાબેન રોહિતકુમાર પટેલ
નવું નામ : મીનાબેન રોહિતકુમાર પટેલ
સરનામું : પટેલ રોહિતકુમાર માધવભાઇ, બી-3, શીલ્પ બંગલોઝ, બ્રાઇટ સ્કુલ પાસે, વાસણા ભાયલી રોડ, વડોદરા

**"વિકાસ વર્ષ"**
**વડોદરા મહાનગરપાલિકા**
**એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ**
**રાવપુરા**
www.vmc.gov.in
Smart City
**જાહેર સૂચના**
**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કલાલી ખાતે તૈયાર થનાર EWS-2 ટાઇપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઇન ફોર્મ બહાર પાડવા બાબત**
વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા કચેરી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અટલાદરા-કલાલી રે.સ.નં.૫૮૫-૫૮૬ ખાતે EWS-2 પ્રકારના ૩૫ ચો.મી. કાર્પેટ એરીયા ધરાવતા કુલ ૧૯૦૦ આવાસોની ફાળવણી કરવા અર્થે સદર યોજનાનો લાભ લેવા ઇચ્છુક લાભાર્થીઓ પાસેથી ઓનલાઇન ફોર્મ સદર જાહેરાત પ્રસિધ્ધ થયા થી તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના ૬.૦૦ કલાક સુધી વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પર જરૂરિયાત મુજબના દસ્તાવેજો/ફી સહ ઓનલાઇન ફોર્મ ભરવા જાહેર જનતાને જણાવવામાં આવે છે.
**નોંધ:-** જે લાભાર્થીઓ દ્વારા PRO No : ૭૨૬/૨૨-૨૩ તા.૨૨-૧૦-૨૦૨૨ થી આપેલ જાહેરાત અન્વયે ફોર્મ ભરેલ હશે, તેઓએ પુન: ફોર્મ ભરવાનું રહેશે નહી.
**પી.આર.ઓ.નં.૩૮૫/૨૫-૨૬** **એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા પ્રકાશિત**

**The Maharaja Sayajirao University of Baroda**
**Vadodara - 390 002, Gujarat, India.**
**QUOTATION NOTICE NO. ADE 12/5 of 2025-2026**
The sealed Super Subscribed Quotations are invited for awarding Contract for Canteen at University Head Office for the year 24-25. The blank Quotation forms will be issued by the University Head Office form **11/07/2025 to 23/07/2025** along with the payment of Rs. 250/- by cash during 11.00 to 13.00 hours on all working days' till **23/07/2025** the said Quotations with all required details in prescribed from should be submitted with price bid on or before **28/07/2025.**
Vadodara
Dated:03/06/2025
Sd/-
Dr.K.M. Chudasama
Registrar(Offg.)
**(INF-VAD-464 - 25-26)**

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**
ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક: DRM (M) ADI/11/2025-26 તારીખ 11.07.2025
**બ્રેક વાનમાં ગાર્ડ ચૈર્સ અને અન્ય આવશ્યક સુવિધાઓની જોગવાઈ માટે કરાર કાર્ય**
**ટેન્ડર નંબર: M/443/C&W/2024-25/RSP**
નીચેના કામ માટે લાયક કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે.
**કામનું નામ:** અમદાવાદ વિભાગના વેગન ડેપો ગાંધીધામ અને ROH ડેપો સાબરમતી ખાતે બ્રેક વાન (BVZI/BVCM) માં ગાર્ડ ચેર અને અન્ય જરૂરી સુવિધાઓની જોગવાઈ માટે કરાર કાર્ય.
**કામનો અંદાજિત ખર્ચ:** ₹1,99,72,120.00/- (રૂપિયા એક કરોડ નવ્વાણુ લાખ બોત્તેર હજાર એકસો વીસ માત્ર)
**બિડ સિક્યોરિટી ( અર્નેસ્ટ મની ડિપોઝિટ):** ₹2,49,900/- (રૂપિયા બે લાખ ઓગણપચાસ હજાર નવસો માત્ર)
**ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખ:** બંધ કરવાનો સમય તારીખ: 02/08/2025 બપોરે 14:00 કલાકે, ખુલવાનો સમય તારીખ: 02/08/2025 બપોરે 14.30 કલાકે
**વેબસાઇટ સરનામું, નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડર સંબંધિત માહિતી ઉપલબ્ધ હશે, ઓફિસ સરનામું જ્યાંથી ટેન્ડર મંગાવી શકાશે:** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ), (પશ્ચિમ રેલવે) બીજો માળ, મિકેનિકલ શાખા, ચામુંડા બ્રિજ પાસે, નરોડા રોડ, પો.ઓ. સૈજપુર બોઘા, અમદાવાદ-382345
ADI107
facebook.com/WesternRly • twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**સિગ્નલિંગ કાર્ય**
સિનિયર ડિવિઝનલ/બોર્ડ/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલવે, મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, **ટેન્ડર નંબર** SG_216_2_114_WA_ST, તારીખ: ૧૪.૦૭.૨૦૨૫ નું આમંત્રણ આપે છે. **કાર્ય અને સ્થાન:** ... **અંદાજિત ખર્ચ કાર્ય:** ૨,૩૩,૫૧,૬૬૧.૫૩. **ઇએમડી:** ૨,૬૬,૮૦૦/-. **રજૂઆતની તારીખ અને સમય:** ૧૧.૦૮.૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી. **ખુલવાની તારીખ અને સમય:** ૧૧.૦૮.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0400
facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**
ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર નોટિસ નં. 82255227B તારીખ 14.07.25
**ચાર અને દસ સીટર સ્ટેનલેસ સ્ટીલ બેન્ચ માટે ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના**
**ટેન્ડર નંબર: 82255227B**
આઇટમનું ટૂંકું વર્ણન: ચાર અને દસ સીટર સ્ટેનલેસ સ્ટીલ બેન્ચ
માત્રા : ટેન્ડર NIT મુજબ | ટેન્ડર ખોલવાની તારીખ: 13.08.25
વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે. કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને www. wr. indianrailways. gov.in ની મુલાકાત લેવી
BRC109
facebook.com/WesternRly • twitter.com/WesternRly

**ઇન્ડિયન ઓવરસીઝ બેંક - બરોડા મેન શાખા**
૧૫૬/૨-૩, મહેતા પોળ, બેંક રોડ, માંડવી, વડોદરા-૩૯૦૦૦૬. ફોન નં.:૦૨૬૫-૨૫૧૨૫૩૦,૨૫૧૦૫૩૩. ઇમેઇલ: iob0105@iob.in
પરિશિષ્ટ-૪ નિયમ-૮(૧) કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)
આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી **ઇન્ડિયન ઓવરસીઝ બેંક** દ્વારા સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ તથા ... [illegible]
... તારીખ સુધીમાં ચૂકવવા જણાવેલ છે.
કારણ કે ઉપરોક્ત નામના ઉધાર લેનારાઓએ નીચેની ક્રેડિટ સુવિધાઓનો પણ લાભ લીધો છે

| ક્રમ નં | સુવિધા નો પ્રકાર | લિમિટ | વ્યાજ દરો (મુદતવીતી વ્યાજ સહિત) અને બાકીના | કુલ બાકી તા. ૧૧.૦૭.૨૦૨૫ ના રોજ (રૂપિયા માં) |
|---|---|---|---|---|
| 1 | ટર્મ લોન | રૂ.60,00,000.00 | ૧૦.૪૦% (પ્લસ ૨% પેનલ વ્યાજ) | રૂ.52,68,759.36 |
| 2 | કેશ ક્રેડિટ | રૂ.20,00,000.00 | ૧૨.૧૫% (પ્લસ ૨% પેનલ વ્યાજ) | રૂ.20,18,764.40 |

**મોર્ટગેજ મિલકતનું વર્ણન**
... [illegible]
તારીખ: ૧૫.૦૭.૨૦૨૫ સ્થળ: વડોદરા — અધિકૃત અધિકારી, ઇન્ડિયન ઓવરસીઝ બેંક

**Bank of Baroda**
મકરપુરા શાખા, મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૦, ઈમેલ : INDMAK@bankofbaroda.com
**પરિશિષ્ટ ૪ (જુઓ નિયમ ૮(૧)) કબજા નોટિસ (સ્થાવર મિલકતો માટે)**
આથી, નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના (નિયમ ૩) સાથે વંચાતી કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને ... [illegible]
**સ્થાવર મિલકતનું વર્ણન** ... [illegible]

**સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા / Central Bank of India** — CENTRAL TO YOU SINCE 1911
**શાખા: રાજમહેલ રોડ**
ઈમેલ: bmbaro0489@centralbank.co.in
APPENDIX – IV [See rule – 8(1)]
**કબજા અંગેની નોટિસ**
(FOR IMMOVABLE PROPERTY)
આથી નીચે સહી કરનાર સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા, રાજમહેલ રોડ ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) ના રૂલ્સ ૩ સાથે વાંચતા સેક્શન ૧૩(૨) અને ૧૩ (૧૨) હેઠળ પ્રાપ્ત થયેલ સતાની રૂઇએ શ્રી શંકર કે જાટ (મૃતક) ના કાનૂની વારસદાર, શ્રીમતી સુશીલા શંકર જાટ, શ્રી સુનીલ શંકર જાટ અને અન્ય કાનૂની વારસદારો ને ડીમાન્ડ નોટીસ તા: ૨૮.૧૦.૨૦૨૪ ના રોજ પાઠવીને નોટીસમાં દર્શાવેલ રકમ રૂ. ૨૫,૦૫,૯૦૦/- (અંકે રૂ.પચ્ચીસ લાખ પાંચ હજાર નવસો પુરા) આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.
... [illegible]
**સ્થાવર મિલકતનું વર્ણન**
રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા અને સબ જીલ્લો વડોદરા મોજે ગામ વડસર, રેવન્યુ સર્વે નં. ૪૬૮, પૈકી સીટી સર્વે નં. ૫૪૭ અને ૫૪૮ જમીન ક્ષેત્રફળ ૫૦૫૮ ચોરસ મીટર. જેમાં મંજૂર નકશા મુજબ 'યોગી વિલા' યોજના જેમાં પ્લોટ/બ્લોક નં. એ/૩૭ ક્ષેત્રફળ ૮૭.૪૨ ચોરસ મીટર સાથે અવિભાજીત હિસ્સો કોમન પ્લોટ અને કોમન રોડ ક્ષેત્રફળ ૫૧.૧૪ ચોરસ મીટર કુલ ક્ષેત્રફળ ૧૩૮.૫૬ ચોરસ મીટર સાથે બાંધકામ ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ નું ક્ષેત્રફળ ૯૯.૦૭ ચોરસ મીટર અથવા તેની આસપાસ ગુજરાત રાજ્યમાં સાથે બિલ્ડીંગ અને ફીક્સડ સ્ટ્રક્ચર વગેરે, તેના પર બાંધવામાં/ઊભું કરવામાં/સ્થાપિત કરવામાં આવશે. માલિકી – શ્રી શંકર કે જાટ, ચતુર્સીમા: પૂર્વ: સોસાયટી નો આંતરીક રોડ, પશ્ચિમ: પ્લોટ નં. એ/૩૬, ઉત્તર: પ્લોટ નં. એ/૩૮, દક્ષિણ: સોસાયટી નો આંતરીક રોડ.
તા.: ૧૦.૦૭.૨૦૨૫ -સ્થળ: વડોદરા — અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા

**pnb पंजाब नैशनल बैंक punjab national bank**
એસઆરએસએમઇ સુરત, પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત, ગુજરાત પિન - ૩૯૫ ૦૦૩
ઈમેઇલ: cs8323@pnb.co.in
Appendix-IV [See Rule 8(1)] **પ્રત્યેક્ષ કબજા અંગેની નોટિસ** (For immovable Property)
આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બેંક ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૧૨) સાથે વંચાતા નિયમ-૩ હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ **તા.૩૧.૦૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી જેમાં કરજદાર **શ્રી સતીષભાઈ જીતુભાઈ પટેલ** ને નોટિસમાં જણાવેલ રકમ **રૂ. ૨૪,૩૮,૦૭૭.૭૦ (રૂપિયા ચોવીસ લાખ આડત્રીસ હજાર સીતોર અને સીતોર પૈસા પુરા) ૩૦.૦૧.૨૦૨૫** ના રોજ ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત ચુકવણીની તારીખ સુધીના કરાર આધારિત વ્યાજ દરે તેના પરના વધુ વ્યાજ સાથે, ઉપરોક્ત રકમ અને આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે પર કરાર આધારિત દરે વધુ વ્યાજ, ઉપરોક્ત નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવાપાત્ર.
... [illegible]
**સ્થાવર મિલકતનું વર્ણન** ... [illegible]
તા.: ૧૩.૦૭.૨૦૨૫ - સ્થળ: વડોદરા — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક








શિલ્પા શેટ્ટીએ સુપર ડાન્સર ૫ના સેટ પરથી પારંપરિક પરિધાનમાં ફોટો પડાવ્યો હતો. ઊર્મિલા મંતોડકર મનીષ મલ્હોત્રાના ઘરની બહાર વ્હાઈટ શર્ટ અને ડેનિમમાં જોવા મળી હતી. તો સાન્યા મલ્હોત્રા ડાન્સ ક્લાસમાંથી બહાર આવતા ક્લિક થઈ હતી. શ્રુતિ હસન એક રેસ્ટોરન્ટ બહાર જોવા મળી હતી. જ્યારે અંજની ધવન ક્રોપ ટોપ સાથે સ્ટાઈલિશ લૂકમાં નજરે પડી હતી

યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યૂમાં શ્રુતિ હાસને પોતાના બાળપણ વિશે વાત કરી


# ‘મારો પરિવાર નાસ્તિક, હું વિક્કા ધર્મનું પાલન કરું છું’



શ્રુતિ હાસન એક એવી અભિનેત્રી છે જે પોતાની પર્સનલ લાઈફ, લવ લાઈફ અને પોતાના ભૂતકાળ વિશે ખુલીને વાત કરે છે. તે દરેક મુદ્દા પર પોતાનો અભિપ્રાય આપવામાં અચકાતી નથી. હવે શ્રુતિ હાસને પોતાના બાળપણ વિશે વાત કરી છે અને કહ્યું કે હું એક નાસ્તિક પરિવારમાંથી આવું છું. જ્યાં ભગવાન અને પૂજામાં બહુ વિશ્વાસ નથી. એક યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યૂમાં શ્રુતિ હાસને ઘણા વિષયો પર વાત કરી હતી. પોતાના બાળપણના દિવસો વિશે વાત કરતા શ્રુતિએ પોતાના બાળપણને થોડું અસ્તવ્યસ્ત અને અરાજક બતાવ્યું હતું. તેણે કહ્યું કે, અમે એક નાસ્તિક ઘરમાં ઉછર્યા હતા. એક બિનધાર્મિક ઘરમાં. જ્યારે હું આ કહું છું ત્યારે મારા પિતાને નફરત છે, પરંતુ અમારા ઘરમાં કોઈ ભગવાન નહોતા. એ બધું ન હોતું જે બીજા ઘરોમાં હોય છે. ભગવાનમાં કે કોઈ ધર્મ માનવામાં નહોતું આવતું. ક્યાંક મારા બાળપણના મનમાં મને ખબર હતી કે કલા એ ભગવાન છે. અઠવાડિયાનો દરેક દિવસ કલા માટે કંઈક કરવું હતું અને કલાને સમર્પિત હતો. અભિનેત્રીએ કમલ હાસનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પપ્પાએ મને કોઈપણ દખલ વિના મારી માન્યતાઓને સમજવાની સ્વતંત્રતા આપી. હા, હું વિક્કા ધર્મનું પાલન કરું છું, જેમાં મેલીવિદ્યાનો સમાવેશ થાય છે. જોકે, પપ્પાને જ્યોતિષ શબ્દ સાંભળવાનું પણ પસંદ નથી. જો તમે મારા પિતા સાથે જ્યોતિષ વિશે વાત કરો છો તો તેઓ કહેતા કે બહાર નીકળો. તેઓ ખૂબ જ પ્રેક્ટિકલ છે. તેઓ ડોક્ટરો કરતાં લોકોને વધુ સારી રીતે સમજી શકે છે કારણ કે તેઓ ચાર વર્ષની ઉંમરથી અભિનય કરી રહ્યા છે અને મારા માતા પણ. તેઓ લોકોના ફેસ રીડ કરી શકે છે. ડોક્ટરો અને મનોવૈજ્ઞાનિકો કરતા વધુ સારી રીતે. તેઓ માનવી તરીકે વધુ સ્વયંસ્ફુરિત બની ગયા છે. તેઓ ઉંમર સાથે નરમ પડયા છે.

આ વિશાળ સેટ ૧૨ ડિઝાઇનરની ટીમ દિવસના ૧૨ કલાક સુધી સતત કામ કર્યું

# આદિત્ય ધરે ‘ધુરંધર’ માટે થાઈલેન્ડમાં પાકિસ્તાનના ભીંડી બજારનો સેટ ઊભો કર્યો



જ્યારથી રણવીરની ‘ધુરંધર’નું ટ્રેલર લોંચ થયું છે, ત્યારથી આ ફિલ્મ સતત ચર્ચામાં છે. પછી તે રણવીરનો નવો અવતાર હોય કે પછી આ ફિલ્મની કાસ્ટ હોય. ફિલ્મ વિવિધ મુદ્દે સતત ચર્ચામાં છે, પરંતુ એક વાત હજુ બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવી છે કે આ ફિલ્મમાં જે ભીંડી બજારની ગલીઓ દેખાય છે, તે ખરેખર થાઈલેન્ડ છે. એક વર્ષથી પણ વધુ સમયના લોહી, પાણી, પરસેવો અને ઉજાગરાના અંતે આ ફિલ્મ જકડી રાખે એવી ફિલ્મ તૈયાર થઈ છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મના પ્રોડક્શન ડિઝાઈનર સૈની એસ જોહરાએ એક ખુલાસો કર્યો કે તેમાં દેખાતી પાકિસ્તાનની ગલીઓ ખરેખર થાઈલેન્ડમાં બનાવાઈ છે.સૈની જોહરાએ જણાવ્યું કે તેમને ‘ધુરંધર’ માટે આ મહાકાય બજારનો સેટ ખડો કરતા લગભગ ત્રણ મહિનાથી પણ લાંબો સમય થયો હતો. માર્ચથી એપ્રિલ પસુધી તેમણે અને તેમની ટીમે સેટની ડિઝાઈન પર કામ કર્યું હતું અને જૂન મહિનામાં બધા લોકેશનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. જુલાઈમાં તેમણે શૂટિંગ શરૂ કરી દીધું હતું. આગળ તેમણે એમ પણ જણાવ્યું કે, તેમના ૧૨ ડિઝાઈનરની ટીમ દિવસના ૧૨ કલાક સુધી સતત કામ કરતી રહી હતી, કારણ કે આ બહુ મોટી ફિલ્મ છે.તેમણે જણાવ્યું, “મને લાગે છે, મારી કેરિઅરમાં આ એવી ફિલ્મોમાંની એક છે, જેમાં સૌથી વધુ લોકેશન પર કામ કર્યું છે.” તેમણે પાકિસ્તાનની ગલીઓ થાઈલેન્ડમાં કઈ રીતે ઉભી કરી, તે અંગે વાત કરતા જણાવ્યું હતું કે તેમણે અખબારના સમાચારોમાંથી ઘણી માહિતી મળી હતી, એ ઉપરાંત કેટલાંક જૂના વીડિયો અને પાકિસ્તાનના ચોક્કસ વિસ્તારોના સમાચારના આધારે આ સેટ ડિઝાઈન કરી હતી.

૧૯૬૦માં પોતાની કારકિર્દીની શરુઆત કરી હતી અને અનેક ફિલ્મોમાં કામ કર્યું

# દિગ્ગજ નિર્માતા-અભિનેતા ધીરજ કુમારનું ન્યુમોનિયાને કારણે નિધન થયું



દિગ્ગજ અભિનેતા અને નિર્માતા ધીરજ કુમારનું ૭૯ વર્ષની વયે મુંબઈમાં નિધન થયું. ધીરજ કુમારે આજે ૧૧:૪૦ વાગ્યે મુંબઈની કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. આજે સવારે તેમને શ્વાસ લેવામાં તકલીફ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ન્યુમોનિયાને કારણે તેમની હાલત ગંભીર થઈ હતી, ત્યારબાદ તેમને આઈસીયુમાં ખસેડ્યા અને વેન્ટિલેટર પર રાખ્યા હતા, પરંતુ તેમનો જીવ બચાવી શકાયો નહીં. ધીરજ કુમારે મૉડેલ તરીકે કારકિર્દી શરૂ કરી હતી અને ફિલ્મફેર ટેલેન્ટ હન્ટમાં રાજેશ ખન્ના અને સુભાષ ઘઈ બાદ તેમને ત્રીજું સ્થાન મળ્યું હતું. ૧૯૬૦માં પોતાની કારકિર્દીની શરુઆત કરી હતી અને અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું. તેમણે રાતો કે રાજા, રોટી કપડા ઔર મકાન, સ્વામી, ક્રાંતિ, હીરા પન્ના વગેરે ફિલ્મોમાં કામ કર્યું હતું. ૧૯૭૦થી ૧૯૮૫ દરમિયાન તેમણે ‘સરગમ’, ‘ક્રાંતિ’, ‘પુરાના મંદિર’ અને ‘બેપનાહ’ જેવી ફિલ્મોમાં પોતાના આગવા અભિનયથી લોકોના દિલ જીત્યા હતા. ત્યાર બાદ તેમણે ક્રિએટિવ આઈ પ્રોડક્શન હાઉસની સ્થાપના કરી અને ‘ઓમ નમઃ શિવાય’, ‘શ્રી ગણેશ’, ‘મન મેં હૈ વિશ્વાસ’ અને ‘ઇશ્ક સુભાન અલ્લાહ’ જેવા લોકપ્રિય ટીવી શોનું નિર્માણ કરીને લોકચાહના મેળવી હતી. ધીરજ કુમારના નિધનથી ફિલ્મ અને ટીવી ઉદ્યોગમાં શોકની લહેર છવાઈ છે. તેમના પરિવારે એક નિવેદનમાં જણાવ્યું કે તેઓ ધીરજના ઝડપી સ્વસ્થ થવાની આશા રાખતા હતા, પરંતુ દુઃખદ રીતે તે શક્ય બન્યું નહીં.

આ ફિલ્મ માટે બંને ફિઝિકલ ટ્રાન્સ્ફોર્મેશન માટે મહેનત કરી રહ્યા છે

# રણવીર સિંહ અને બોબી દેઓલ મોટા બજેટની એક્શન ફિલ્મમાં સાથે દેખાશે




એક તરફ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હાલ સફળ ફિલ્મ અને નિષ્ફળ ફિલ્મના બંને અંતિમો વચ્ચે કોઈ રસ્તો શોધવાની કોશિશ કરી રહી છે. જેમા સ્ટાર પાવર મોટા ભાગે નકામો સાબિત થઈ રહ્યો છે, તો બીજી તરફ કેટલાંક ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ એવા પણ છે, જેઓ હિરો હિરોઈનની જોડી હોય કે હિરો અને વિલનની જોડી, તેમાં નવા પ્રયોગો કરવાની હિંમત અને જોખમ બંને લઈ રહ્યા છે. આવી જ એક જોડીની તાજેતરમાં એક - બે દિવસથી ચર્ચા છે, એક મોટા બજેટની એક્શન ફિલ્મમાં રણવીર સિંહ અને બોબી દેઓલ એક સાથે કામ કરી રહ્યા છે. આ એક મોટા બજેટની એક્શન ફિલ્મ છે, જેમાં બને ખાસ પ્રકારે બોડી ટ્રાન્સફોર્મેશન પર કામ કરી રહ્યા છે અને બંને ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં જોવા મળશે. આ અંગે ઈન્ડસ્ટ્રીની સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, “એક મોટા પ્રોજેક્ટમાં રણવીર સિંહ અને બોબી દેઓલ બંને સાથે કામ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ ફિલ્મ માટે બંને ફિઝિકલ ટ્રાન્સ્ફોર્મેશન માટે મહેનત કરી રહ્યા છે. લાંબા સમયથી બંને આ ફિલ્મ માટે કામ કરી રહ્યા છે. રણબીર કપૂર પછી હવે રણવીર સિંહ બોબી દેઓલ સાથે કામ કરી રહ્યો છે. બંને ધુરંધર કલાકારો એક ફિલ્મમાં આવશે તો એ ફિલ્મ પણ મોટી જ હોવાની એ નક્કી છે.” રણવીર સિંહ તેના વિવિધ પ્રકારના રોલ અને તેમાં ધારદાર અભિનય માટે જાણીતો કલાકાર છે, પડદા પર તેની હાજરીથી જ ફિલ્મમાં ઉર્જા આવી જાય છે, તાજેતરમાં જ તેની આવનારી ફિલ્મ ‘ધુરંધર’ માટે તે ઘણો ચર્ચામાં છે, તેના ટ્રેલરથી ઘણા લોકો પ્રભાવિત થયા છે.

# ગીર જંગલમાં વસવાટ કરતા સિંહો એકબીજા સાથે વાત કેવી રીતે કરે છે

તમે સિંહોની ત્રાડ વિશે તો સાંભળ્યું જ હશે અને તમારામાંથી કેટલાકે તો ગીરના જંગલ અથવા કોઈ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત વખતે તે પ્રત્યક્ષ સાંભળી પણ હશે. ત્રાડ પાડવી એ સિંહો માટે સંદેશ આપવાની એક રીત છે. બહુધા આ શ્રાવ્ય માધ્યમથી થતું કોમ્યુનિકેશન છે. માણસો ઓડિયો-વિઝ્યુઅલ રીતે કોમ્યુનિકેશન કરે છે. વળી, માણસો અન્ય પ્રાણીઓના હાવભાવ અને અવાજ વડે મળતી પ્રતિક્રિયાથી આવા પ્રાણીઓ સાથે પણ સંવાદ કરી શકે છે. પરંતુ એક સિંહ અન્ય સિંહો સાથે અને સિંહો સિવાયના અન્ય પ્રાણીઓ સાથે રાસાયણિક સંકેતો દ્વારા પણ કોમ્યુનિકેશન કરે છે. અન્ય પ્રાણીઓ સાથે વાત કરવા માટે સિંહો ક્યાં અને કેવી રીતે કેમિકલ્સ છોડે છે, તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્યના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. મોહન રામની આગેવાની હેઠળ સંશોધકોની એક ટીમે માર્ચ ૨૦૨૨થી એપ્રિલ ૨૦૨૪ એમ બે વર્ષ કરતાં પણ વધારે સમય સુધી આધુનિક ઉપકરણો અને પદ્ધતિથી ગીરના સિંહો ઉપર સંશોધન કર્યું.

અભ્યાસના અંતે ટીમ એવા તરણ પર આવી છે કે ગીરના સિંહોને અમુક પ્રકારના ઝાડ પર કેમિકલ સંકેતો મૂકવા ખાસ ગમે છે અને તે રીતે તેઓ અન્ય સિંહો અને અન્ય પ્રજાતિના પ્રાણીઓ માટે અમુક પ્રકારના સંકેતો છોડી જાય છેસિંહ બિલાડી કુળમાં સૌથી ટોચ ઉપર આવતું પ્રાણી ગણાય છે. જોકે વાઘ પણ આ જ કુળનું પ્રાણી છે અને તે પણ કુળમાં સૌથી ઉપરનું પ્રાણી ગણાય છે. પરંતુ, સિંહો અને વાઘ નૈસર્ગિક વાતાવરણમાં એક જ સાથે વસવાટ કરતા હોય તેવું કોઈ જંગલ કે ઘાસનું મેદાન દુનિયામાં હાલ નથી.

સિંહ ગ્રાસલેન્ડ (ઘાસના ખુલ્લા મેદાન), સ્ક્રબલેન્ડ (ઝાડી-ઝાંખરાવાળા જંગલ) કે ગીરના જંગલ જેવા પાંખા અને સૂકા જંગલોમાં રહેવાનું પસંદ કરે છે, જયારે વાઘ ગાઢ જંગલો, સુંદરવન જેવા કાદવ-કીચડવાળા પ્રદેશો અને જ્યાં શિયાળામાં બરફ જામી જાય છે તેવા રશિયાના સાઈબેરિયામાં પણ જોવા મળે છે. સિંહ પોતાની હદ-સીમા બાંધી અને જીવના જોખમે પણ તે હદ-સીમાની રખેવાળી કરતા ટેરિટોરિયલ એટલે કે પ્રાંતીય પ્રાણી છે.

સામાન્ય રીતે નર સિંહ આ રીતે નક્કી કરેલ પોતાની હદ-સીમામાં અન્ય નર સિંહોને પેસવા દેતા નથી અને તેના વિસ્તારમાં રહેલ માદાઓ એટલે કે સિંહણો સાથે સંવનન કરી પોતાનો વંશ-વેલો આગળ વધારવા પ્રયાસ કરે છે. વિવિધ સંશોધકોએ શોધી કાઢ્યું છે કે જંગલના કોઈ એક વિસ્તાર પર માત્ર તેનો જ એકાધિકાર છે તે દર્શાવવા અને અન્ય સિંહો અને દીપડા જેવા પ્રતિસ્પર્ધીઓને આવા વિસ્તારથી દૂર રહેવાનો સંકેત આપવા તેમ જ સિંહણોને આકર્ષવા માટે સિંહ ત્રાડ પાડે છે. જો માણસ સહિત અન્ય કોઈ પ્રાણી તેની નજીક



આવી જાય તો સિંહ ઘુરકિયાં કરી તેને દૂર રહેવા ચેતવણી આપે છે. આ ઉપરાંત, સિંહ વૃક્ષો પર ચડી, તેના થડો પર નહોર વડે લિસોટા કરીને, ડોક કે શરીર ઘસીને કે પેશાબ છાંટીને પોતાની ગંધ છોડે છે. વળી, કેટલીક જગ્યાએ મળત્યાગ કરીને પણ પોતાની ગંધ છોડે છે અને કોઈ ચોક્કસ વિસ્તાર પર તેનું આધિપત્ય હોવાનો સંકેત અન્ય પ્રાણીઓને આપે છે.

સિંહણો પણ કોઈ વૃક્ષો કે ઝાંખરા પર પોતાના નહોરથી લિસોટા કરીને કે શરીર ઘસીને તેની હાજરી છતી કરે છે.શરીરમાંથી છોડાતા આ પ્રકારના સેમીઓકેમિકલ્સ તરીકે ઓળખાતા રસાયણો અન્ય સિંહો અને પ્રાણીઓ સૂંઘે છે અને તે રીતે પણ તેમને તે વિસ્તારમાં રહેતા અને આધિપત્ય ધરાવતા સિંહ કે સિંહણોની હાજરીના સંકેત મળે છે.

સંશોધકો કહે છે કે આ રીતે કેમિકલ સિગ્નલ્સ દ્વારા પણ સિંહો અન્ય સિંહો સાથે તેમ જ સિંહ જાતિ સિવાયના પ્રાણીઓ સાથે કોમ્યુનિકેશન કરે છે. ડૉ. મોહન રામે જણાવ્યું, “પોતાની ટેરિટરીનું પેટ્રોલિંગ (પોતાના વિસ્તારના રક્ષણ કરવા માટે કરવામાં આવતું ફેરણું) કરતી વખતે સિંહ દર પાંચસોથી આઠસો મીટરના અંતરે કોઈ ઝાડ કે છોડ પર પોતાના પેશાબનો છંટકાવ કરે છે.આ રીતે તે પોતાના વિસ્તારની બોર્ડર અંકિત કરે છે. આ રીતે જેના પર પેશાબ છાંટવામાં આવ્યો હોય, તે વૃક્ષ કે છોડ ‘બોર્ડર પોસ્ટ’ તરીકે કામ કરે છે.

મોહન રામ અને તેમની ટીમે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રાંતના જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાઓમાં ફેલાયેલા ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્યની સરહદ નજીક ૩૯ જગ્યાએ ઈન્ફ્રારેડ મોશન ડિટેક્શન કેમેરા લગાડ્યા હતા. આ પ્રકારના કેમેરા સામાન્ય રીતે બંધ હાલતમાં પડ્યા રહે છે, પરંતુ જો કોઈ પશુ, પક્ષી કે અન્ય જીવ તેની નજીક આવે તો આ કેમેરા તેમને પ્રોગ્રામ કર્યા મુજબ આપોઆપ ચાલુ થઈ જાય છે.

કેમેરાને જે પ્રકારે પ્રોગ્રામ કર્યા હોય તે મુજબ ફોટા પાડી લે છે અથવા વીડિયો શૂટિંગ કરી લે છે અને પછી ઓટોમેટિક રીતે જ બંધ થઈ જાય છે. સંશોધકોએ કેમેરાઓ એ રીતે પ્રોગ્રામ કર્યા કે સિંહ દેખાય એટલે તેનો એક ફોટો પડી જાય અને પછી ત્રીસ સેકન્ડનો વીડિયો શૂટ થઈ જાય. સંશોધકોએ લગાડેલા ૩૯ કેમેરામાંથી ૩૦ કેમેરામાં સિંહોની અવરજવર નોંધાઈ હતી.સંશોધકોએ આ કેમેરા ગીરના જંગલમાં આવેલી વનકેડીઓ નજીક આવેલા સાત પ્રજાતિનાં વૃક્ષો—શિરીષ, સલેડી, ખાખરો (પલાશ), હળદરવો, મોદડ, જાંબુડો અને બહેડા—પર અથવા આવાં વૃક્ષો નજીક લોખંડના ઘોડા પર લગાડ્યા હતા.

૩૯માંથી ૧૧ કેમેરા ખાખરાના ઝાડ પર કે તેની નજીક લગાડ્યા હતા. તે જ રીતે પાંચ કેમેરા મોદડ પર, ચાર જાંબુડા નજીક, અન્ય ચાર બહેડા નજીક, ત્રણ સલેડી વૃક્ષ નજીક, બે હળદરવા નજીક અને એક શિરીષ નજીક લગાડ્યા હતા. કેમેરાએ કુલ ૧૫,૧૪૪ ફોટો અને વીડિયો શૂટ કર્યા હતા. તેમાંથી ૧,૫૪૨ ફોટો અને વીડિયોમાં સિંહોની હાજરી દેખાઈ.

આ ફોટો અને વીડિયોનું વિશ્લેષણ કરતા સંશોધકોના ધ્યાને આવ્યું કે સિંહો નહોરથી લિસોટા કરવા અને પેશાબ છાંટવા માટે પાણીના સ્રોતો નજીક આવેલા જાંબુડાના ઝાડ સૌથી વધારે પસંદ કરે છે. ખાખરાના ઝાડ પર પણ આ રીતે કેમિકલ સિગ્નેચર છોડવાની પ્રવૃત્તિ વધારે નોંધાઈ હતી. સંશોધકોએ નોંધ્યું કે આ બંને વૃક્ષોની છાલ ખરબચડી છતાં નરમ હોય છે અને તેમાં લિસોટા પડતા તેમાંથી એક પ્રકારની સુગંધ આવે છે અને પ્રવાહી ઝરવાનું ચાલુ થઈ જાય છે. આ રીતે તે સિંહો દ્વારા છોડાયેલા રસાયણોને લાંબા સમય સુધી ટકાવી રાખે છે અને સંદેશ મોકલ્યા કરે છે. આવા ઝાડ પાણીના સ્રોતોની નજીક આવેલા હતા. પાણી નજીકના વિસ્તારોમાં સંસાધનોથી સંપન્ન હોય છે. ત્યાં તૃણભક્ષી પ્રાણીઓ જે સિંહોનો શિકાર થઈ શકે, સંતાવા માટેની જગ્યા, ઠંડુ વાતાવરણ વગેરે વધારે હોય છે.તેથી સિંહો પ્રયાસ કરે છે કે આવા વિસ્તારો પર તેમનું આધિપત્ય રહે. આ ઉપરાંત, જાંબુડા અને ખાખરાની છાલ ખરબચડી છતાં નરમ હોય છે, જેના પર છાંટવામાં આવેલા કેમિકલ વધારે સમય સુધી ટકી રહે છે. તેથી, સિંહો જાંબુડા અને ખાખરા પર લિસોટા અને મૂત્રનો છંટકાવ કરવાનું વધારે પસંદ કરતા હશે.

### ફકીર મોહન મહાવિદ્યાલયની વિદ્યાર્થિનીએ ઉત્પીડનને કારણે પોતાને આગ લગાવી દીધી હતી

# બાલાસોર વિદ્યાર્થિની આત્મદાહ કેસ : કોંગ્રેસ સહિત આઠ પક્ષનું ૧૭મીએ બંધનું એલાન

### પ્રોફેસર સામે ફરિયાદ પર કાર્યવાહી ન થવાને કારણે વિદ્યાર્થિનીએ આંત્યેતિક પગલું ભર્યું

બાલાસોર,તા.૧૫

ઓડિશાના બાલાસોરમાં ફકીર મોહન મહાવિદ્યાલયના એક વિદ્યાર્થીએ ઉત્પીડનને કારણે પોતાને આગ લગાવી દીધી. વિદ્યાર્થીનીને ગંભીર હાલતમાં ભુવનેશ્વરના એમ્સમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સોમવારે મોડી રાત્રે તેનું મૃત્યુ થયું. આ કિસ્સામાં, હવે કોંગ્રેસના નેતૃત્વમાં આઠ વિપક્ષી પક્ષોએ ૧૭ જુલાઈએ એક દિવસીય ઓડિશા બંધનું એલાન આપ્યું છે. તમને જણાવી દઈએ કે કોલેજ વિદ્યાર્થીનીના મૃત્યુના વિરોધમાં ઓડિશા બંધનું એલાન કરવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં, પ્રોફેસર સામે જાતીય સતામણીની ફરિયાદ પર કાર્યવાહી ન થવાને કારણે વિદ્યાર્થીનીએ પોતાને આગ લગાવી દીધી હતી.આ ઘટનાની માહિતી આપતા, ઓડિશા કોંગ્રેસના પ્રમુખ ભક્ત ચરણ દાસે કહ્યું કે ઓડિશા બંધને ડાબેરી પક્ષો સહિત આઠ પક્ષોનું સમર્થન છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે બાલાસોરની ફકીર મોહન (સ્વાયત્ત) કોલેજમાં બનેલી આ ઘટના દર્શાવે છે કે રાજ્ય સરકાર મહિલાઓનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે.

#### આગ લગાવનાર વિદ્યાર્થિનીનું મોત

ઓડિશાના બાલાસોરમાં સ્થિત ફકીર મોહન મહાવિદ્યાલયની એક વિદ્યાર્થીનીએ ઉત્પીડનને કારણે પોતાને આગ લગાવી દીધી. વિદ્યાર્થીને ગંભીર હાલતમાં AIIMS ભુવનેશ્વરમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સોમવારે મોડી રાત્રે તેનું મોત થયું. બાલાસોર જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાંથી રિફર કર્યા બાદ ૧૨ જુલાઈના રોજ સાંજે ૫:૧૫ વાગ્યે વિદ્યાર્થીનીને એમ્સ બર્ન્સ સેન્ટરના આઈસીયુમાં લાવવામાં આવી હતી. તેણી આવતાની સાથે જ, ડોકટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. તેણીને એન્ટિબાયોટિક્સ આપવામાં આવી અને વેન્ટિલેટર પર મૂકવામાં આવી. સઘન સંભાળ અને અદ્યતન તબીબી હસ્તક્ષેપો છતાં, વિદ્યાર્થીનીને બચાવી શકાઈ નહીં.

#### ન્યાય માટે લડતી પુત્રીનું મૃત્યુ : રાહુલ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીના મૃત્યુ પર ભાજપ પર પ્રહાર કર્યા છે. ઓડિશાના રાજ્યપાલે વિદ્યાર્થીના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે શૈક્ષણિક સંસ્થાઓમાં સુરક્ષા મજબૂત બનાવવા પર ભાર મૂક્યો છે. ઓડિશાના મુખ્યમંત્રીએ ૨૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે ઓડિશામાં ન્યાય માટે લડતી પુત્રીનું મૃત્યુ ભાજપ તંત્ર દ્વારા સીધી હત્યા છે. તે બહાદુર વિદ્યાર્થીએ જાતીય શોષણ સામે અવાજ ઉઠાવ્યો હતો.

### વિદ્યાર્થીઓની આત્મહત્યાનાં કેસમાં તપાસની શું સ્થિતિ છે

# સુપ્રીમે આઈઆઈટી દિલ્હી, ખડગપુર અને કોટાની પોલીસ પાસેથી રિપોર્ટ માગ્યો

### એમિકસ ક્યુરી સિનિયર એડ્વોકેટ અપર્ણા ભટ્ટે આ મુદ્દે મંત્રાલયની મદદ માગી



નવી દિલ્હી, તા.૧૫

દેશમાં આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની આત્મહત્યાના મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે ત્રણ રાજ્યોની પોલીસને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. આઈઆઈટી દિલ્હી, આઈઆઈટી-ખડગપુર અને રાજસ્થાનના કોટામાં નીટની આશાસ્પદ વિદ્યાર્થિનીની આત્મહત્યાના કેસમાં સુપ્રીમ કોર્ટની બેન્ચ ૨૧ જુલાઈએ વધુ સુનાવણી હાથ ધરશે. જસ્ટિસ જે બી પારડિવાલા અને આર મહાદેવનની બેન્ચે આ કેસમાં ગૃહમંત્રાલયને પક્ષકાર બનાવતા દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યાને મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. એમિકસ ક્યુરી સીનિયર એડ્વોકેટ અપર્ણા ભટ્ટે આ મુદ્દે મંત્રાલયની મદદ માંગી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે આઈઆઈટી દિલ્હીમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓની ૨૦૨૩માં આત્મહત્યા કેસમાં તપાસની સ્થિતિ જણાવવા પોલીસને નિર્દેશ આપ્યા હતા. ૨૪ માર્ચે આ બંને મૃતકોના પરિવારજનોએ ફરિયાદ દાખલ કરાવી હતી. દિલ્હી સરકાર વતી હાજર વકીલને બેન્ચે જણાવ્યું હતું કે, તપાસમાં શું પ્રગતિ થઈ છે તે જણાવો. એફઆઈઆર દાખલ કરાયા બાદ તમે શું કર્યું તે અમારે જાણવું છે. કેસમાં શું કર્યું તે તમારે કોર્ટને જણાવવું જોઈએ. દરમિયાન સર્વોચ્ચ ન્યાયાલયે પશ્ચિમ બંગાળ પોલીસને ૪થી મેએ આઈઆઈટી-ખડગપુરમાં વિદ્યાર્થીએ કરેલી આત્મહત્યા બાદ ૮મી મેએ નોંધાયેલી ફરિયાદમાં શું પ્રગતિ થઈ છે તેનાથી કોર્ટને વાકેફ કરવા જણાવ્યું છે. રાજસ્થાનમાં કોટા ખાતે નીટની પરીક્ષાની તૈયારી કરી રહેલી વિદ્યાર્થિનીએ રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. આ કેસમાં તપાસની શું સ્થિતિ છે તેનાથી કોર્ટને અવગત કરવા રાજસ્થાન પોલીસને સુપ્રીમે આદેશ આપ્યો છે.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### લખનઉની એમપી-એમએલએ કોર્ટમાં રાહુલ ગાંધીએ સરેન્ડર કર્યું

લખનઉ : લખનઉની એમપી-એમએલએ કોર્ટમાં આજે રાહુલ ગાંધીના એક કેસ મામલો સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કોર્ટે તેમને મોટી રાહત આપી છે. વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ભારતીય સેના વિશે આપેલા નિવેદન મામલે સુનાવણી હાથ ધરાયા બાદ કોર્ટે તેમને જામીન આપી દીધા છે. રાહુલ ગાંધી સુનાવણી માટે અગાઉ પાંચ વખત હાજર થયા ન હતા. તેમને આજે કોર્ટમાં હાજર થવાની છેલ્લી તક હતી. આજે તેઓ પોતે કોર્ટ પહોંચ્યા હતા અને સરેન્ડર કરી દીધું હતું. વકીલની જામીન અરજીને કોર્ટે મંજૂરી આપી દીધી છે. કોર્ટે રાહુલને ૨૦ હજારના જામીન ભરવા આદેશ આપ્યો અને પછી છોડી મુક્યા છે.

### ગલવાન અથડામણ બાદ જિનપિંગ સાથે જયશંકરની મુલાકાત

નવીદિલ્હી : વિદેશ મંત્રી એસ. જયશંકર હાલ ચીનમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં સામેલ થયા છે. તેમની આ મુલાકાત ચીન અને ભારત વચ્ચેના સંબંધોમાં સુધારાનો સંકેત આપી રહી છે. મંગળવારે તેમણે ચીનના રાષ્ટ્ર પ્રમુખ જિનપિંગ સાથે મુલાકાત કરી હતી. તેઓએ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં સુધારા મુદ્દે વાતચીત થઈ હતી. જયશંકરે જિનપિંગ સાથેની મુલાકાતની તસવીર સોશિયલ મીડિયા X પર શેર કરતાં જણાવ્યું હતું કે, આજે સવારે બેઈજિંગમાં વિદેશ મંત્રીઓ સાથે મેં રાષ્ટ્ર પ્રમુખ જિનપિંગ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મૂ અને વડાપ્રધાન મોદીના સંદેશ પણ જિનપિંગને આપ્યા છે.

### હરિયાણામાં 3 માસમાં ૧૧૫૪ ગર્ભપાત, ૫૬ આશાવર્કરોને નોટિસ

ચંડીગઢ : હરિયાણામાં આરોગ્ય વિભાગના તમામ પ્રયાસો અને દેખરેખ છતાં ગર્ભમાં જ દિકરીઓની હત્યા અટકી રહી નથી. તાજેતરમાં આવેલા રિપોર્ટમાં એક ચોંકવનારો ખુલાસો થયો છે. આ રિપોર્ટ મુજબ રાજ્યમાં ત્રણ મહિનામાં ૧૧૫૪ ગર્ભવતી મહિલાઓએ ગર્ભપાત કરાવ્યા છે. એમાંથી મોટાભાગના મામલામાં ભ્રુણ દિકરીઓના હોવાના કારણે ગર્ભપાત કરાવવામાં આવ્યા છે. હરિયાણા સરકારે ગર્ભવતી મહિલાઓની દેખરેખ માટે કાર્યરત ૫૬ આશા વર્કરોને કારણદર્શક નોટિસ ફટકારી છે. આ આશા વર્કરોનું કામ હતું કે એ ગર્ભવતી મહિલાઓની સાથે નિરંતર સંપર્કમાં રહે અને તેમને 'સખી'ની જેમ સમજાવીને દેખરેખ રાખે.


### પીએમ મોદીનો બિહારનો ચોથો પ્રવાસ : ૩૬ બેઠકો પર નજર

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર બિહારની મુલાકાતે જવાના છે. તેઓ ૧૮ જુલાઈએ બિહારના પ્રવાસે જશે, જે દરમિયાન તેઓ રાજ્યને હજારો કરોડના ઘણા પ્રોજેક્ટ ભેટ આપશે. પ્રધાનમંત્રી બિહારના ચૂંટણીલક્ષી રાજ્યની સતત મુલાકાત લઈ રહ્યા છે, છેલ્લા ૪ મહિનામાં આ તેમની ચોથી મુલાકાત છે. તેઓ ૨૪ વિધાનસભા બેઠકો પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.પ્રસ્તાવિત બિહાર મુલાકાતના આ તબક્કામાં, પીએમ મોદી શુક્રવાર, ૧૮ જુલાઈના રોજ રાજ્યના પૂર્વ ચંપારણ જિલ્લાની મુલાકાત લેશે. આ દરમિયાન, તેઓ એક ચૂંટણી રેલીને પણ સંબોધિત કરશે. ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ પ્રમુખજયસ્વાલે જણાવ્યું હતું કે પીએમ મોદી મોતીહારી આવશે અને અહીં એક જાહેર સભાને સંબોધિત કરશે.

### ડેરી સેક્ટર ગ્રામીણ અર્થવ્યવસ્થામાં મહત્ત્વનો ભાગ

# ભારત અને અમેરિકાની ટ્રેડ ડીલ અટવાતાં ૮ કરોડ ખેડૂતોને નુકસાન

### જીવીએમાં તેનો હિસ્સો ૨.૫-૩ ટકા છેઃ રૂ. ૭.૫થી ૯ લાખ કરોડ




નવી દિલ્હી,તા.૧૫

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર મુદ્દે વાતચીત અંતિમ તબક્કામાં હોવાના અહેવાલો છેલ્લા ૧૫ દિવસથી મળી રહ્યા છે. આ મામલે ચર્ચા કરવા ભારતના પ્રતિનિધિઓ ફરી વોશિંગ્ટન ગયા છે. અપેક્ષા છે કે, ટ્રમ્પનો ટેરિફ લાગૂ કરવાની નવી ડેડલાઈન ૧ ઓગસ્ટ, ૨૦૨૫ પહેલાં મોટી જાહેરાત થઈ શકે છે. જો કે,અમેરિકા સાથે વેપાર કરાર કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સ મામલે અટવાયો છે. જ્યારે ભારતે આ મામલે અડગ વલણ દર્શાવ્યું છે. તેણે સ્પષ્ટ કહી દીધુ છે કે, તે કોઈપણ પ્રેશરમાં આવીને ખેડૂતોના હિત સાથે સમાધાન નહીં કરે. આ વલણના કારણે બંને દેશો વચ્ચેની ટ્રેડ ડીલ અટવાઈ છે. એસબીઆઈ રિસર્ચે આ મામલે તાજેતરમાં જાહેર કરેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે, માત્ર ડેરી સેક્ટર અમેરિકા માટે ખુલ્લુ મુકવામાં આવે તો દેશના આઠ કરોડ ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. તેમની આવકમાં વાર્ષિક ધોરણે ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થઈ શકે છે. ભારતમાં ડેરી સેક્ટર ગ્રામીણ અર્થવ્યવસ્થામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જીવીએમાં તેનો હિસ્સો ૨.૫-૩ ટકા છે. જે લગભગ રૂ. ૭.૫થી ૯ લાખ કરોડ છે.

ભારતનું આ સેક્ટર આઠ કરોડ લોકોને પ્રત્યક્ષ રોજગારી આપે છે. ભારત પોતાનું ડેરી સેક્ટર અમેરિકાની ડેરી પ્રોડક્ટ્સ માટે ખુલ્લુ મુકવામાં આવે તો તેની સીધી અસર દૂધની કિંમત પર થશે.

### ઈમરજન્સી જાહેરઃ રેસ્ક્યૂ ટીમ મદદ માટે તહેનાત કરાઈ

# ન્યૂયોર્કમાં ભારે વરસાદથી રસ્તાઓ અને મેટ્રો સ્ટેશનમાં પાણી ભરાયાં

### લોકોને આવશ્યક ચીજવસ્તુઓથી ભરેલી બેગ સાથે રાખવાની સલાહ



ન્યૂયોર્ક,તા.૧૫

ન્યૂયોર્ક શહેરમાં ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. રસ્તાઓ, મેટ્રો સ્ટેશનો અને ગેસ સ્ટેશનો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના કારણે જનજીવન પર ખરાબ અસર પડી છે. મેનહટનમાં મેટ્રો સેવાઓ બંધ કરવામાં આવી હતી. કેટલાક વિસ્તારોમાં ૭ ઈંચ સુધી વરસાદ પડ્યો છે.પૂરને કારણે કેટલીક ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી હતી, જેના કારણે મુસાફરો કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાયેલા રહ્યા હતા. નેશનલ વેધર સર્વિસ (ડ્રઉજી) એ ન્યૂયોર્કના પાંચ વિસ્તારો મેનહટન, બ્રોંક્સ, બ્રુકલિન, ક્વીન્સ અને સ્ટેટન આઈલેન્ડમાં પૂરનું એલર્ટ જાહેર કર્યુ છે. એવો અંદાજ છે કે શહેરનો લગભગ ૧૯% ભાગ પૂરથી અસરગ્રસ્ત છે.ન્યૂજર્સીના ગવર્નર ફિલ મર્ફીએ મંગળવારે રાજ્યમાં ઈમરજન્સીની જાહેરાત કરી હતી અને રાહત અને બચાવ કામગીરી માટે ટીમો તહેનાત કરવામાં આવી છે. જોકે, અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

અધિકારીઓએ ચેતવણી આપી છે કે આખીરાત વરસાદ ચાલુ રહી શકે છે અને અચાનક પૂરની શક્યતા છે. ન્યુયોર્ક સિટી ઈમરજન્સી મેનેજમેન્ટે ખાસ કરીને બેઝમેન્ટ એપાર્ટમેન્ટમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને રાત્રે પૂર માટે તૈયાર રહેવા જણાવ્યું છે.

### ફ્લાઈટ ટેકઓફ માટે રનવે પર આગળ વધી રહી હતી

# સ્પાઈસ જેટની ફ્લાઈટમાં મુસાફરોનો કોકપીટમાં ઘૂસવાનો નિષ્ફળ પ્રયાસ

### દિલ્હીથી મુંબઈ જતી ફ્લાઈટે ૭ કલાક મોડી ઉડાન ભરી



નવી દિલ્હી,તા.૧૫

સોમવારે, દિલ્હીથી મુંબઈ જઈ રહેલી સ્પાઈસજેટની ફ્લાઈટ (જીએ-૯૨૮૨) ના કોકપીટમાં બે મુસાફરોએ ઘુસવાનો પ્રયાસ કર્યો હતો. એરલાઈન કંપનીના જણાવ્યા અનુસાર, ક્રૂ મેમ્બર્સ, પાઈલટ અને અન્ય મુસાફરોના પ્રયાસો છતાં, તે બંને તેમની સીટ પર બેઠા ન હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ફ્લાઈટ ટેકઓફ માટે રનવે પર આગળ વધી રહી હતી. ત્યારબાદ, ફ્લાઈટને પાર્કિંગ વેમાં પાછી લાવવામાં આવી. બંને મુસાફરોને સીઆઈએસએફને સોંપવામાં આવ્યા. હંગામાને કારણે, બપોરે ૧૨:૩૦ વાગ્યાની ફ્લાઈટે લગભગ ૭ કલાક મોડી સાંજે ૭:૨૧ વાગ્યે ઉડાન ભરી હતી.અગાઉ ૧૩ જુલાઈના રોજ, સ્પાઈસજેટની પુણે-દિલ્હી ફ્લાઈટ જીએ-૯૧૪ને ટેકનિકલ ખામીને કારણે રનવે પરથી પાછી ફરવી પડી હતી. ફ્લાઈટ બપોરે ૧૨ વાગ્યે રવાના થવાની હતી, પરંતુ લગભગ ૯ કલાક મોડી પડ્યા બાદ રાત્રે ૯:૦૫ વાગ્યે ઉડાન ભરી હતી.કેટલાક મુસાફરોએ દાવો કર્યો હતો કે તેમને બે કલાક સુધી વિમાનની અંદર બેસાડવામાં આવ્યા હતા. જોકે, સ્પાઈસજેટે આ દાવાઓને નકારી કાઢ્યા હતા. સ્પાઈસજેટે કહ્યું - લગભગ એક કલાક પછી મુસાફરોને વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા. ટેકનિકલ સમસ્યાઓના કારણે, ફ્લાઈટને રનવેથી પાર્કિંગ વેમાં પાછી લાવવી પડી. મુસાફરોને ૨ કલાક સુધી વિમાનમાં બેસાડવાનો દાવો ખોટો છે.

### સરકારના પ્રયાસોને કારણે જ નિમિષાની સજા મુલતવી રાખવાનું શક્ય બન્યું

# યમનમાં ભારતીય નર્સ નિમિષા પ્રિયાને ફાંસી આપવાની સજા ટળી

### બિઝનેસ પાર્ટનર તલાલ અબ્દાની હત્યા કરવાનો આરોપ હતો



નવી દિલ્હી ,તા.૧૫

યમનમાં ભારતીય નર્સ નિમિષા પ્રિયાની ફાંસીની સજા મુલતવી રાખવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભારતીય મહિલાની ફાંસીની સજા ટાળવામાં આવી છે. યમનમાં ૧૬ જુલાઈએ તેને ફાંસી આપવાની હતી. ભારત સરકાર કેસની શરૂઆતથી જ નિમિષાના પરિવારને શક્ય તમામ સહાય પૂરી પાડી રહી છે. તાજેતરના સમયમાં, સરકારે નિમિષા પ્રિયાના પરિવારને બીજા પક્ષ સાથે વાટાઘાટો કરીને સર્વસંમતિપૂર્ણ ઉકેલ સુધી પહોંચવા માટે વધુ સમય આપવા માટે સતત પ્રયાસો કર્યા છે. ભારતીય અધિકારીઓ યમનની સના જેલના અધિકારીઓ અને યમનના સ્થાનિક અધિકારીઓ સાથે સંપર્કમાં છે. સરકારના પ્રયાસોને કારણે જ નિમિષાની સજા મુલતવી રાખવાનું શક્ય બન્યું છે.કેરળની નર્સ નિમિષા પ્રિયાને યમનમાં ફાંસી આપવાની હતી. તેના પર યમનના નાગરિકની હત્યાનો આરોપ છે. નિમિષા પ્રિયાનો જન્મ કેરળના પલક્કડ જિલ્લામાં શ્રમિક પરિવારમાં થયો હતો. નર્સિંગનો અભ્યાસ કર્યા બાદ તે વર્ષ ૨૦૦૮માં યમન ગઈ હતી. અહીં તે અલગ-અલગ હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી હતી.વર્ષ ૨૦૧૧ માં, તે ભારત પાછી ફરી અને કેરળના ઇડુક્કી શહેરના રહેવાસી ટોમી થોમસ નામના વ્યક્તિ સાથે લગ્ન કર્યા. થોડા સમય પછી બંને પતિ-પત્ની પાછા યમન ગયા અને યમનની રાજધાની સનામાં રહેવા લાગ્યા. ત્યાં તેણે એક દીકરીને જન્મ આપ્યો. વર્ષ ૨૦૧૫ માં, તેમની ઓછી આવકથી કંટાળીને, નિમિષા અને ટોમીએ પોતાનું ક્લિનિક ખોલવાનું નક્કી કર્યું. યમનમાં વિદેશીઓને બિઝનેસ કરવાની મંજૂરી ન હોવાથી નિમિષાએ યમનના તેના સાથીદાર તલાલ અબ્દો મહેદી નામના વ્યક્તિ સાથે બિઝનેસ શરૂ કર્યો હતો. સ્થાનિક લોકો ક્લિનિકમાં આવવા લાગ્યા. આ રીતે તેમનું ક્લિનિક શરૂ થયું હતું.

### સીએમ સિદ્ધારમૈયાએ પીએમ મોદીને પત્ર લખ્યો

# બ્રિજ ઉદ્ઘાટનના આમંત્રણ અંગે ગડકર -સીએમ વચ્ચે ચકમક

### કેબિનેટ સાથીઓએ વિરોધ કર્યો હતો

કર્ણાટક,તા.૧૫

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોમવારે (૧૪મી જુલાઈ) કર્ણાટકના શિવમોગામાં દેશના બીજા સૌથી લાંબા કેબલ-સ્ટેડ સિગંદૂર બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમના કેબિનેટ સાથીઓએ આ કાર્યક્રમનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે 'નીતિન ગડકરીએ અમને આમંત્રણ આપ્યું નહતું.'

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કેન્દ્ર પર પ્રોટોકોલનું ગંભીર ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે પત્રમાં દાવો કર્યો હતો કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે રાજ્ય સરકારની સલાહ લીધા વિના શિવમોગાના સાગરા તાલુકામાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને કોઈપણ પૂર્વ સૂચના વગર આમંત્રણ કાર્ડ પર તેમનું નામ લખાયું હતું.

અગાઉ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટમાં લખ્યું કે, 'સીએમ સિદ્ધારમૈયાને ૧૧મી જુલાઈના રોજ યોજાનાર કાર્યક્રમની અધ્યક્ષતા માટે સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સંબંધિત કોઈપણ સંભવિત પડકારને ધ્યાનમાં રાખીને, ૧૨મી જુલાઈના રોજ બીજો પત્ર મોકલવામાં આવ્યો હતો, જેમાં ડિજિટલ માધ્યમ દ્વારા તેમની હાજરીની અપીલ કરવામાં આવી હતી.'

### ડોક્ટરને બોલાવવામાં આવ્યા છતાં સારવાર ન મળી

# મધ્યપ્રદેશના રીવામાં નદીમાં ફસાયેલી ગર્ભવતી મહિલાનું મોત

### કલાકો સુધી ગર્ભવતી પીડાથી તડપતી રહી

રીવા,તા.૧૫

મધ્ય પ્રદેશના વિંધ્ય વિસ્તારમાં લીલા સાહૂના ગામના રસ્તા વકરી રહ્યો છે. સોમવારે રીવામાં ડિલિવરી માટે હોસ્પિટલ જઈ રહેલી પ્રસૂતાનું રસ્તામાં જ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ, ગર્ભવતી મહિલાને લઈ જતું વાહન મુશળધાર વરસાદને કારણે ભરાયેલી નદી પાર કરી શક્યું નહીં.

મળતી માહિતી મુજબ, ભનિગંવા ગામની રહેવાસી પ્રિયા રાની કોલની ગર્ભાવસ્થા દરમિયાન અચાનક તબિયત લથડી હતી. પરિજન તેને હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં મહના નદી વરસાદના કારણે છકલાઈ હતી અને તમામ લોકો એક બાજુ અટકી ગયા હતા. આશરે બે કલાક સુધી પ્રિયા રાની પ્રસવ પીડાથી તડપતી રહી. આ દરિમાયન ગામના એક ઝોલા છાપ ડોક્ટરને બોલાવવામાં આવ્યો હતો, જેણે પ્રસૂતાના મૃત્યુની પુષ્ટિ કરી. પરિજનોએ જણાવ્યું કે, સોમવારે (૧૪ જુલાઈ) અચાનક પ્રિયા રાનીને પ્રસવ પીડા ઉપડી. ત્યારબાદ ઘરના લોકો તેને હોસ્પિટલ લઈ જવા નીકળ્યા. જોકે, પૂરના કારણે હોસ્પિટલમાં પહોંચવામાં મુશ્કેલી આવી અને તબિયત વધુ ખરાબ થતા પ્રસૂતાનું અડધા રસ્તે જ મોત નિપજ્યું.પ્રિયાના સસરાએ જણાવ્યું કે, પૂરના કારણે પરિવારે આશરે ૪૦ કિલોમીટરનો ચક્કર લગાવીને મહિલાના મૃતદેહને પિયરથઈ સાસરે લવાયો, જ્યાં તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

### ટૂરિસ્ટ તરીકે પ્રવેશી રોજગારી મેળવવાના હતા

# નકલી વિઝા પર લક્ઝમબર્ગ જતાં ગુજરાતી ૭ મુસાફરો ડિપોર્ટ

### મુંબઈ એરપોર્ટ પર ૭ મુસાફરોની ધરપકડ

નવી દિલ્હી, તા.૧૫

નકલી શેંગેન વિઝાની મદદથી દુબઈ થઈને લક્ઝમબર્ગ જઈ રહેલા ગુજરાતના સાત પ્રવાસીઓને દુબઈ એરપોર્ટ પર ઈમીગ્રેશન દ્વારા અટકાયત બાદ ડિપોર્ટ કરી દેવાયા હતા. મુંબઈ આવી પહોંચેલા આ પ્રવાસીઓની મુંબઈ એરપોર્ટથી જ ધરપકડ કરવામાં આવી હતી. ટૂરિસ્ટ તરીકે લક્ઝમબર્ગમાં પ્રવેશી બાદમાં રોજગારી મેળવવાના ઈરાદાથી આ યાત્રીઓ નીકળ્યા હતા.મળતી માહિતી અનુસાર, ગુજરાતના કિશન નામના એજન્ટે આ સમગ્ર કારસો ઘડ્યો હતો. આ લોકોને ટુરિસ્ટ વિઝા અને નકલી શેંગેન વિઝા બનાવી આપવામાં આવ્યા હતા. તેમ જ એજન્ટે તેમને યુરોપિયન દેશોમાં મુસાફરી કરવા અને સ્થાયી થવા માટે વિગતો પૂરી પાડી હતી, તેવું આ લોકોએ પોલીસને જણાવ્યું હતું. સહાર પોલીસ હવે આ લોકોને નકલી વિઝા બનાવી આપનાર એજન્ટ કિશનને શોધી રહી છે.શુક્રવારે (૧૧મી જુલાઈ) રાત્રે ઈમીગ્રેશન અધિકારી વિષ્ણુ સાવંત મુંબઈ એરપોર્ટ પર પ્રવાસીઓના એરાઈવલ (આગમન)નું નિરીક્ષણ કરી રહ્યા હતા.આ દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે દુબઈ ઈમિગ્રેશન દ્વારા વિઝા ફ્લેગ કર્યા વિના સાત વ્યક્તિઓને દુબઈથી ડિપોર્ટ (દેશનિકાલ) કરવામાં આવ્યા છે. આ પ્રવાસીઓને તરત જ અટકમાં લઈ ત્યારબાદ આ ઈન્ચાર્જ સૂરજ યાદવ અને મોનિલ કૌશિકને સોંપવામાં આવ્યા હતા.

### આરટીઆઇમાં ખુલાસો :૧૭ મહિનામાં ૧૧ મેડે કોલ

# ભારતમાં છલ્લા ૫ વર્ષમાં ૬૫ ફ્લાઈટ્સના એન્જિન બંધ થયા!

### હવામાં અને ટેકઓફ સમયે જ શટડાઉન

નવી દિલ્હી, તા.૧૫

ભારતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૬૫ ફ્લાઈટ્સમાં ઉડાન દરમિયાન હવામાં અથવા ટેકઓફ કરતી સમયે એન્જિન બંધ (શટડાઉન) થયું હતું. જેથી જાણી શકાય છે કે દર મહિને ઓછામાં ઓછી એક ફ્લાઈટનું એન્જિન બંધ થયું! જોકે, બધા મામલે પાઈલટ એક જ એન્જિનથી વિમાનને નજીકના એરપોર્ટ સુધી પહોંચાડવામાં સફળ રહ્યા હતા. આ જાણકારી ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(DGCA) થી સૂચનાના અધિકારી (RTI) હેઠળ મળી છે. જોકે, અમદાવાદ દુર્ઘટનાના શરૂઆતી તપાસ રિપોર્ટથી જાણવા મળ્યું હતું કે વિમાનના બંને એન્જિન બંધ થવાના કારણે આ દુર્ઘટના થઈ હતી. RTI રિપોર્ટથી એવું પણ જાણવા મળ્યું છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી ૩૧ મે, ૨૦૨૫ વચ્ચે ૧૭ મહિનામાં ૧૧ ફ્લાઈટ્સથી 'મેડે' કોલ આવ્યો. તેમાં ટેકનિકલ ગડબડીની સૂચના આપીને ઈમરજન્સી લેન્ડિંગની માગ કરવામાં આવી. તેમાંથી ચાર પાઈલટ્સે હૈદરાબાદમાં લેન્ડિંગ કર્યું હતું.

RTI રિપોર્ટમાં ૧૨ જૂન દુર્ઘટનાગ્રસ્ત થયેલું બોઈંગ ડ્રીમલાઈનર અને ૧૯ જૂનના ઈન્ડિગોની ગુવાહાટી-ચેન્નઈ ફ્લાઈટ સામેલ હતી નહીં. ફ્યુઅલ ઓછું હોવાના કારણે ઈન્ડિગો ફ્લાઈટ ડાયવર્ટ કરી દેવામાં આવી હતી.

શહેરોનું તાપમાન (મહત્તમ)

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |
|---|---|---|---|
| 35.6° | 34.2° | 32.9° | 34.4° |

હવામાન વિભાગ: શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાનનો પારો ૩૪.૨ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૪ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા
જનસત્તા

બરોડા ડેરીના ડિરેક્ટરના નામે રાજપુર દૂધ મંડળીમાં દૂધ ભરાતું હોવાની તા.પં.ના સભ્ય દ્વારા ફરિયાદ પછી આક્ષેપ-પ્રતિઆક્ષેપમાં ઉફાણો

# ભ્રષ્ટાચાર અંગે ચૂપ કેમ?: ડેરીના ડિરેક્ટરે સાવલીના ધારાસભ્ય સામે મોરચો માંડ્યો

## રાજપુર દૂધ મંડળીમાં હું સભ્ય નથી કે મારું દૂધ પણ ભરાતું નથી, વેજપુર દૂધ મંડળીમાં હું પ્રમુખ છું : કુલદીપસિંહ રાઉલજી



### ડેસરમાં એક ટીપું દૂધ ભર્યું નથી છતાં હું મતદાર હતો



બરોડા ડેરીના ડિરેક્ટરની પ્રેસ કોન્ફરન્સ બાદ ડેસર એપીએમસીના પૂર્વ પ્રમુખ રાજેશ પટેલ અને ડેસર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજદિપસિંહ પરમારે કહ્યું હતુ કે, ડેરીમાં ત્રણ ટર્મ ડિરેક્ટર અમેજ બનાવ્યા છે. પરંતુ જે મત ન હતાં આપતા તેવી ૧૦ થી ૧૫ ડેરીઓ બંધ કરી દીધી હતી. ચૂંટણી પતે એટલે રીઝલ્ટ જોઈને પછી કમિટી બદલાય તો ચાલું કરવાની આજની તારીખે ૭ થી ૮ ડેરીઓ બંધ હોવાનો આક્ષેપ કર્યો હતો. ડેસર ગામમાં એકપણ ટીપુ દૂધ નથી ભર્યું છતાં પણ હુ મતદાર હતો. બે ટર્મ મે કુલદિપસિંહના ઈશારે મત આપ્યો હતો. એક રૂપિયો ત્યાંથી લીધો નથી.હા હુ ગુનેગાર છુંજ તેમ પણ કહ્યું હતુ. એવી બીજી ૧૫ તાલુકા બહારની ડેરીના ઠરાવ હતા. ૪-૫ તો જિલ્લા બહારના હતા. તેમણે વ્યક્તિગત નામ લીધુ એટલે ખુલાસો કરવા આવ્યા હોવાનું કહેતા પોલીસ અને જિલ્લા રજીસ્ટ્રારને અરજી આપી છે. તેની તપાસ થશે તેમ કહ્યું હતું.

વડોદરા, તા.૧૫

જિલ્લાના ડેસર તાલુકાના શિહોરા-૨ ના સભ્યએ બરોડા ડેરીના ડિરેક્ટર અને વેજલપુર દૂધ મંડળીના પ્રમુખ સામે રાજપુર દૂધ મંડળીમાં દૂધ ભરાતું હોવાના આક્ષેપ સાથે પોલીસ મથકે ફરિયાદ આપવામાં આવી હતી. ત્યારે આ આક્ષેપ સામે બરોડા ડેરીના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, આગામી ડિસેમ્બર -૨૦૨૫ માં બરોડા ડેરીની ચૂંટણી આવતી હોવાથી મારા વીરોધીઓ સક્રિય થઈ ગયા છે. અને આ બધું સાવલીના ધારાસભ્યના ઈશારે થઈ રહ્યુ હોવાનું તેમજ સાવલી તાલુકામાં વિકાસ કામો થતાં નથી અને મોટાપાયે ગેરકાયદેસર કામો અને ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

ડેસર તાલુકા પંચાયતના સભ્ય રાજદીપસિંહ સોઢા પરમાર દ્વારા કુલદીપસિંહ રાઉલજી સામે પોલીસ મથકમાં આપેલી અરજી બાદ આજે બરોડા ડેરીના ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વેજપુરનો વતની છું, વેજપુર દૂધ મંડળીમાં હું પ્રમુખ છું. રાજપુર દૂધ મંડળીમાં મારા નામની પાવતી ખોટી હોઈ શકે છે. રાજપુર દૂધ મંડળીમાં હું સભ્ય નથી કે મારું દૂધ પણ ભરાતું નથી. બેંકમાં મારા નામની એન્ટ્રી બતાવો, કોઈ જગ્યાએ પેમેન્ટ રજીસ્ટર ઉપર મારી સહી હોય તો બતાવો પુરાવો બતાવો. તાલુકા પંચાયતના સદસ્ય આગામી આવી રહેલી બરોડા ડેરીની ચૂંટણીના કારણે મારી સામે ખોટી ફરિયાદ કરી રહ્યા છે.


તેમણે આક્ષેપ કરતા જણાવ્યું કે, સાવલીના ધારાસભ્યના મળતિયાઓ દૂધ મંડળીના પ્રમુખ મંત્રીઓને હેરાન કરે છે. આગામી ડેરીની ચૂંટણી માટે ઠરાવ મારા તરફેણમાં થઈ રહ્યા હોવાથી પોલીસનો દુરુપયોગ કરી રહ્યા છે. પરંતુ ડેરીની ચૂંટણી હું લડવાનો છું. મને ૭૯ મત મળશે અને હું જીતવાનો છું. વધુમાં તેમણે કહ્યું હતુ કે, વર્ષ ૨૦૨૨ માં હું વિધાનસભાની ચૂંટણી લડ્યો હતો. વિધાનસભાની ચૂંટણીમાં મેં ઉમેદવારી કરી ત્યારથી ધારાસભ્યને બરોડા ડેરી દેખાય છે. ૪ વર્ષથી બરોડા ડેરીમાં કઈ શોધી શક્યા નથી. મને દબાવવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ હું ડરવાનો નથી.

તેમણે જણાવ્યું કે, સાવલી તાલુકામાં મહી નદીમાં રેતી ખનન થાય છે તો ધારાસભ્ય કેમ કઈ બોલતા નથી. કોટના, ભાદરવા, પોઈચા, જૂના કનોડા સહિત અનેક વિસ્તારમાં રેતી ખનન થઈ રહ્યું છે. સાવલી નગરપાલિકામાં પણ બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

શહેરમાં લાગેલા ૨૨૦૦થી વધુ કેમેરાથી હવે નિરીક્ષણ કરી શકાશે

# ખાડા નહીં પૂરનારની હવે ખેર નહીં

## મ્યુ.કમિ.નું ઓફિસમાંથી મોનિટરિંગ શરૂ



વડોદરા, તા. ૧૫

વડોદરા શહેરમાં વિવિધ વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેનું મોનીટરીંગ કમાન્ડિંગ સેન્ટર ખાતેથી કરવામાં આવે છે. હવે આ લિંક મ્યુનિસિપલ કમિશનરે પોતાની કેબિનમાં પણ લીધી છે જેથી તેઓ પોતાની ઓફિસમાં બેઠા બેઠા શહેરના તમામ રસ્તાઓ ઉપર શું સ્થિતિ છે તે અંગેની માહિતી મેળવી શકશે. શહેરમાં પડેલા ખાડાઓ પુરવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા કડક સૂચના આપવામાં આવી છે ત્યારે આ વિસ્તારોમાં યોગ્ય કામગીરી થઈ રહી છે કે નહીં તે અંગેનું મોનીટરીંગ પણ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ઓફિસમાં બેઠા બેઠા કરવામાં આવશે.

શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા ઉપરાંત નાગરિકોને સારી સુવિધા મળે તે દિશામાં પાલિકા દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા ચોમાસા દરમિયાન શહેરમાં પડેલા કહાડાઓને ત્વરિત પુરાણ કરવા તેમજ જે લોકો જવાબદાર છે તેઓ સામે કાર્યવાહી કરવા માટેની કડક સૂચના આપવામાં આવી હતી. શહેરના રસ્તાઓ ઉપર હાલમાં શું સ્થિતિ છે તે જાણવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા વિવિધ વિસ્તારમાં લાગેલા ૨૨૦૦ થી વધુ સીસીટીવી કેમેરાનું એક્સેસ પોતાની ઓફિસમાં લઈ લીધું છે. અગાઉ સીટી કમાન્ડિંગ સેન્ટર ખાતે આ કેમેરાઓ થકી મોનીટરીંગ કરવામાં આવતું હતું. પરંતુ હવે કમિશનર પોતાની ઓફિસમાં બેસીને જ તેનું મોનીટરીંગ કરી શકશે. તેઓ ગમે ત્યારે ગમે તે વિસ્તારનું રેન્ડમ મોનીટરીંગ કરી શકશે.

### અધિકારીઓ સ્થળ ઉપર છે કે નહીં તે અંગેનું પણ મોનિટરિંગ થઇ શકશે

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ અધિકારીઓ અને વોર્ડ ઓફિસરોને કડક સૂચના આપી સ્થળ ઉપર જઈને કામગીરી કરવા માટેનો આદેશ કર્યો હતો. હવે શહેરમાં કોઈ સ્થળે કામગીરી ચાલતી હોય ત્યાં અધિકારી કે વોર્ડ ઓફિસર હાજર છે કે નહીં તે ઓફિસમાં બેઠા બેઠા જાણી શકાશે. શહેરમાં કામગીરીને વેગવંતી બનાવવા તેમજ અધિકારીઓ ઉપર નજર રાખવા માટે પણ આ લિંક ખુબ ઉપયોગી સાબિત થશે. કમિશનરની ઓફિસમાં આ એક્સેસ આવી જતા કેટલાક અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા શહેરના ૪૧ બ્રિજ સલામત, ૨ કાયમી ધોરણે બંધ

# વડોદરા કોર્પોરેશન હદમાં આવતાં ૪૩ પુલોનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન

## કોર્પોરેશનના જુદા જુદા વિભાગના ૨૪ કોન્ટ્રાક્ટરને દંડ ફટકારાયો



વડોદરા, તા.૧૫

વડોદરા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરમાં ચોમાસાને કારણે સર્જાયેલા ખાડાઓ, ભુવાઓ અને પૂલોની સ્થિતિને લઈને યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. મહાનગરપાલિકાની વિવિધ ટીમો દ્વારા શહેરના માળખાકીય સુવિધાઓની જાળવણી અને સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની હદમાં આવેલા કુલ ૪૩ બ્રિજનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું છે. જે પૈકી ૪૧ બ્રિજો સલામત જણાયા છે. બાકીના ૨ બ્રિજો ટ્રાફિક અને રાહદારીઓ માટે સલામત ન હોવાથી તેમને કાયમી ધોરણે બંધ કરવામાં આવ્યા છે.

વડોદરા મ્યુનિ. કોર્પોરેશનમાં કામ કરતા ૨૪ ઈજારાદારોને તેમની કામગીરીમાં ક્ષતિ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. આમાં પાણી પુરવઠા વિભાગના ૧૦ કોન્ટ્રાક્ટર, ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના ૬ કોન્ટ્રાક્ટર અને રોડ પ્રોજેક્ટ વિભાગના ૮ કોન્ટ્રાક્ટરનો સમાવેશ થાય છે. આ ઈજારદારોએ પોતાના ખર્ચે રોડ રિસ્ટોરેશન અને ખામીયુક્ત કામગીરીને સુધારવાની રહેશે. રોડ રિપેરિંગ માટે એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પણ તૈયાર કરવામાં આવી છે, તે મુજબ ખાડા પૂરવાની અને રોડ રિસ્ટોરેશનની કામગીરી કરવામાં આવે છે.

શહેરના તમામ જાહેર રસ્તાઓ પર જોખમી જણાયેલા અને નમી ગયેલા વૃક્ષોના ટ્રીમિંગ અને કટિંગની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે, જેથી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષ સ્થાને ૩ રિવ્યૂ બેઠક યોજવામાં આવી

# વિવિધ પ્લેટફોર્મ ઉપરથી મળતી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરો : અરુણ મહેશ બાબુ

## શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રીમ લાવવા માટે વિવિધ કાર્યવાહી કરવા સૂચના

વડોદરા, તા. ૧૫

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે આજે મ્યુનિ.કમિશનર અરુણ મહેશબાબુના ના અધ્યક્ષ સ્થાને વિવિધ વિભાગોની કામગીરી બાબતેની પ્રગતિ અને સમીક્ષા અંગે અધિકારીઓ સાથે ૩ રીવ્યુ મીટીંગ યોજાઈ હતી. આ રીવ્યુ મિટિંગમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા તેમજ સૂચનાઓ આપવામાં આવી હતી.

રીવ્યુ બેઠકમાં વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. નદી પર કરવામાં આવેલ ડ્રેજીંગની કામગીરી અને સીકોન કંમ્પની દ્વારા રજૂ કરવામાં આવેલ ડીઝીટલ એલીવેશન મોડલ ચકાસણી કરી આગામી સમયમાં નવલાવાલા કમીટી સમક્ષ રજૂ કરવામાં આવશે. અને એચઈસી -આરએએસ મોડલના આધારે ૩ સીમ્યુલેશન છે.

હાલ કેટલુ વોલ્યુમ ઓફ વોટર કેરી કરી શકાય અને અનવોન્ટેડ ડીઝાસ્ટરની શું પરિસ્થિતિ રહેશે શુ કામગીરી કરી શકાય અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિ માટે બ્રીજ નીચેથી પસાર થતા વોલ્યુમમાં ભવિષ્યના આયોજન માટે રીડીઝાઈન અંગે તેમજ વિશ્વામિત્રીમાં ઉપરવાસમાંથી આવતા પાણીને મહિસાગર, સૂર્યા અને ઢાઢર નદીમાં કેવી રીતે ડાઈવર્ટ કરી શકાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ રીવ્યુ મીટીંગમાં મ્યુનિ.કમિશનરએ વડોદરા શહેરના નાગરિકો તરફથી કામગીરી અને સમસ્યા બાબતે જુદા-જુદા પ્લેટફોર્મ મારફતે કરવામાં આવતી અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા અને કરેલ પોઝીટીવ કામગીરીનો રીપોર્ટ રજૂ કરવા, તેમજ જેતે વોર્ડને લગતી ફરિયાદોનો વોર્ડમાં જ તાત્કાલિક નિકાલ થાય તેને પ્રાધાન્ય આપવુ, સાથે જ ઉચ્ચ અધિકારીઓએ સતત ઝોનમાં અને વોર્ડમાં સ્થળ મુલાકાત કરવી અને જે તે સ્થળે ચાલતી કામગીરી તેમજ સફાઈનું નિરિક્ષણ કરવુ, ડ્રેનેજ ચોકઅપ, રોડ રીપેરીંગ અને ૩૩૦૦ જેટલા ખાડાઓ પૂરવા અને તેની પ્રગતિ, પાણીની લાઈનમાં લિકેજ વિગેરે જેવા કામો ગણતરીના દિવસોમાં જ પૂર્ણ કરવા અને કામ કરવામાં બેદરકારી દાખવનાર કે વિલંબ કરનાર એજન્સીને પણ દંડ કરવો, તમામ વોર્ડમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવી અને સ્વચ્છ વડોદરાની દિશામાં કામગીરી કરવી, શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સીગનલ તેમજ સ્ટ્રીટ લાઈટ સુવિધા ન ખોરવાય તેની તકેદારી રાખવા સંબધિત અધિકારીઓને

### ભવિષ્યમાં ૩ ઝોનમાં હોટમિક્સ, કોલ્ડમિક્સ પ્લાન્ટ કાર્યરત કરાશે

શહેરના માર્ગો સુયોગ્ય બનાવવા હેતુથી રોડ રસ્તા બનાવવાના ઉપયોગમાં લેવામાં આવતા હોટમીક્ષ અને કોલ્ડમીક્ષ મટીયલ માટે હાલ એક પ્લાટ કાર્યરત છે. ભવિષ્યના અયોજન માટે અન્ય ૩ ઝોનમાં બનાવવામાં આવશે. ફાયર વિભાગે શહેરની હાઈરાઈટ્સ બિલ્ડીંગ્સ અને અન્ય ઈમારતોની ફાયર એનોસી બાબતે તપાસ કરી ચકાસણી કરવા અધિકારીઓને સૂચનો કર્યા હતા.

### કોર્પોરેશનના પ્લોટ ઉપર પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના વિસ્તારમાં સફાઈની ગુણવતા વધારવા અને દબાણ શાખાની ટીમે જાહેર માર્ગો પર બિનઅધિકૃત દબાણોને તાત્કાલિક દૂર કરવા અને જાહેર માર્ગોને ખુલ્લા કરવા, આરોગ્ય વિભાગની ટીમોએ આરોગ્યલક્ષી કામગીરી કરવા સૂચના આ આપવામાં આવી હતી. શહેરમાં આડેધડ પાર્કિંગ ન થાય તે માટે કોર્પોરેશનના પ્લોટ ઉપર પણ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન આગામી સમયમાં કરવામાં આવશે.

આજવા સરોવર તેમજ ઉપરવાસમાં બે દિવસમાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો | આજવા સરોવરની સપાટી ૨૧૧.૩૫ ફૂટ પર પહોંચતા પાલિકા દ્વારા નિર્ણય

# સીઝનમાં પ્રથમ વખત આજવા સરોવરના ૬૨ દરવાજા ખોલી પાણી છોડાયું



આજવામાંથી પાણી છોડાતાં સાંજે વિશ્વામિત્રીની સપાટી ૧૦.૨૦ ફૂટ થઈ

વડોદરા, તા.૧૫

વડોદરા શહેરને પિવાનું પાણી પુરૂ પાડતાં આજવા સરોવર અને ઉપરવાસમાં ભારેથી અતિભારે વરસાદ થતાં સપાટીમાં સતત વધારો થવાથી કોર્પોરેશન દ્વારા સલામતીના ભાગરૂપે આજવા સરોવરના ૬૨ દરવાજા ગત મોડી રાત્રે ૧૧-૩૦ કલાકે ખોલવામાં આવ્યા હતા. જેના કારણે શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીની સપાટી વધીને આજે સાંજે ૧૦.૨૦ ફૂટે પહોંચી હતી. આજવા સરોવરની સપાટી ૨૧૧ થઈ ગયા બાદ દરવાજા બંધ કરી દેવામાં આવશે. પાલિકા દ્વારા આજવાની સપાટી મેન્ટેન કરવા શરૂ કરવામાં આવેલા પંપોને હાલ બંધ કરવામાં આવ્યાં છે.

વડોદરા શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં પિવાનું પાણી પુરૂ પાડતાં આજવા સરોવરના ઉપરવાસમાં છેલ્લા બે -ત્રણ દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે આજવા સરોવરની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. આજવાની સપાટી ગત રાત્રે ૨૧૧.૩૫ ફૂટે પહોંચી જતા મોડી રાત્રે ૧૧:૩૦ કલાકે આજવા સરોવરના ૬૨ દરવાજા સલામતીના ભાગરૂપે ખોલવામાં આવ્યા હતા. જેથી પરિણામે વિશ્વામિત્રી નદીની સપાટી વધીને આજે સાંજે ૧૦.૧૫ ફૂટ થઈ હતી.પાલિકાના સૂત્રોએ કહ્યું હતુ કે, સલામતીના ભાગરૂપે પગલા ભરવામાં આવી રહ્યા છે. કોર્પોરેશન દ્વારા આજવા સરોવરનું લેવલ મેન્ટેન રાખવા માટે ૧૪ ડિસ્ચાર્જ પંપ લગાવવામાં આવ્યા છે. પરંતુ વીજળીની બચત થાય અને હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી અને હાલમાં વડોદરા અને કેચમેન્ટ વિસ્તારમાં વરસાદ ન હોવાથી પંપ બંધ કરીને આજવા સરોવરના દરવાજા ખોલવામાં આવ્યા હતા.

આજવા સરોવરની સપાટી ૨૧૧ ફૂટ થયા બાદ દરવાજા બંધ કરી દેવામાં આવશે. તેમજ વિશ્વામિત્રી નદીની સપાટી ૧૪ ફૂટે પહોંચશે તો પણ દરવાજા બંધ કરી દેવામાં આવશે. જ્યારે આજવા સરોવરની સપાટી ૨૧૧ ફૂટ થયા બાદ પંપ ચાલુ કરી સરોવરનુ લેવલ ૨૦૮ ફૂટ કરવામાં આવશે.ઉલ્લેખનિય છે કે, આજે સાંજે આજવાની સપાટી ૨૧૧.૪૯ ફૂટ અને વિશ્વામિત્રી નદીની સપાટી ૧૦.૨૦ ફૂટ નોંધાઈ હતી.